**સમાધાનીના સૂર.**

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.


# પ્રબુદ્ધ જૈન.


સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| તંત્રી: રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૩૫ મો. |
| સહતંત્રી: કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૧-૭-૩૭. |


## સેવાના સંદેશ

તેના આગમનને પચ્ચીસો પચ્ચીસો વર્ષનાં વ્હાણાં વાયાં, તે આવ્યા, મહાશકિતની છોળો ઉરાડતા, કાળજુના આર્યાવર્તને કાંઠે, ઘવાયેલી, અવળે પંથે વળેલી, ખિન્નહ્રદયા માનવ જાતને સવળે રસ્તે વાળવા, તેને સાથ દેવા, આત્મભાન કરાવવા તે આવ્યા. તેના પ્રેમના, અહિંસાના, સત્યના, સહનશીલતાના, મરદાનગીના સંદેશ અનેરા હતા. આર્યાવર્તનાં માનવબાલોમાં નવચેતનના પૂર રેડતા હતા. તેના સેવાજીવનના ઉંચ આદેશ જગતને ડોલાવતા હતા.

આજે જીવન સંગ્રામમાં આપણને આજ શિક્ષણની જરૂર છે. કાર્યના, હિંમતના, મર્દાનગીના, પ્રેમના, અહિંસાના, મહાઆદેશો એજ પ્રભુની પ્રેરણા નથી? "ભાગતો મા; તારા જીવન સંગ્રામમાંથી ભાગતો માં, તારી ફરજમાં લીન થઇ રહેજે."

"ઓ! પિતા મહાવીરના પુત્ર! જીવન છાયામાં ખડો રહે, જાતિની સેવા કર!"

"ઓ માનવ! તારી જાતને તું કંગાલ કલ્પતો માં. તું વીર્યહિન પ્રાણી નથી, તું અમૃત છે! તું દૈવી તેજ છે!"

આજે પિતા મહાવીરના પુત્રો તે સંદેશ દીનતાથી વાંચે છે, વિખુટાયેલા, ગાડરીયા પ્રવાહમાં તે ખેંચાયા છે, તેમને સેવાને એક પંથે વાળવાની જરૂર છે. સ્વાર્થી એકાંતમાંથી ઢંઢોળવાની આવશ્યકતા છે. "ઉઠ! ઓ યુવાન! આંખ ઉઘાડ, અને જો તારી આસપાસ અજ્ઞાન અને વ્હેમના સામ્રાજ્ય સ્થપાયાં છે. યુવાન! ઉઠ અને જો કે તારા ફરતાં જુદાઇ અને પ્રેમ હીનતાના કોટ ચણાયા છે. અને તેમાંથી આત્મ નબળાઇના ઉઠતા સૂરો સાંભળ? પ્રવૃત્તિથી તું કેટલા વખત સુધી પછાત રહ્યો છે, અને વિચાર કે જ્યાં સુધી પ્રજા આળસ ખંખેરી ઉઠતી નથી, ત્યાં સુધી આગળ વધવાની આશા-સિદ્ધિ બહુ દૂર છે, અને તે કાજેજ તને કહું છું,

**ઓ યુવાન! ઉઠ!**

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

(આચારાંગ સૂત્ર.)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૧-૭-૩૩.


## સમાધાનીના સૂર.

ભૂતકાળનાં ઇતિહાસ તરફ નજર કરશું તો ગુજરાતમાં જૈન સમાજ અગ્રસ્થાન ભોગવતું હતું. તેના અગ્રગણ્ય મહાત્માઓ અને શ્રાવકો દેશ અને સમાજના હિતમાં જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે સેવા કરવામાં પાછી પાની કરતા નહિ. પરંતુ જ્યારથી તે દિશા બદલાઇ અને સેવાને બદલે સ્વાર્થ-સાધના શરૂ થઇ ત્યારથી પડતીના પગરણ મંડાયા તેમ કહેવું વધારે પડતું નથી. વર્તમાન યુગમાં સામાજીક અને ધાર્મિક દૃષ્ટિએ આપણે સમાજની સ્થિતિનો વિચાર કરશું તો તેનું અધઃપતન થઇ રહ્યું છે, એટલે દિવસે દિવસે તેની નૌકા તોફાનમાં જ ઘસડાતી જાય છે, તેમાંયે સમાજની પડતી જ ઇચ્છનારો, સમાજ માટે લેશ પણ દરકાર નહિં રાખનારો, અને રૂઢી અને ક્રિયાકાંડ પાછળ પાગલ બની જેમ આવે તેમ ઉપદેશ આપનારો વર્ગ જ્યારથી બહાર આવ્યો, ત્યારથી સમાજમાં વિરોધનો વંટોળ જોરથી ફુંકાઇ રહ્યો હતો. છતાં માતા પિતા, પત્નિ અને બાળબચ્ચાંને રડતાં, રઝળતાં રાખી તેમની રજા કે ભરણ પોષણના બંદોબસ્ત વિના લાયક કે નાલાયક જે આવ્યો તેને, તેમ સગીર બાળકોને નસાડીને, ખરીદીને-અયોગ્ય દીક્ષા આપવાની પ્રવૃત્તિને નિર્લજ રીતે કોઇ ખાનગીમાં ને કોઇ જાહેરમાં આદરી રહ્યા હતા અને તેને તેમના ગણ્યાગાંઠ્યા ભક્તો પોષી રહ્યા હતા. આથી જૈન સમાજની જર્જરીત થઇ તોફાનમાં સપડાયેલી નૌકા ડુબું ડુબું થતી કોઇ નિડર, બાહોશ, ને સમાજને ધર્મ માટે ધગશ ધરાવતી સેવાભાવી માણસ (કપ્તાન) ની વાટ જોતી હતી. છતાં જૈન સમાજના કમભાગ્યે હજુ સુધી કોઇ સાચો સેવક બહાર આવ્યો નથી.

અત્યાચારીઓની પાપલીલાઓથી, અયોગ્ય દીક્ષાના અખાડાઓથી, ક્રિયાકાંડને રૂઢીમાં ધર્મના નામે થતી ઘેલછાથી સમાજની ખરી કમાણીના પૈસા અયોગ્ય દીક્ષાએ વહી જતા હોવાથી પ્રભુ મહાવીરના હુકમને ઉંચો મુકી, જેમ આવે તેમ આચરતા અને ઉપદેશતા સાધુ-સાધ્વીઓની વર્તણુંકથી જૈન સમાજમાં વિરોધનો વંટોળીયો જોરથી ફુંકાયો અને તેની હવા શહેરોમાં, ગામડામાં અરે! ઘેરે ઘેર પહોંચી વળી.

હવા, પાણી અને સુખસગવડનું ધામ હોવાથી આ વિરોધના વંટોળીયાએ ગુજરાતના ઘરે ઘરે જાગૃતિ આણી, એટલે યુવાનો સાચા રાહના પથે ધપવા માંડ્યા એ વિરોધીઓથી એટલે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓથી ન સહન થયું, તેથી કલેશ કંકાસના પેઢારા રચાયા, સંઘો બન્યામાં પડ્યા, તેની અવગણના થઇ ત્યારે જેનું રાજ્ય સારાયે ગુજરાતમાં પથરાયેલું છે, સુધારક રાજવી તરીકે જેની ખ્યાતી છે, તેવા નામદાર ગાયકવાડ સરકારના રાજ્યની ધારાસભાએ અયોગ્ય દિક્ષા અટકાવતનું અને યોગ્ય દીક્ષાને સંમતિ આપતું એક બીલ પસાર કર્યું, (જેને રૂંધવા વિરોધીઓ તરફથી અનેક ષડયંત્રો ગોઠવાયેલા આ કથની ઘણી લાંબી છે, એટલે તેમાં ન ઉતરતાં મૂળ મુદ્દા ઉપર આવીયે) અને થોડા મહિનામાં હજુર સંમતિ થતાં કાયદા તરીકે બહાર પડશે, એમ નક્કી હોવાથી અયોગ્ય દીક્ષાના હિમાયતીઓએ દોડાદોડ આદરી અને ડાહ્યા ડમરા બની જઇ સમાધાનની હવા ફેલાવવાની શરૂઆત આદરી છે.

**સમાધાન—**

સમાધાન શેઠ છે. એવો કોઇક જ પાપાત્મા હશે હશે કે જે સમાધાન ન ઇચ્છે! સૌ ઇચ્છે. તેમાંજ સમાજની પ્રગતિ છે, તેમાંજ શોભા છે, પરંતુ એ સાચું સમાધાન હોવું જોઇએ. પ્રગતિના પથે લઇ જનારૂં હોવું જોઇએ. બાકી વડોદરા રાજ્યના અયોગ્ય દિક્ષા એક્ટ સામે રમત રમવા અંગે આવી ચાલ ચલાતી હોય તો એ રમતના આગેવાનો સમજી લેશે કે હવે એવી રમતો રમવાના દિવસો વહી ગયા છે. હવે તો નીખાલસ ભાવે સમાજ અને ધર્મની પ્રગતિને અંગે સાચી વીચારણાઓ શરૂ થાય, તોજ સાચું સમાધાન થશે.

હાલમાં સમાધાનની જે વાતો બહાર આવી છે-આવે છે, તેમાં કંઇક રમત જેવું લાગે છે એટલે તે અંગે વધુ વીચારણાની જરૂર લાગવાથી અમારા વિચારો રજુ કરીએ છીએ, એટલે કોઇ એવો નિર્ણય ન કરે કે અમે શાન્તિના ઉપાસકો નથી. અમે સમાજમાં નામની શાન્તિ નથી ઇચ્છતા. પરંતુ સાચી શાન્તિ ઇચ્છીએ-સાચી સુધારણા ઇચ્છીએ છીએ.

અયોગ્ય દિક્ષાનું મુખ્ય ધામ 'ગુજરાત' એ સૌ સારી પેઠે જાણે છે, એ ગુજરાતમાં ગાયકવાડ સરકાર કાયદા ઘડે એ તેના હિમાયતિઓને ન ખાલવે એ પણ સમજી શકાય તેવી વાત છે. આ કાયદો ધારાસભામાંથી પાસ થતાં તેના વિરોધીઓએ દોડાદોડી આદરી અને તેમનું મુખ્ય પત્ર 'વીરશાસન' કહે છે તે પ્રમાણે અંધેરી મુકામે તેની મંત્રણા ચાલી અને સમાધાન કરવાના વધુ મજબુત પ્રયાસની જરૂરીઆત જણાઇ, અને સોસાયટીનાં આગેવાનો ભાવનગર જઇ આચાર્ય વિજયનેમિસૂરિને વિનવણી કરી અને વિચારણા બાદ સાધુ સંમેલન ભરવાનો નિર્ણય થયો, ત્યારે ભાવનગર જૈન સંઘના મુખ્ય આગેવાનો હાજર હતા એમ વીરશાસન કહે છે.

ભાવનગરથી એક ડેપ્યુટેશન (જેઓને કોઇએ નીમ્યા નહોતા) પાટણ બિરાજતા આચાર્ય વિજયવલ્લભસૂરિને મળ્યું, અને તેમણે પણ સંતોષ દેખાડ્યો.

આ સર્વ હકિકતો ઉપરથી એટલું સમજાય છે કે ચોમાસું ઉતરે ગુજરાતમાં કોઇ સ્થળે નેમિસૂરી સાધુ સંમેલન બોલાવશે, અને ચર્ચા થશે, અને નેમિસૂરી છેવટનો નિર્ણય આપશે, અને બન્ને પક્ષો કબુલ રાખશે. આ પણ ન સમજાય તેવી વાત છે, કારણ કે એક બાજુ સાધુ સંમેલનની વાતો થાય છે, અને બીજી બાજુ નેમિસૂરિની લવાદીની વાત થાય છે અને તે પણ કયા પ્રશ્નની લવાદી? એ પણ કહ્યું નહિં! બહું એ બધિ બાબત, છતાં તેને બહુ મહત્તા આપતાં પેપરો દીક્ષાનો પ્રશ્ન મહત્તાનો હોય એમ લાગે છે.

દિક્ષા જેવી પવિત્ર વસ્તુની આટલી વગોવણી કરાવી તેના સ્થાનેથી નીચે પાડનાર શ્રાવકો નથી, પણ સાધુઓ છે, કારણ

દીક્ષા આપવાનો તેમનો ધંધો છે, તેમાંએ જેઓ એ પદ્ધતિઓને ખુલ્લી રીતે આચરી રહ્યા છે તેઓ જૈન સમાજની નજરે ચડેલા છે અને જેઓ ખાનગીમાં આચરે છે તેઓ છુપું કરનારા છે તેથી જેગનાં નામો અજાણ્યા છે તેમનો પત્તો નથી, કારણ કે તેમને વગોવણીથી સમાજમાં હલકા પડવું પાલવે તેમ નથી, અથવા નિડર નથી. બાકી તો બધાંએ એટલે સાધુ સમુદાયમાં પંચાણું ટકા અયોગ્ય દીક્ષાના હિમાયતી છે, કોઇ છુપાં કરે છે ને કોઇ જાહીરીએ ચઢીને કરે છે તેઓ દીક્ષાના સંબંધમાં નિર્ણય કરી શકે ?

તેઓ તો અયોગ્ય દિક્ષાના ઉપાસકોજ છે, એટલે તો અત્યારસુધી શું ચાં કર્યા સિવાય ચાલવા દીધું. કોઇ આચાર્ય કે પન્યાસે અયોગ્ય દીક્ષા સામે વાંધો ઉઠાવ્યો છે? દીક્ષાના પ્રશ્નમાં બધાએ એક માળાના મણકા છે, એટલે દીક્ષાના પ્રશ્નનો ઉકેલ કરવાનો સાચો તોડ તે કહાડી શકવાનાજ નથી. તેમને અધિકાર નથી, છતાં વડોદરા ધારાસભાએ પસાર કરેલ ખરડો કાયદાનું સ્વરૂપ લે તે પહેલાં કોઇ જાતનો પાસો નાંખવાની આ રમત દેખાય છે, સાચા સમાધાનનો આ રસ્તો નથી, ખુદ આ. વિજયનેમીસૂરિ અયોગ્ય દીક્ષાના સંપૂર્ણ હિમાયતી છે, તો પછી તેઓ શું નિર્ણય આપશે તે સમજી શકાય તેવી વાત છે એટલે અમને તો "કોઠી ધોઇને કાદવ કહાડવા જેવું" લાગે છે, બાકી સમાધાનનો સાચો રસ્તો આ છે, આપણા સમાજમાં જૈન સમાજના પ્રતિનિધિત્વવાળી કોઇ સંસ્થા હોય તો તે કોન્ફરન્સ છે, તે આગેવાની લે અને દીક્ષા નિયમાવલીનો ખરડો તૈયાર કરી તેના ઉપર દરેક સાધુની સહીઓ લે અને જે સ્થળે તેની વિરૂદ્ધ વર્તન કરવામાં આવે તેજ સ્થળનો સંઘ તે સાધુને પુછી શકે, છેવટે સંઘ બહાર પણ કરી શકે, આ પ્રમાણે થાય તોજ દીક્ષાના પ્રશ્નનો સાચો તોડ નીકળશે. બાકી સાધુ સંમેલન ઠરાવ કરશે કે કોઇએ અયોગ્ય દીક્ષા આપવી નહિં. એનો અર્થજ કશો નથી. વડોદરામાં અખીલ સાધુ સંમેલને ઠરાવો કર્યા હતા, આજે તે કરનારાઓ છડેચોક તેનો ઇન્કાર કરી તેની વિરૂદ્ધનું વર્તન ચલાવે છે, તેને કોણ પૂછનાર છે ? તે તો એકજ સમુદાયનું સંમેલન હતું છતાં કશુંયે ન આવ્યું. તો આતો તમામ સમુદાય ભેગા થવાની વાતો ચાલે છે. એમનામાં કેટલો સંપ છે, સમાજની કેટલી પરવા છે, તે સમાજથી હવે અજાણ્યું નથી, અને સમાજ પ્રગતિના પ્રશ્નોનો તોડ સમાજ કહાડી શકશે, એટલે દીક્ષાની નિયમાવલીમાં સાધુની સહીઓ થયા બાદ સમાજ પ્રગતિ અંગે સમાજે નિર્ણયો કરવાની જરૂર છે. સાધુ સંસ્થામાં જે સડો પેઠો છે તે સાફ કરવાનું કામ તેમનું છે, એટલે તે પ્રસંગે એકઠા થઇ વિચારણા અને યોગ્ય તપાસો કરી તેને અમલી ઠરાવો કરે સંઘ સત્તા સ્વિકારે, તે તેમના ઠરાવો અમલમાં મુકાશે, અને તેની વિરૂદ્ધ વર્તનારને સંઘ પૂછી શકશે આમાં લવાદી કે ફેંસલાનો ક્યાં સંભવ છે ? આથીજ અમે પ્રમાણીકપણે જણાવીએ છીએ કે સમાધાનનો સાચો રસ્તો આદરો અને રમત છોડો.

તા. ૨૩ જુન ૧૯૩૩ નું વીરશાસન લખે છે કે પૂ. આચાર્ય વિજયનેમીસૂરીશ્વરજી જે શાસ્ત્રીય પ્રશ્નોના નિવેડા લાવે તે કબુલ કરવાની કબુલાતો મળી છે. બંન્ને પ્રશ્નમાં એકજ મુદ્દો નીકળે છે કે "શાસ્ત્રીય પ્રશ્નોના નિવેડા લાવે તે સ્વીકારવાની બંન્ને પક્ષ તરફથી કબુલાત મળી છે."

આ વાંચીને અમે આશ્ચર્ય થઇએ છીએ કે બંન્ને પક્ષ તરફથી કબુલાત આપવાનું કહેવામાં આવે છે તે વાતજ પાયા વગરની છે. કારણ કે જે પ્રશ્નોનો વાંધો છે, જેના અંગે સમાજમાં ખળભળાટ છે, તે પ્રશ્નો અંગે એક બાજુ રૂઢીચુસ્તો છે, બીજી બાજુ સુધારકો ને કોન્ફરન્સ છે, ત્યારે અત્યાર સુધી જે હકીકતો બહાર આવી છે તે ઉપરથી દીવા જેવું સમજાય છે કે—

કોન્ફરન્સ કે સુધારકો તરફથી કોઇ જાતની કબુલાતો આપવામાં આવી નથી, તેમ આમાં તેમનો સાથ હોય તે પણ જણાયું નથી. છતાં વીરશાસનને આવો ગપગોળો ઉડાડવાનું શું પ્રયોજન હશે તે સમજાતું નથી, છતાં તે અંધારામાં હોય તો તેને સાફ સાફ કહેવાની જરૂર લાગે છે કે સુધારકોએ કોઇ જાતની લેખીત કે મોઢાની કબુલાત આપી નથી, તેમ તેની લગામ કોઇ સાધુ કે શ્રાવકના હાથમાં સોંપાઇ નથી અને કોઇ તેમ માની લેવાને તૈયાર હોય તો તે ભ્રમણા છે. સુધારકોના બંધારણીય મંડળો—સભા અને સંસ્થાઓ છે, અને જ્યાંસુધી એની કાર્યવાહી કમીટીઓના નિર્ણયો બહાર ન આવે ત્યાંસુધી વીરશાસન ગમે તેમ લખે તો કોઇ ભોળવાતા નહિં, અમે ફરીથી જાહેર કરીએ છીએ કે અમારી સંસ્થાઓ એની બુદ્ધિથી સ્વતંત્ર વિચાર કરી શકે છે એટલે એ કોઇની મોરલીએ નાચતી સંસ્થા નથી, તેમ તેને કોઇ જાતની કબુલાત તો શું ! પણ સમાધાનની જે વાતો બહાર આવી છે તેની સાથે હજુ સુધી તેને કશો સંબંધ સરખોએ હોય એ પણ અમે માનતા નથી. એટલે સુજ્ઞો આવા જુઠાણાથી લગારે ભોળવાય નહિં અને જાગતાજ રહે.

# આપખુદી સત્તા.

અમદાવાદ માંડવીની પોળમાં કાકાબળીયાની પોળ આવેલી છે તેમાં જૈન દહેરાસર તથા ઉપાશ્રય આવેલાં છે. પોળમાં જૈનોનાં ૧૨-૧૩ ઘર છે એટલે દરેક વહીવટદાર બની જવા મથવા લાગ્યા, અને આપખુદી સત્તા ચલાવવા લાગ્યા. થોડા દિવસ ઉપર મુનિશ્રી નીતિવિજયજીના સંઘાડાના અમુક સાધ્વીઓ આ પોળના ઉપાશ્રયમાં ઉતરવા આવેલા, પરંતુ કહેવાતા નવા વહીવટદાર મોહનલાલ સાંકળચંદે ઉપાશ્રય ઉઘાડી આપ્યો નહિં. તેથી આવેલા સાધ્વીઓ લગભગ અડધો કલાક સુધી ઉભા રહ્યા પણ તેમને ઉતરવાની જગ્યા આપી નહિં.

થોડા વખત ઉપર એક ગૃહસ્થના વીલના ફરમાન મુજબ વરસગાંઠને દિવસે પૂજા હતી તે વખતે આ વહીવટદાર પણ પૂજામાં ન્હોતા હાજર રહ્યા. કોણ જાણે તેમને શું અડચણ આવી હશે ! તે ઉપરાંત દહેરાસરના ઘુમટના અંગે લગભગ સાતસોથી આઠસો રૂપીઆનું નુકશાન પણ કર્યું છે.

જો કે તે ભાઇને હજુ ખબર નથી કે ખરો વહીવટદાર કોણ છે અને સરકારી રેકર્ડમાં કોનું નામ છે. ફક્ત આ વાત જૈનોની જાણ માટેજ પ્રસિદ્ધ કરવામાં આવી છે કે આવા વહીવટદારો કેવો વહીવટ ચલાવે છે.

સુદાશેઠની પોળવાળા ગૃહસ્થોને ધન્યવાદ આપીએ છીએ કે તેઓને ખબર પડતાં તુરતજ તેજ પોળના ઉપાશ્રયમાં ઉતરવાની સગવડ કરી આપી છે.

ભાલાભાઇ અમૃતલાલ.

# ધર્મને નામે !!

લેખક:
ભોગીલાલ પેથાપુરી.

જગતમાં ચારે દિશાએ પરિભ્રમણ કરતાં મનુષ્યને એક જાતની અદ્ભુત શક્તિ પ્રાપ્ત થાય છે કે તેનું વર્ણન કરવું અશક્યજ છે. તેવી રીતે પરિભ્રમણ કરતાં મનુષ્યને અનેરો આનંદ, સુખ તેમજ શાન્તિ મળે છે, અને જગત્ આજે એવા મનુષ્યની ઝંખના કરે છે. અફસોસની વાત તો એ છે કે અત્યારે સૌ પોત પોતાના જીવનની સંચારદોરી પાછળ લાગવાથી તે વસ્તુનું વિસ્મરણ થયેલું છે, અને સમાજ તેમજ ધર્મને હાનિકારક નીવડે છે, એ સૂચવવાની જરૂર નથી. આપણા સામાજીક વ્યવહાર વર્તન તપાસો, ધાર્મિક સંસ્થાઓ, દેવળો તપાસો તો નર્યો દંભજ નજરે આવશે. અને તેમાં આવા મનુષ્યનોજ અભાવ હોય છે.

આજે આપણે દેવમંદિરો તપાસો ત્યાં નર્યો આડંબરી, ક્રિયાધારીનાં ટોળાં સિવાય બીજું શું છે? નવ અંગે પૂજા કરવાના ભાવો એમનામાં ક્યાં દેખા દે છે? જ્યારે પૂજા કરવા અને પરમેશ્વરની ભક્તિ કરવા દેવમંદિરમાં જાય ત્યારે પણ તેમની સંસારની મનોવાંછના નથી છૂટતી, અને આંગણીના દેવાં પરમેશ્વર સન્મુખ રાખી, તેમના વિચારો તથા આંતરિક મનોદશા માયાની જાળમાં ગુંચાએલા હોય ત્યારે શું એ નવઅંગે પૂજાનું ફળ મળી શકે?

વળી ચૈત્યવંદન કરતી વખતે તો જાણે પરમેશ્વર કાને સાંભળતા ન હોય તેમ બરાડા પાડવા સિવાય તો જાણે ચૈત્યવંદન થઇજ ન શકે? ફક્ત મારો સુર સારો કેમ મનાય? મારો સમાજ મને ધર્મનિષ્ઠ કેમ ગણે? એ આશય સિવાય બીજો કાંઇજ અર્થ જણાતો નથી. પરંતુ એજ ચૈત્યવંદન મનનપૂર્વક હૃદયના ઉમળકા સાથે કરવામાં આવે તો દેવમંદિરમાં પણ વાતાવરણ ધમાલીયું ન બને.

ઘણા એમ પણ કહેનારા મળી આવે છે કે "કેમ ભાઇ પૂજા કરવા નથી જતા? શું પરમેશ્વર જાખી ગયે છે?" જ્યારે આવા શબ્દો સાંભળવામાં આવે છે ત્યારે તેઓની અજ્ઞાનતા પર હસવું આવે છે. એ કહેનાર વ્યક્તિ કદાચ પૂજા કરવા દેવમંદિરમાં પધારતી હશે પરંતુ તે લોકલાગણીને વશ થઇનેજ. તેઓ પૂજા કરવાનો નિયમ લોકલાજએ કદાચ બાંધે પરંતુ આગળ જતાં એમનો નિયમ એવું સ્વરૂપ પકડે છે કે તે એક વેઠરૂપજ લાગે.

આ વાત તો જાણે પુરૂષ વર્ગની થઇ. પરંતુ સ્ત્રી વર્ગની સ્થિતિ તો વિચિત્રજ છે. ચોખા કે બદામ મુકવીજ જોઇએ. નહિ તો પરમેશ્વર રાજી ન રહે. આવી તો માન્યતા છે. અને એ માન્યતા કદાચ માની લઇએ કે કદાચિત સત્ય હશે; પરંતુ આજની સ્થિતિએ, તો **લો દેવ ચોખા ને મુકો મારો કેડો!** એવુંજ ધમાલીયું વાતાવરણ નજરે આવ્યા સિવાય નહિ રહે. એટલે તેમાં પણ દંભ સિવાય બીજું કાંઇજ જણાતું હોય તેમ લાગતું નથી.

એ સિવાય દેવમંદિરોમાં રાખેલા પૂજારીઓની વાત જણાવું તો જૈન સમાજ ચોંકી ઉઠે! ઘણા ઠેકાણે તો દેવમંદિરમાં પાણી ભરેલાં હશે. અથવા ઘણે ઠેકાણે તો મૂર્તિની પૂજા, પ્રક્ષાલન થાય છે કે કેમ તેની પણ પરવા હોતી નથી. અને જતે દિવસે એ પૂજારીઓ દેવમંદિરો ઉપર સત્તા જમાવી માલીક થઇ પડે છે. એનો તાજોજ દાખલો **કેસરીઆજી તીર્થ** બન્યો છે. આજે એ પવિત્ર તીર્થ પંડ્યાઓએ પોતાની હકુમત નીચે લઇ પોતાનો વાવટો ફરકાવ્યો છે, અને આપણો સમાજ 'ધરમ, ધરમ,' કરતી નીરાંતે ઉંઘે છે. સમાજ સૂત્રધારો તેનો વહીવટ કરે, પરંતુ પોતાની વ્યવહાર નીતિ આગળ એ સંસ્થા સંભાળવાની કોને પડી હોય? અને આજે એ તીર્થ ગુમાવ્યું એનું પાપ એ સૂત્રધારોના શિરે રહે છે, તેવું કોણ કબુલ ન કરે? ખરૂં જોતાં બેદરકારીના પરિણામેજ આ સ્થિતિ થવા પામી છે. જ્યારે સમાજના સૂત્રધારો પર સમાજ વિશ્વાસ મુકી તે કાર્ય સોંપે, પરંતુ તેમાં શિથિલતા પેસી ને ફરજ અદા કેવી રીતે કરવી તેની તેઓને પડી હોતી નથી. અને એથીજ પરિણામ આવું દુઃખજનક આવે છે.

વળી સાધુમહારાજોના નિવાસ સ્થાન તપાસો. ઘણાક એવા ઉપાશ્રયો મળી આવશે કે તેમાંથી સંસાર વ્યવહારની સંચાદોરી ખેંચાઇ રહી હોય! જે જગ્યા ધર્મ ધ્યાન કરવાની છે, અને જે જગ્યામાં પ્રવેશ કરવાથી મનની ભાવના શુદ્ધ થવી જોઇએ, તે બદલે તે ઠેકાણે આજે જગાથી ક્લેશની આગ બળે છે; કલુષિત ઉપદેશ દ્વારાએ વાતાવરણ મલીન થયેલું હોય છે, અને આત્મ કલ્યાણની ભાવના બદલાતી સ્વાર્થી વધુને વધુ ભાગ તરફ ઘસડાય છે. આ દરેક ઉપસ્થિત થવાના કારણો એ ભવ્ય મહેલાતોમાં વસતા ચારિત્રવાન ગણાતા સાધુઓ પર છે. તેમને સુખ શાન્તિ માટે નિશ્ચિંત સ્થાન આપ્યું, જોઇતી સામગ્રી અને સાધનો પુરા પાડ્યાં; એથી એ એશઆરામી બન્યા, ખરી વસ્તુ ભૂલ્યા, માયામાં લપટાઇ આદર્શને ગુમાવ્યો; અને અવળી દિશાએ વળી જનતાને તે માર્ગે દોરવા ઉપદેશ આપવા લાગ્યાં. તેમની અજ્ઞાનતામાં સંપડતા ભક્તો 'જી, હા,' 'જી, હા,' કરી, તેમના પર વિશ્વાસ મુકી, તેમને પરમેશ્વર માની, તેમનાં ચરણોમાં મા, બ્હેન, બેટી સહિત—શિર ઝુકાવવા લાગ્યા. એથી એ વધુને વધુ અનાચારો સેવતા થયા; સંઘને હાંકવાનો માર્ગ ગણવા લાગ્યા—સંઘ સત્તાને ઠોકરે મારી; અમુક ભગત-જમાતો સાધી, એઓથી મલીન વાતાવરણ પ્રસરાવી જેને સત્ય ધર્મ કહેવામાં આવે છે તેના પર ડાંક પીછોડો કરવા લાગ્યા. આ સઘળાનું પરિણામ આજે કેવું સમાજ અનુભવી રહ્યો છે એ જનતા સારી રીતે જાણે છે.

મારૂં એમ પણ કહેવું નથી કે આ દરેક અસત્ય થાય છે. પરંતુ આજે ઘણે ભાગે આવા વેશધારીઓની નીતિને સ્થાન આપવાથી સાચા મહાત્માઓ પણ તેમની સાથે અંટાય છે. સમાજ તો તોળવાના કાંટા માફક માપ કાઢી શકે છે. પરંતુ દરેક વ્યક્તિ સરખી નહિં હોવાથી આવા વેશધારીના ફંદામાં ફસી પડે છે. એવાઓની જાણ માટેજ આ સત્યવસ્તુ પ્રકાશમાં લાવવાની જરૂર રહે છે.

અમે એ વાત યાદ રાખવાની જરૂર છે કે જેટલા આવા વેશધારી સાધુઓ સમાજને નુકશાન કર્યું છે, એટલાજ બલ્કે એથી વધુ એમના ભક્તો કે જેઓ મોં માગી વસ્તુઓ પુરી પાડી, તેમના પર શ્રદ્ધા રાખી, ધન સંચય પાણીના રેલે ખર્ચે છે. આ બન્નેની એક સરખી કલુષિત વૃત્તિ હાનિક

# આપણા તીર્થો.

હીરચંદભાઇ શીવલાલ કોઠારી.

જગતમાં તીર્થો પણ ધર્મ પામવાનું મહાન નિમિત્ત કારણ છે, એમ જે શાસ્ત્રોમાં ઉલ્લેખ આવે છે તે યથા તથ્યજ છે; અને તેમાં જરાયે શંકાને સ્થાન નથી. જે ધન કુબેરોએ કેવળ ધર્મ ભાવનાથી પોતાની અઢળક સંપત્તિ નિર્જન વેરાનમાં, પહાડોની ટોચ ઉપર કે ખીણોમાં તેમજ વળી વૈભવશાળી મહાન શહેરોમાં ગગનચુંબિત ભવ્ય દેવાલયો બાંધવામાં ખર્ચી છે, તેમણે પોતે ધર્મને આરાધ્યો, એટલુંજ નહિં પરંતુ ભાવિ પ્રજાને માટે અણમુલો વારસો પણ મુકતા ગયા છે. જે સમયે એ ધર્મ પ્રિય ભાઇઓએ દેવાલયો બાંધવામાં આટલા નાણાંનો ખર્ચ કર્યો હશે, તે સમયે સાથે સાથે દેવાલયોના રક્ષણ અને વ્યવસ્થા અને સમારકામ માટે કેટલી અને કેવી ભવ્ય વ્યવસ્થા કરી હશે તેની કલ્પના પણ આવવી મુશ્કેલ છે. આપણા પ્રાચીન તીર્થોમાં જેવી ચમત્કૃતિ અને ભવ્યતા તે સમયમાં હતી તેવીજ ચમત્કૃતિ અને ભવ્યતા આજે પણ છે. યાત્રા નિમિત્તે આવતા શ્રદ્ધાળુ ભકતો, કળાના રસિક કળાકારો, ધન સંપત્તિ ધરાવનાર ધનિકો, અરે કેવળ નાસ્તિક ગણાતા એવા નાસ્તિકો પણ આ ભવ્ય દેવાલયો જોતાંજ, બે ઘડી સંસારની અનેક જાતની ખટપટ ભુલી જઇ ઇશ્વરની સમીપ પોતાની જાતને મુકી, સ્વર્ગ સુખની લ્હેરમાં પડે એ નિર્વિવાદ છે. છતાં પણ કાળે પોતાનો લોખંડી પંજો આ તીર્થો ઉપર લગાવ્યો છે. જેમ જેમ કાળ બદલાતો ગયો, જડવાદના સંસર્ગથી, કેવળ બુદ્ધિવાદના પ્રયોગોથી માણસમાં શ્રદ્ધા, કળા, દાન, ભક્તિ અને ભાવના ઘટતા ગયા, તેમ તેમ આ દેવાલયો તરફથી પોતાની અંતર ભાવના દૂર થવા લાગી; દેવાલયના ટ્રસ્ટીઓ પણ આ કારમા પંજામાં ફસાયા; જૈન ધર્મનો ડંકો ફરકાવનાર એવા મહાન પુરૂષો તીર્થોની રક્ષા અને ભવ્યતા સાચવી રાખવાના મતના હોવા છતાં પણ માન પ્રકૃતિને કારણે જુના ભવ્ય તીર્થો તરફ આજે બેદરકાર જણાય છે. જે પૂર્વાચાર્યોના ઉપદેશથી ધર્મપ્રિય જનોએ આટલી આટલી સંપત્તિ નાખીને પોતાની સાથે જગતના ઉપકારને ખાતર જે દેવાલયો બંધાવ્યા છે, જેના પવિત્ર વાતાવરણો આટલા કાળ ગયા છતાં પણ જેમને તેમ ઉજ્જવળ છે. તેને માત્ર આપણી આળસને કારણે અવ્યવસ્થાને કારણે, અપવિત્ર બનાવીએ છીએ. આપણને સૌને એ શરમાવનારૂં છે. આજે તીર્થોની સ્થિતિ ખંડીયેર જેવી બની ગઇ છે, પૂરતા પ્રમાણમાં ચોકખાઇ પણ જળવાતી નથી, અરે કેટલેક ઠેકાણે તો પંખીઓ પોતાના માળા કરીને રહેલ છે, ચરકના ઢગલા થાય છે. ધૂપ, દીપ કે પૂજા પૂરતા પ્રમાણમાં કે વ્યવસ્થિત રીતે થતા હશે કે કેમ તેની પણ મ્હને શંકા છે; અત્યાર સુધીમાં જે તીર્થોના દર્શનનો મ્હને મ્હારા પૂર્વ કર્મના પુણ્યને લઇને લાભ મળ્યો છે, ત્યાં મ્હેં કાર્યવાહકોની આળસ, અવિવેકી સ્વભાવવાળા, યાત્રુઓ પાસેથી કેવળ નાણાંનીજ વાંચ્છા કરતા નાના નોકરીયાતો, અભણ કે મધ્યમ કે ગરીબ યાત્રુ તરફની અવિવેકતાએ તો હદ વાળી છે, જે યાત્રુઓ મહામહેનતે દૂર દૂર અજાણ્યા પ્રદેશમાં યાત્રાએ જાય ત્યાં તેઓને માટે પેઢીઓ તરફથી જે સુંદર અને ભાવભીની વ્યવસ્થા થવી જોઇએ તેને બદલે યાત્રુઓને ફરી પાછી યાત્રા કરવાની ભાવનાજ ન થાય એવા વર્તનો મેં અનુભવ્યા છે; પેઢીના માણસો કેવળ પેઢીનું દફતરી કામ કરી અગર જાણીતા શ્રીમંતો તરફ પોતાની ખુશામતખોરી બતાવી પેઢી તરફની નીમકહલાલીનું ચિત્ર આલેખી પોતાની જાહોજલાલી બતાવી તીર્થો તરફની પોતાની લાગણી વ્યક્ત કરતા જણાય છે. જે સ્થિતિ આજે મંદિરોની થઇ રહી છે, તે જોતાં હરેકોઇ માણસને એમ સહજ આવે કે જમાનો જે નાસ્તિકવાદ તરફ ઢળતો જાય છે, તે કંઇક બરાબર છે. પ્રાચિન તીર્થોએ જે આકર્ષણ અન્ય દર્શનીઓનું કર્યું છે અને દરેકને મુખે જૈન ધર્મની વિશાળતાના અને ભવ્યતાના વખાણો કરાવ્યા છે તેજ સમયના આજના તીર્થો આજે પોતાનાજ ભકતોને આકરા થઇ પડયા છે. આનું કારણ શું હશે? તે વિષે સંપૂર્ણપણે વિચાર કરવાની નથી પડી સાધુઓને કે નથી પડી શ્રીમંતોને કે નથી પડી પેઢીના ટ્રસ્ટીઓને! સૌ કોઇ પોતપોતાની ગુંચવણીમાં પડયા છે.

એક બાજુ પ્રાચીન તીર્થોના સમારકામ માટે વિનતિપત્રો લખાય છે, પ્રાચીન તીર્થોનીભવ્યતાના આડંબર ભર્યા લેખો લખાય છે, લોકોને એટલે દૂર યાત્રા કરવા માટે આકર્ષવા તેની મહત્તાના ભારે ગુણોના વખાણો અને ભાષણો થાય છે, ત્યારે બીજી બાજુ એ તીર્થો એટલા તીર્થો આગળ રહી શકયા છે કે નહિ, યાત્રાએ આવનાર યાત્રિકને પુરતી સામગ્રી મળે છે કે કેમ તેની પરવા કરનાર પણ કોઇ નથી.

જે સ્થિતિ મંદીરોની થઇ રહી છે તેથી ઘણી વધારે ખરાબ સ્થિતિ ધર્મશાળાઓની છે. ધર્મશાળા એ નામજ કેટલું પવિત્ર છે કે માણસો તેનો આશ્રય લે કે તેનામાં ધર્મની ભાવનાજ પ્રેરાય! તેને બદલે આજે એ શ્રીમંતોનું આરોગ્ય ભુવન બનેલ છે, ત્યાં નથી શૌચાદિ ધર્મનું પાલન થતું, ત્યાં નથી ભક્ષ્યાભક્ષ્યનું પાલન થતું, ત્યાં નથી સામાન્ય ધર્મ આજ્ઞાનું પાલન થતું. આ બધી સ્થિતિ મ્હેં નજરે જોઇ છે. મ્હને ઘણુંએ સંભળાવવાનું મન થાય, પણ મ્હારા જેવા અલ્પજ્ઞ ન્હાના માણસનું કોણ સાંભળે? જ્યાં મોટા મોટા લક્ષ્મીનંદનો પડયા હોય, જ્યાં પેઢીના હોદેદારો આગળ ખુશામતીઆ વર્ગનો આપી પોતાની વફાદારી બતાવી પોતાનું સ્થિતિસ્થાપકપણું જાળવી રાખતા હોય, ત્યાં પછી ન્હાની ન્હાની ફરીયાદો કોણ સાંભળે! ટુંકામાં કેટલેક ઠેકાણે એટલી ખબરદારી રખાય છે કે રખેને કોઇ સ્થાનકવાસી ભાઇ અગર કોઇ અન્ય દર્શની ભાઇ ધર્મશાળાનો આશરો લઇ પ્રભુના દર્શન ન કરી જાય! ૦। વસ્તુ જ્યારે મ્હેં અનુભવી ત્યારે મ્હને અફસોસનો પાર ન રહ્યો કે કાર્યકર્તાઓ આટલીએ સામાન્ય બુદ્ધિ ન વાપરે કે જે ભાઇઓ પોતાના મંતવ્યને બાજુએ મુકીને મૂર્તિપૂજા તરફ પોતાનો ભાવ પ્રગટ કરે તેને

---

આચારવિચાર એ ઉપદેશ દ્વારાએ વપરાતી વાણીથી સમાજ આ સ્થિતિએ પહોંચ્યો છે.

હવે આવી રીતની પરિસ્થિતિમાંથી સમાજને ઉગારવા માટે બે ચાર સુધારકો કે પેપરોનું કામ નથી. તેના માટે તો **આજનો નવલોહીઓ પ્રત્યેક યુવાન મોરચા માંડવા તૈયાર થાય,** તેઓના દંભ, અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાના પડદા ચીરી સમાજને સવેળા જાગ્રત કરવાનું બીડું ઝડપે તો આજે સમાજમાં જે કોલાહલ છે, જે મતભેદો અને સમાજ વિઘાતક પ્રવૃત્તિઓ ચાલે છે, તે બંધ થઇ સમાજમાં શાન્તિ સ્થપાય અને સાથે સાથે સાધુસંસ્થા પણ ઉન્નત થતી ચાલે......

# પદ્માની પ્રતિજ્ઞા.

(સામાજીક નવલિકા)

લેખક,
શ્રી પદ્મકુમાર.

## પ્રકરણ ૨ જું. (ચાલુ)

પાનાચંદ—મારો વિચાર પણ હતોજ, છતાં વાત હાલ તો વાંધામાં પડી છે!

હીરાચંદ શેઠ—ત્યારે પેલા ધરમચંદની વાત ખરી લાગે છે! જો એ જુવાન બાઇના ભરૂસે રહેતા! (નજીકમાં આવી) મેં તો પુનરલગ્નનું સાંભળ્યું છે! પેલા નાસ્તિકોના મંડળમાં કાગળ પણ ગયો છે!

'મિત્ર, શેઠની વાત સોટચના સોના જેવી સમજવી. આંખ ઉઘાડ ને કંઇ થયું નહિં તો જાણજે કે બધા પર પાણી ફર્યું. વારૂ પેલા જીવદયાના ફંડ માટે અને આંગળાવાડીવાના દેવળના જીર્ણોદ્ધાર માટે શો વિચાર કર્યો? ચોમાસાના પારણામાં પણ ઘટાડો તો ઉભ.' લાલચંદ દલાલે તો સવાલોની હારમાળા રચી નાંખી.

પાનાચંદ—એ સંબંધમાં કાલે છેવટનો નિર્ણય થઇ જશે. આજે મારૂં મગજ કામ નથી કરી શકતું.

'વારૂ ત્યારે કાલે,' એમ કહી ત્રિપુટી ઘર બહાર નીકળી ગૈર્ઇ સમુહ પણ વિખરાયો ત્યાં તો જ્ઞાનચંદ ને શરતચંદરૂપ મિત્ર યુગલના પગલાં થયાં. પદ્મા પણ પાસે આવી, પાનાચંદ શેઠના અંગપર દવા ચોળવા લાગી.

જ્ઞાનચંદને શેઠે ટુંકમાં બધી વાત સમજાવી અભિપ્રાય માંગ્યો. શરતચંદ સાથે વાત કરી જ્ઞાનચંદે જણાવ્યું કે—

મુરબ્બી, તમો કહો છો તે રીતે ટ્રસ્ટીની જરૂર તો ખરી પણ પદ્મા વ્હેન, શિક્ષિત હોઇ, હિસાબ કિતાબ સારી રીતે રાખી શકે તેવાં છે વળી નજીકના કોઇ એવા પીતરાઇ નથી કે જેનો હકક ચાલી શકે, તેથી અમોને ટ્રસ્ટીની જરૂર જણાતી નથી. પાનાચંદશેઠના ચહેરાપર આ સાંભળતાં કરચલી પડી.

પદ્માની નજર બહાર એ ન ગયું. તે તરતજ બોલી ઉઠી, 'નાથ, વીલ કે ટ્રસ્ટીની બાબત ઉપરછલી જણાય છે, એ સિવાય તમારા મનમાં બીજું કંઇ ભૂત ભરાયું છે તે વિના આટલી બધી મુંઝવણ ન હોય. માટે જે હોય તે સ્પષ્ટ કહો કે ઝટ એનો ઉપાય થાય.'

'તો પછી શું દુઃખ ન ધરતી, મને શંકા રહે છે કે ત્હારા હાથમાં આટલું ધન આવતાંજ તું પુનર્લગ્ન કરવાની, કેમકે જુવાની, નિરંકુશતા અને ધનનો યોગ! એમાંથી એ પરિણામ સહજ આવેજ. વળી અત્યારે વાયરો પણ એ જાતનો વાય છે!'

આ શબ્દો કાને પડતાંજ પદ્માનો ગુસ્સો ભભુકી ઉઠયો. એક વાઘણ તડુકી ઉઠે તેવા ગર્જનસ્વરથી તે બોલવા લાગી—

'મારૂં અનુમાન સાચું પડયું. આમ નારીજાતિની અતુટ સેવા ભક્તિ છતાં અમારે માટેનો સંશય પુરૂષ હૃદયમાં ઘણે ખરે અંશે હોવાનોજ. એ પોતાની નિર્લજ્જતાના માપે મારી આત્માને માપવાનો, એમાંજ પ્રધાનતાને બુદ્ધિ પ્રગલ્ભતા નહિં! દલીલ કરી તમોને કંટાળો આપવાનું મને ઉચિત નથી જણાતું. આ આંસુઓની સાક્ષીએ હું પ્રતિજ્ઞા કરૂં છું કે—હવે પછીનું મારૂં શેષ જીવન પવિત્રપણે વૈધવ્યમાંજ હું વ્યતીત કરીશ. સાદા ખાનપાન ને શ્વેત વસ્ત્રો એ મ્હારો કાયમનો શણગાર. તમારી આબરૂને જરા પણ ક્ષતિ પહોંચે તેવું એક પણ કાર્ય મારા હાથે નહિંજ થાય. તમારી આ દોલત પણ ધર્મ માર્ગે અને સમાજના શ્રેય માટે ખરચવાની મારી અભિલાષા છે. હા, બાળા તારા માટે હું કંઇ કહી શકું નહીં, એ બિચારીએ શ્વસુરગૃહનો ઉમરો સરખો જોયો નથી. ભલે હું તેની સાવકી મા છું, છતાં મારાથી તેના શીરે કમ્મજાત વૈધવ્યનો ચાલ્લો નહીંજ કરી શકાય. હજુ તે ચૌદ વર્ષની છે, જ્યારે પાકી ઉમ્મરની થશે ત્યારે તેની ઇચ્છા હશે તેમજ હું વર્તીશ. નથી તો તમારા અંકુશથી કે નથી તો આ સ્વાર્થી સમાજના ભયથી હું આમ કરતી એ ધ્યાનમાં રાખજો. મને જે ધર્મના તત્વો સમજવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે તેના બળથીજ હું આ પ્રતિજ્ઞા લેવા પ્રેરાયેલી છું. ભીષ્મપિતામહ જેમ એ પાણી બતાવવાનું બળ મારી છાતીમાં છે. બાકી તમારી કે મારા પિતાની કરણી સામું નજર કરતાં તો મ્હારૂં અંતર બળી જાય છે. મારૂં જીવતર ખાખ કરનાર આ સમાજ સામે, ઉપરોક્ત પ્રતિજ્ઞા બળથી મેં ઝુઝવાનો સંકલ્પ કરી રાખ્યો છે. તમારા પણ એ વાત પર આશીર્વાદ વરસશે એવી મને આશા છે. તમોને હવે કોઇ વાતની શંકા છે?'

જ્ઞાનચંદને શરત તો યુવાન બાળાનું આવું શૌર્ય જોઇ દિંગ થઇ ગયા. સાચું શૌર્ય કેવું હોય છે તેની આજેજ તેમને ઝાંખી થઇ.

પાનાચંદ—પદ્મા, પદ્મા, ત્હને ધન્ય છે. મારા આશીર્વાદ ત્હારા કાર્ય માટે અવશ્ય છે. મારે વીલ કે ટ્રસ્ટીની હવે અગત્ય નથી. મારી મિલકતની તું સર્વાધિકારી છું. ત્હારા ખોળામાં હું શાંતિથી દેહ તજીશ—ત્હેં ધર્મને શોભાવ્યો છે.

શેઠે જ્ઞાનચંદ સાથે કેટલીક મસલત કરી. બીજી તરફ શરત સાથે પદ્માએ કેટલીક વાતો કરી, પછી ઉભય મિત્રો છુટા પડયા. પદ્મા પણ હળવા હૃદયે રસોડામાં સિધાવી. (અપૂર્ણ)

---

દરેક પ્રકારની સગવડ અને વ્યવસ્થા કરી આપી તેની શ્રદ્ધા અચળ રહે એવો પ્રબંધ કરવો જોઇએ!

ટુંકમાં મ્હારી, પૂજ્ય પૂરૂષો, ભાવીક શ્રીમંતો અને પેઢીના ટ્રસ્ટીઓને વિનંતી છે કે જે પ્રાચીન તીર્થો આપણી પૂર્વ સંસ્કૃતીના સ્મરણ ચિન્હો છે. તેને બહુ માન પૂર્વક સંભાળી રાખવા આપણી તમામ શક્તિ ખર્ચવાનું લક્ષ રાખવા ન ભૂલવું જોઇએ. મ્હારા આ વખતના મારવાડના અનુભવો લખતાં મ્હને શરમ ઉપજાવે એવા અનુભવ્યા છે. એ અનુભવો બ્હાર પાડવાથી જે શ્રદ્ધા આજે, ઘટતી જાય છે તેમાં ઓર ઉમેરો થાય. પણ એ ન થાય એટલા માટેજ હું એવા પ્રસંગોની નોંધ નથી લખતો. સૌને મ્હારી નમ્ર વિનંતિ છે કે જે કાર્ય પદ્ધતી આજે સરમુખત્યારીપણે ચાલી રહી છે તેમાં તાત્કાળીક સુધારો થવાની જરૂર છે. જેટલે અંશે આપણી શુદ્ધતા વધશે એટલે અંશે પ્રાચીન તીર્થો જગતના માનવીને પવિત્ર વાતાવરણો પૂરા પાડશે.

યાત્રાળુઓ માટે તમામ જાતની મંદિર કે ધર્મશાળાને લગતી વિવેકભરી અને ચોકખી સગવડ પૂરી પાડવાની સગવડ કરવી જોઇએ. યાત્રાળુઓને નાહકના, ખોટા ખર્ચોમાં ન ઉતરવું પડે તેની પણ ખાસ સાવચેતી કારખાના તરફથી થવી જોઇએ.

# અ....વ....ન....વા.

**પાલનપુરના અવનવા:**—આચાર્ય વિજયવલ્લભસૂરી શિષ્ય સમુદાય સાથે અસાઢ શુદ ૩ પધાર્યા. પચીસ વર્ષના લાંબા ગાળાથી ચોમાસુ થતું હોવાથી સમાજમાં અજબ ઉત્સાહ પ્રગટયો છે, મહારાજશ્રીના આગમનથી બોર્ડિંગ અને કેળવણીના ખાતાં પગભર થવા સંભવ છે.

બોર્ડિંગનું હાલનું મકાન જર્જરીત દશામાં છે, ભેજ અને વરસાદના પાણીથી વિદ્યાર્થીઓને અત્યંત ત્રાસ પડે છે, બીજું મકાન કેમ શોધાતું નથી ? વ્યવસ્થાપકો એક રાત ત્યાં ગાળે તો ત્રાસની ખબર પડે.

પંદર વર્ષથી વીરવિદ્યોતેજક સભાની લાયબ્રેરીનો હાલના મકાનમાં સુંદર લાભ લેવાય છે. પણ અંદર અંદરના મતભેદથી મકાનના માલીકે ખાલી કરવાની નોટીસ આપી છે.

સુધારા કમીટી લાંબા ગાળે બંધ રહી છે. યા બંધ કરવામાં આવી છે, આ વખતે મહારાજશ્રીના સુયોગનો લાભ લઇ જમાનાને ઓળખી સંઘનું વ્યવસ્થિત બંધારણ કરશો ?

શ્રી અમુલખ ખુબચંદ ઝવેરી સ્મારક ભુવનના મકાન માટે ટ્રસ્ટીઓની નીમણુંક કરવાની યોજના સેક્રેટરી ક્યારે ઘડવા ધારે છે ?

સ્થા. કન્યાશાળા ઠીક પ્રગતિ કરી રહી છે, અંગ્રેજી અભ્યાસ દાખલ કરવાનું નક્કી કર્યું છે.

સ્થા. પાંજરાપોળ પહેલાં કરતાં ચાલુ કમીટી અને મંત્રીઓના પ્રયાસથી વ્યવસ્થીત કંઇક થઇ છે. જો કે તેનું માન તો મુંગી સેવા આપનાર બે વ્યક્તિઓને ઘટે છે. નવી કમીટી નીમવા સેક્રેટરીઓની મહાજન બોલાવવાની વિનંતિ છતાં કેમ બોલાવાતું નથી ? પાંજરાપોળનું કામ સુંદર ચાલતું હતું. પણ મુંગી સેવા આપનાર ભાઇઓના મતભેદના કારણે કામ બગડે છે, આશા છે કે એ બે ભાઇઓ મતભેદ ભુલી જઇ પાંજરાપોળ આદર્શ કેમ બને તેવા પ્રયાસો કરશે.

**છોકરો ગુમ**—ઘાટકોપર નવરોજ ગલીના સામે રહેતા નાગરદાસ નેમચંદનો અમૃતલાલ નામનો ૭ વર્ષની ઉમરનો છોકરો, ઘઉં વાને, કપાળ પાસે સફેત ડાઘ, ગાલ ભરેલા, સેજ તોતડો, ઉઘાડે માથે ચડ્ડી અને પહેરણવાળો ગુમ થઇ ગયો છે, તે કોઇ ભાઇની નજરે પડે તો ઉપરના સરનામે ખબર આપવા મહેરબાની કરશો.

**ભાવનગર તરફ**—સમાધાન અને સંમેલનની હવા ફેલાવનાર સોસાયટી સ્થંભોમાંથી બે મુંબઇના અને ચાર બીજા ગામોના મળી દસ ભાઇઓ ગયા શુક્રવારે ભાવનગર તરફ ઉપડી ગયા છે. આ દોડાદોડીનો શું હેતુ હશે ?

## ભાવનગરમાં નેમીસૂરિએ સંઘની રજા સિવાય આપેલી દિક્ષા.

નેમીસૂરિએ ભાવનગરમાં એક મારવાડીને સંઘની રજા લીધા સીવાય કોઇપણ આગેવાનોની હાજરી સીવાય દિક્ષા આપ્યાના તાર મારફતે ખબર મળ્યા છે, સંઘની રજા નહીં લીધેલી હોવાથી ભાવનગરમાં ઘણી ચરચાઓ થાય છે.

**તંત્રી નોંધ:**—સમાધાનના કહેવાતા વાતાવરણમાં તટસ્થ તરીકેનો દેખાવ કરતા નેમીસૂરિની મનોદશા આ બનાવથી અચાનક રીતે ખુલ્લી પડી ગઇ છે, જૈન સમાજ અને સંઘોને સચેત ચેતવવા માટે અમો આ દિક્ષાને લાલ બત્તી સમજીએ છીએ.

તંત્રી.

**ચેપ! પલટો**—વિજયલબ્ધીસૂરિના શિષ્ય લબ્ધિવિજયજી જેઓનો અઢાર વર્ષનો દિક્ષાપર્યાય હતો તેમણે આગલા પખવાડીયામાં વડોદરાની અંદર સાધુવેશ છોડી ગૃહસ્થલિંગપણું ધારણ કર્યું છે, અઢાર વર્ષના દિક્ષાપર્યાયવાળા આ સાધુના પતન કારણો કોઇ જણાવશે ?

### વ્યાખ્યાનમાળા.

મુંબઇ તા૦ ૨૮-મુંબઇ યુનીવર્સીટી તરફથી "ઠક્કર વસનજી માધવજી લેકચર શીપ" ની ચાલુ વર્ષની વ્યાખ્યાનમાળા તા૦ ૨૮ મી જુનથી શરૂ થઇ છે, જે વખતે ગુજરાતના પ્રસિદ્ધ ઇતિહાસવેત્તા ગુજરાત પુરાતત્વ મંદિરના ભુતપૂર્વ આચાર્ય અને કવીવર્ય ટાગોરના શાન્તિ નિકેતનના જૈન ફીલોસોફીના અધ્યાપક પંડીત મુની જિનવિજયજી ગુજરાતના ઇતિહાસ પર નીચે જણાવેલી તારીખે મુંબઇ યુનિવર્સીટી બીલ્ડીંગ લેકચર રૂમ પહેલે મજલે સાંજના ૭ વાગતાં વ્યાખ્યાન આપશે અને સોમવાર તા૦ ૩-૭-૩૩ ના રોજ તેજ સ્થળે "પ્રાચીન ગુજરાતની સંસ્કૃતિનું વિહંગાવલોકન" ઉપર ભાષણ આપશે.

ગુરૂવાર તા૦ ૨૯-૬-૩૩ "ગુજરાતનો સંક્ષિપ્ત રાજકીય ઇતિહાસ."

શુક્રવાર તા૦ ૩૦-૬-૩૩ "ગુજરાતનું ધાર્મિક અને સાંપ્રદાયીક જીવન."

શનીવાર તા૦ ૧-૭-૩૩ "ગુજરાતનું સામાજીક રાષ્ટ્રીય જીવન."

**ફરીયાદ નોંધાવી:**—અમદાવાદમાં શેખના પાડાની પોળમાં રહેતા શા. ગીરધરલાલ છુંગરશીને તા. ૧૯-૬-૩૩ ના રોજ તેઓ રતનપોળમાં આવેલી ખોડાં ઢોરની પાંજરાપોળમાં કંઇક તપાસ કરવા જતા હતા, ત્યાં કેટલાક યંગમેન્સ સોસાયટીના સભ્યોએ માર માર્યાથી એ ભાઇએ અમદાવાદની કોર્ટમાં શા. બાપાલાલ ચુનીલાલ સામે ફરીયાદ નોંધાવી છે.

**સુધારો:**—તા૦ ૨૪-૬-૩૩ ના પ્રબુદ્ધ જૈનના અંકમાં શા. જીવતલાલ પ્રતાપશી વિગેરે પાટણ ગયાના જે સમાચાર છપાયા છે. તેમાં ભુલ છે, તેને બદલે ત્યાં ભાવનગરના બે પાંચ ગૃહસ્થોનું ડેપ્યુટેશન પાટણ ગયું હતું એમ જોઇએ.


## ઓઘા માટે બારીક ઉન.

સાધુ, સાધ્વીને ઓઘા માટે બારીક ઉનની જરૂર હોય તો ભાવ માટે લખો:—

ઇન્ડીયન યાર્ન સપ્લાઇંગ ડીપો.
પોષ્ટ બોક્સ નંબર ૭૭૭,
મુંબઇ, નં. ૧.

# हिन्दी विभाग.

## श्री महाराष्ट्र जैन युवक संघ
और
## सामाजिक आन्दोलन.

हमारी जैन जातिको पुनर्संगठित हुए आज लगभग २४५८ वर्ष व्यतीत हो गये। भगवान् महावीर ने किस प्रकार हमारे समाज को संगठित किया, उसको अहिंसा का पाठ पढ़ाया तथा अपने दिव्य उपदेशोंद्वारा हमें पतितावस्था से उबारा ये बातें न्यूनाधिकरूपमें सबको विदित है।

किन्तु आज उसी वीर के अनुगामियोंमें फूट और कलह की भेरी बज रही है। श्वेताम्बर और दिगम्बर, बाइस टोला और तेरा पन्थी इत्यादि के संघर्ष की ओट में जैन जाति एक गहन आवर्तकी ओर अग्रसर हो रहो है कि यदि इस लडखडाती हुई समाज का हाथ पकड कर कूल निकट नहीं पहुँचा दी जायगी तो संसार में जैन जाति का नाम निशान केवल इतिहास के पृष्ठों का ही विषय रह जायगा।

देश के नवयुवकों का ध्यान इस ओर अधिक आकर्षित होता है, अतः उनके हृदय में सत्यानाशी फूट और रूढियों और समाज की शक्ति का नाश करनेवाली कुरीतियों के प्रति घोर विरोधी भाव पाये जाते हैं।

ऐसी अवस्था को देख कर नासिक के जैन नवयुवकों ने जाति के पारस्परिक वैमनस्य के विरोध के लिए, समाज के यथेष्ट उन्नति के लिए, नवयुवकों में समाज और देश की सेवा के भाव भरने के लिए तारीख १४ मइ १९३३ को नासिक में श्री महाराष्ट्र जैन युवक संघ को जन्म दिया. यह संघ तिनों सम्प्रदायों के लिये तथा समस्त महाराष्ट्र के लिये है।

आधुनिक युग की आवश्यकताओं के अनुसार इसका मुख्य उद्देश सामाजिक कुरीतियों का नाश, जैन जाति का संगठन और समाज सेवा है। संघ अपने समाज में प्रचलित कुरीतियों का नाश करने का प्रयत्न करता है, जैसे ओसर मोसर, बालविवाह वृद्धविवाह इत्यादि का घोर विरोध करना. ऐसें कार्यों में संघ ने आशातीत सफलता भी प्राप्त की हैं। युवकों में जागृति फैलाने के उद्देश से संघ ने समय समय पर समाज के नेताओं और विद्वानोंद्वारा भाषण दिए जाने का प्रयत्न कियां हैं।

संघ के अध्यक्ष श्रीमान् शेठ राजमलजी लखीचंदजी ललवाणीजी का 'जैन युवक' इस विषय पर तारीख २४ मइ १९३३ को भाषण हुवा। उपरोक्त समय पर श्रीमान् साहित्यरत्न–दरबारीलालजी–न्यायतीर्थ का ही सांप्रदायिक ऐक्य करने के लिए बहुत महत्वपूर्ण विवेचन हुवा था। संघ के सेक्रेटरी श्रीयुत् माणिकलालजी भटेवरानें संघ को आगामी वर्ष के कार्य की रूपरेखा बतलाई थी। इसी वक्त मंचरनिवासी श्रीमान राजमलजी साहेब समदडियाजी ने रु. १५ की और श्रीमान जुगराजजी साहेब बोडनदीवाले ने रु. ५ की संघ को मदत दी है।

### —मोसर–पत्रिका प्रचार और उसका प्रभाव—

संघ ने मोसर (प्रेत–भोज) के बारे में हरएक दृष्टि से पत्रिकाएं छपवाई हैं, और इस धर्मविरुद्ध कुप्रथा को नष्ट करने के लिए महाराष्ट्र में बृहद आन्दोलन चलाया है। इस आन्दोलन से श्री नासिक जिल्हा ओसवाल सभा के अधिवेशन में ४७ वर्ष से कम उमर की व्यक्ति का मोसर न करने का प्रस्ताव पास हुआ है, और इस मोसर के प्रथा को निंदनीय ठराया है।

नासिक जिल्हे में येवलें गांव में तारीख १७–१८ जून १९३३ को कै. देविचंदजी साहाब लातेड जिन को उमर ७६–८० वर्ष से जादा थी उनका मोसर हुवा है। किन्तु मृत्यु–भोज के बारे में कोई शर्त उम्र की नहीं होनी चाहिये कि इतनी उम्र वाले का भोज न हो और इतनी उम्र वाले का हो, क्यों कि है तो हर हालत में मृत्यु समय का खाना ही। सो इस लिये इस समय पर संघ ने मृत्यु–भोज विषयक पत्रिकाओंका ओर से प्रचार किया। उस के प्रभाव से बहुत से सज्जनोंनें उपरोक्त मृत्यु–भोज में भाग नहीं लिया था। इसी ही तरह से यदि मृत्यु–भोज में भाग न लेनेवालों की बहु संख्या हो जावे तो ऐसी कुप्रथा बन्द होने में बहुत देरी न लगेगी।

मृत्यु–भोज में भाग न लेने वालों की बहु संख्या करके अपनी संगठन शक्तिद्वारा ऐसे घृणित तथा नीच प्रथा को सर्वथा बन्द कर देने के लिए संघ ने प्रतिज्ञा–पत्रिका छपवा कर प्रतिज्ञा–पत्रिकाओं पर हस्ताक्षर कराने का काम बडे जोर से चलाया है।

अन्त में हम समाज के प्रत्येक नवयुवक से प्रार्थना करते है कि वह अपनी शक्ति और क्षमता के अनुसार इस संघ के हरएक कार्य में सहयोग दे–संस्थाओं के कार्यकर्तागण अपनी लेखनो से, पत्रकार अपने पत्रों में इस विषय पर चर्चा करके तथा जनता अपना सहयोग और शुभाशीष दे। हमे पूर्ण आशा है कि महाराष्ट्र का हरएक जैन व्यक्ति इस संघ का सभासद बने और संघ के कार्य में सहयोग दे।

—माणिकलाल भटेवरा–मंत्री.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬–૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩, માંથી પ્રગટ કર્યું છે.

સાવધાન.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| તંત્રી: રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૩૬ મો. |
| સહતંત્રી: કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૮-૭-૩૩. |

## જૈન સાધુ અને સ્વદેશી.

'હાથવણાટની, શુદ્ધ સ્વદેશી સુતર અને સાધનોથી ઉત્પન્ન થયેલી ખાદી બીજા બધી જાતનાં વસ્ત્રો કરતાં ઘણીજ બલ્કે સદતર શુદ્ધ અને પવિત્ર છે......શુદ્ધ ખાદી અહિંસાની દ્રષ્ટિએ બીજાં કપડાં કરતાં વધારે આદરપાત્ર છે......ખાદીનો પ્રચાર અને તેનું ઉત્તેજન જૈન ધર્મની અહિંસાની ભાવનાને જીવનમાં ઉતારવાનો એક રાજમાર્ગ છે, એમાં જરા પણ સંશય નથી.'

"આજે ૧૮ ઉપરાંત વર્ષ થયાં શુદ્ધ ખાદીજ માત્ર વ્હોરૂં છું, અને પહેરૂં છું. ઘર સળગતું હોય, માતાની બેઇજ્જત થતી નજરે દેખાતી હોય, ગરીબો ટળવળતા હોય, ખેડુતો કરોથી દબાઇ હતાશ જીવન ગાળતા હોય, વગેરે દેખી સહૃદય આત્માથીએ વખતે તટસ્થ નજ રહી શકાય. એજ પ્રમાણે હજારોને ખાદી પહેરવા ઉપદેશ આપી ખાદી પહેરતા કર્યાં છે. અધર્મ, અત્યાચાર, પાપ અને અપ્રીતિ વગેરેની પ્રજામાં સેવના થતી જોઇ ધર્મપ્રેમી આત્માઓને ધરતીકંપના સખત આંચકા કરતાં વધારે આઘાત લાગે છે, એટલે એવા આત્માઓ એ દોષોના પરિહાર માટે તત્પર, ઉત્સુક અને આગ્રહી બને છે. આ કાર્ય બૌદ્ધ અને જૈન ભિક્ષુઓએ પૂર્વકાળે સુન્દર રીતે કર્યું હતું, અને આજે પણ જૈન મુનિઓએ એ કાર્યને અપનાવી લેવું જોઇએ. તેત્રીસ કોટિ માનવોની સેવા બજાવવા માટે આ સમય અમૂલ્યમાં અમૂલ્ય છે......રાષ્ટ્ર સેવા અને ધર્મ સેવા એ બે વસ્તુ અલગ નથી. રાષ્ટ્ર ન હોય તો ધર્મને સ્થાનજ ક્યાંથી હોઇ શકે? રાષ્ટ્રનું ગૌરવ એ ધર્મનું ગૌરવ છે."

આ બધા ઉપરથી મ્હારૂં વક્તવ્ય એ છે કે વર્તમાન સમયે રાષ્ટ્રની સેવામાં ધર્મસેવાની સુંદર તક છે. દારૂથી હિંસાથી અને અજ્ઞાનથી જો પ્રજાના જાન માલનો નાશ થતો હોય તો, કોઇપણ ભોગે એ અપવિત્રતાનો નાશ ધર્મે કરવો જ જોઇએ. અપવિત્ર વસ્તુના પ્રચારને રોકવા માટે ધર્મની સંસ્થા છે. આ લખનાર એમ માને છે કે રાષ્ટ્રની, સમાજની, વ્યક્તિની ગુલામી દૂર કરવા કે ઓછી કરવામાં આ યુગમાં વિશ્વનું કલ્યાણ અને વિશ્વબંધુત્વ સંધાય છે. પરતંત્રતાથી જો યુગયુગ પોષાયેલી સંસ્કૃતિનો નાશ થતો હોય, તો પરતંત્રતાનો નાશ કર્યે જ છુટકો."

મુનિ, ત્રિલોકચંદ્રજી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૮-૭-૩૩.


## સા વ ધા ન.

જ્યારે સમાજના બળતા પ્રશ્નો સમાજને જલાવી રહ્યા હોય, અને જ્યારે સમાજ પ્રગતિમાં મસ્ત રહેનાર યુવાન બળુ બળુ થઇ રહ્યા હોય; ત્યારે તે બળતરા સમાવવા બળતા પ્રશ્નોનો નિકાલ કે નિર્ણય લાવવા તે નીચે ઉપર થઇ રહ્યો હોય છે. તેવામાં કોઇ સ્થળેથી સમાધાનીની મધુરી વાતો બહાર આવે છે તો તે આનંદની ઉર્મીઓમાં આવી જઇ વિચારશ્રેણનું દ્વાર બંધ કરી મૌન સેવે અથવા શું થાય છે તે જોયા કરવાની ઉમેદમાં સાચા ખોટાનો વિચાર કર્યા સિવાય બેસી રહે તો સુધારાને બદલે બગાડો થાય. અને જર્જરીત સમાજનૌકા ખરાબા સાથે અથડાઇને ભુક્કો થઇ જાય. તે ન થાય અને સાચું સમાધાન થાય તે ખાતર વિચારણાની જરૂર છે.

સમાજની નિર્બળતાનો લાભ લઇ કેટલાક સાધુઓએ આપખુદ સરમુખત્યાર બની જેમ આવે તેમ ફેંકે રાખી સમાજોન્નતિના માર્ગો રૂંધ્યા, એટલુંજ નહિ પણ સમાજની નૌકાને ખરાબા સાથે અફાળી ભુક્કો કરવાની સ્થિતિ ઉત્પન્ન કરી તે સામે યુવાનોએ અને સંઘોએ માથું ઉચક્યું ત્યારે સાધુ સમાજ ચોંક્યો, અને તુટી પડતી સત્તાને ટકાવવા અથવા તો તેનું રક્ષણ કરવા ભાઇઓ ભાઇમાં ફાટફુટ પડાવી, કુહાડાના હાથા બનાવી જેટલું થાય તેટલું કરવાનાં વલખાં માર્યાં; છતાં કશું વળ્યું નહિ, અને ઉપરથી વડોદરાની ધારાસભામાં અયોગ્ય દીક્ષા પ્રતિબંધની દરખાસ્ત આવી. તેને રૂંધવા અયોગ્ય દીક્ષાના હિમાયતી શ્રી સિદ્ધસૂરિએ સંવત ૧૯૮૭ ના માહ માસમાં બોરસદ મુકામે સાધુ સંમેલન બોલાવવાના આમંત્રણ કઢાવવાનું બહાર આવ્યું; છતાં પરિણામ તો શુન્યમાંજ આવ્યું.

આવી રીતે સિદ્ધસૂરિ તેમ બીજાઓએ સાધુ સંમેલન ભરવાની અનેકવાર હીલચાલો કરી છે; છતાં પરિણામે નિષ્ફળતાજ મળી છે. કારણ કે તેમાં સાચી ધગશના બદલે પક્ષાપક્ષી અને ઢોરી સંચારની રમતના લીધે બીજું શું પરિણામ આવે?

વડોદરાની ધારાસભાએ અયોગ્ય દીક્ષાનિબંધ પાસ કર્યો ત્યારથી તેના વિરોધીઓ એટલે રૂઢી ચુસ્તોએ ફેર સંમેલન અને સમાધાનીની હવા ફેલાવી છે, તેમનું માનવું છે કે સંમેલનના નામે ઠરાવો કરીને વડોદરા સરકારનું ધ્યાન ખેંચશું તો "અયોગ્ય દીક્ષા નિબંધ" કાયદાનું રૂપ લેતો અટકે.

આ સિવાય સમાજ પ્રગતિ કે સાધુ સંસ્થાની ઉન્નતિ અંગે તેમને કશું કરવાનું હોય તેમ જણાતું નથી. કારણ કે તેમનું વીરશાસન તા. ૨૩ જુન ૩૩ ના અંકમાં લખે છે કે "પૂ. આચાર્યશ્રી તો પવિત્ર પંચાંગીમય આગમ ગ્રંથો પ્રમાણેજ નિર્ણયો કરશે એ વાત વગર દલિલે સિદ્ધ છે"

"કોઇ પણ વ્યક્તિએ આ સંમેલનને શરતી બનાવી દેવાનો પ્રયત્ન પહેલેથી છેલ્લે સુધી નજ કરવો જોઇએ, અને સુચનાઓ સુચવવાની પણ અમો જરૂર જોતા નથી."

**પ્રશ્ન પહેલો:**—સરિઓ પવિત્ર પંચાંગીમય આગમ ગ્રંથો પ્રમાણેજ નિર્ણય કરશે. એટલે દેશ કાળને બાજુએ મુકી નિર્ણયો કરશે એ સમાજ કબુલ રાખી શકશે? કારણ કે હવે દીક્ષાનો કે સંઘની સત્તાનો માત્ર સવાલ નથી અને કદાચ તે ગણવામાં આવતો હોય તો બન્ને પક્ષને આધાર મળે તેવા અનેક પૂરાવા આજ સુધી રજુ થયા છે, તેમ દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે સંઘે, વિદ્વાનોએ અને સમયના જાણકારોએ ભૂતકાળમાં અનેક પ્રશ્નોના ઉકેલ કર્યા છે તે કોઇથી ના પાડી શકાય તેમ નથી. એટલે દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવને ઉંચા મુકી વાત કરવી તે સમાધાનનો સાચો રાહ નથી, પણ સમાજને ઉંધા ભણાવવા જેવી વાત છે. એટલે સાચું સમાધાન નથી, સાચી શાન્તિ નથી પણ થીગડથાગડ કરવા જેવી વાત છે, તે સમાધાનના સુત્રધારો સમજે. તેમ સમાજની દૃષ્ટિએ આસ્તિક નાસ્તિકના પ્રશ્નથી માંડી અનેક પ્રશ્ન નિકાલ માગે છે અને તેનો નિકાલ ન થાય ત્યાં સુધી ધુંધવાતો અગ્નિ શાંત પડવાનોજ નથી.

આસ્તિક, નાસ્તિક, પટ્ટધર, ઉત્સુત્ર ભાષણ, વિજયવલ્લભસૂરીનો વહેવાર કપાવવો, દીક્ષા અને સંઘ સત્તા, આવકાનું સુખ સાધુ ન ઇચ્છે, શુદ્ધિ, દેવદ્રવ્ય, ગુજરાતજ વિહારનું મુખ્ય ધામ, ચારિત્રના મોહને બદલે પદવી પરિવાર, કીર્તિના મોહની ચેષ્ઠા, સાધ્વીઓના કલેશમય જીવન, દીક્ષા લીધા પછી ખાનગી મીલ્કત રાખવાના સાધુ મોહ, આચારાંગની વિરૂદ્ધ સાધુઓના આચાર, ઉપાશ્રયો, મંદિરો, જ્ઞાન મંદિરો અને ગુરૂમંદિરો. વિગેરે ધાર્મિક અને સામાજીક અનેક પ્રશ્નો સમાધાન માગે છે. તે આગમ પંચાંગીની વાતો કરવાથી કે સમાધાન સમાધાનની અર્થ વગરની હવા ફેલાવવાથી સાચું સમાધાન નહિ થાય; પણ સાચું સમાધાન ત્યારેજ થશે જ્યારે સમયને માન આપી દેશકાળને અનુસરી નિખાલસ ભાવે પ્રગતિના રાહે ખુલ્લી રીતે નિર્ણયો કરવામાં આવે તોજ સાચી શાન્તિ સ્થપાય ને આમ એખલાસ.

**બીજો પ્રશ્ન:**—કોઇ પણ વ્યક્તિએ આ સંમેલનને શરતી બનાવી દેવાનો પ્રયત્ન પહેલેથી છેલ્લે સુધી નજ કરવો, તેમ સુચનાઓની પણ જરૂર લાગતી નથી, એટલે એનો અર્થ એ થયો કે અંધારામાં ભુસકો મારવો? તો અમારે સાફ સાફ કહેવું પડશે કે એવો ગેરવ્યાજબી વિશ્વાસ નં મુકવાના ઘણા કારણો છે અને તે આગલા અંકમાંજણાવી ગયા છીએ, તેથી સમાજનો વિશ્વાસ ઉત્પન્ન કરવો હોય તો પડદા પાછળની રમતો છોડી દઇ સાચા દિલે બહાર આવી આપણી કોન્ફરન્સ જેવી બોજાદાર સંસ્થાની આગેવાની નીચે મંત્રણાઓ ચલાવી સાધુ તેમ શ્રાવકનું સંમેલન ભરો, અને જેટલા પ્રશ્નો નિકાલ માગે છે તેનો મુસદ્દો તૈયાર કરી જાહેર ચર્ચા અને વાટાઘાટ માટે અગાઉથી સમાજ આગળ રજુ કરી દરેકના અભિપ્રાયો મેળવો. તોજ શંકાનું સમાધાન થાય અને સાચી નિદાનના ખ્યાલ આવે, બાકી બાંધે બંધાકે સમાજ વિશ્વાસ નહિ મુકે, અને એકલા સાધુ સંમેલનથી કશુંએ નહિં વળે. તેમાં "શ્રાવકનું સુખ ન ઇચ્છનારા" પડયા છે. આગમ ને છેદના અવળા અર્થ કરનારા પડયા છે. કોઇ સુધારકોને પીસી

નાંખવાની ઇચ્છાવાળા પડ્યા છે. એવા હોળીનું નાળીયેર ભરાતા સંમેલનમાં પધારી સમાજનું શું શીકું મારવાના છે? એટલે સમાજને મુંઝાવતા પ્રશ્નોનો તોડ સમાજ કરે તે વધારે ઇષ્ટ છે. આથીજ અમે સાધુ અને શ્રાવક બંન્નેના સંમેલનો ભરવાની ભલામણ કરીએ છીએ.

**વાતાવરણ:**—વાતાવરણ અંગે એમ કહેવામાં આવે છે કે જેઓ દેખીતી કલમ ચલાવતા હોય તેઓ બંધ કરે, આથી જેઓ ચલાવતા હતા તેમણે બંધ કરવાની છે. અમને તે સાથે કશીએ નિસ્બત નથી, છતાં એટલું કહેવું પડે છે કે સુલેહનું વાતાવરણ ઉત્પન્ન કરવામાં જેટલી કલમોની જરૂર છે તેટલીજ જીભની અને વર્તણુકની જરૂર છે. ત્યારે જેના ભક્તો સંમેલન અને સમાધાન અંગે શુદ્ધ વાતાવરણ ઉત્પન્ન કરવાની ડાહી ડાહી વાતો કરે છે, તેમનાજ ગુરૂ લબ્ધીસૂરિ પાટણમાં વ્યાસપીઠ ઉપરથી પોતાનો ચોકો મજબુત કરવા જેમ આવે તેમ ઝેરીલી ભાષામાં હુંકે રાખે છે. અને સાગરના ઉપાશ્રયે આચાર્ય વિજયવલ્લભસૂરિજીનું સહન ન થાય તેવું મૂર્ખાઓ મારફત અપમાન કરાવી શકે છે. આ સમાધાનીનું લક્ષણ છે કે અંતરમાં છુપાએલા દ્વેષનું પ્રતિબીંબ છે?

સમાધાન નિમિત્તે જેમને આગેવાન કર્યાનું કહેવાય છે. તે આચાર્ય વિજય નેમિસૂરિએ સમાધાનીના સુર બહાર પડ્યા પછી લગભગ એક મહિને એક મારવાડી બંધુને ભાવનગરમાં યોગ્ય જાહેરાત કર્યા સિવાય દીક્ષા આપી છે. જ્યારે સુલેહ સમાધાનનું વાતાવરણ ઉત્પન્ન કરવાની પેરવીઓ ચાલતી હોય, ત્યારે તેના બદલે સમાજને વિશ્વાસમાં લેવા સંઘની સંમતિ લઇ, પેપરોમાં જાહેરાત કરી, યોગ્યતાની પૂરતી તપાસ બાદ દીક્ષા આપી હોત તો વાતાવરણ આપ મેળે સુધરત. બાકી ઉપદેશ દેવો છે જુદો, અને વર્તણુંક ચલાવવી છે જુદી. એથી સમાજમાં વધારે અવિશ્વાસજ ઉભો થાયને!

સમાધાન સૌને વ્હાલું છે, પરંતુ રમત રમવાથી કે સેંકડે અડધા ટકાના મનુષ્યોની બનેલી સોસાયટીના સભ્યોની ધાંધલ, દોડધામ, કે દોરવણીથી થયે તેવું ફારસ ભજવાય તેથી સમાજ નહિં છેતરાય.

**યુવાનોને:**—સમાધાન અને સાધુ સંમેલન અંગે જે હકીકતો બહાર આવી છે તેથી તમે અજાણ તો નહિં હો? જે પ્રશ્નો, સમાધાન માગે છે—જેવી રીતે સમાધાન થવું જોઇએ તેના કરતાં તેથી ઉલ્ટી રીતે વર્તણુંક દેખાય છે. એટલે ભીનું સંકેલી કંઇ આગ ઉપર રાખ ઢાંકવાની રમત જણાય છે, છતાં તમે કેમ મૌન છો?

જો તમારામાં શાસન અને સમાજોન્નતિની તમન્નાની સાચી ચીરાગ પ્રગટી હોય તો મૌન તોડીને વિચારણા કરો. આ જમાનો કાર્યનો છે, સંગઠનનો છે, કર્તવ્ય બજાવવાનો છે, સડાઓ નાબુદ કરવાનો છે. એટલે સંમેલન કે સમાધાન અંગે ચર્ચાઓ કરો, તમારા મંડળની કાર્યવાહી સમિતિઓ બોલાવી નિર્ણયો કરી જનતાને જણાવો, અને ભવિષ્ય માટેનો કાર્યક્રમ નક્કી કરો.

તમે જાણો છો કે દરેક સમાજમાં પરિવર્તન યુગનો ઉદય થઇ ચૂક્યો છે. આપણી સમાજ તે વસ્તુ ઝંખી રહી છે, તેને તે રસ્તે લઇ જઇ તેની પ્રગતિ કરવામાં ભીનું સંકેલવાથી સાધ્ય નહિ સધાય, સમાજ સુધારણા એ સુગમ નથી, કારણ એક હથ્થુ સત્તાના ઠેકેદારો તેની સત્તા ટકાવવા અનેક રમતો રમશે તેની સામે ધ્યેયમાં અડગ ઉભા રહીને આગળ ધપ્યા કરશો તોજ રૂઢીવાદનો અને અંધ શ્રદ્ધાનો નાશ કરી શકશો.

**સમાજના અય નવજુવાન! ઉઠ, તારા કર્તવ્યનો અને જવાબદારીનો વિચાર કર.**

# સાધુ સમાધાનનો રસ્તો.

કેટલોક સમય થયા બાળહરણ બાળદીક્ષા તેમજ માતા પિતા તથા પત્નિને રડતાં, કકળતાં, રઝળતાં રાખી તેમની રજા વિના દીક્ષા આપવાની ચાલતી પદ્ધતિના સંબંધમાં પન્યાસ રામવિજયજી તથા તેમનો પરિવાર તેમજ સાગરાનંદસૂરિ જમાતવીસીઓ ચડ્યા છે, તેમજ તે લોકો બીજાઓ કરતાં નિડર નિર્લજ્જ બની ખુલ્લી રીતે તેવી પ્રવૃત્તિ કરી રહ્યા છે. એટલે જૈન જૈનેતર સમુદાયની નજર તે લોકો ઉપર ચોંટી છે. પેપરોમાં સભાઓમાં અને યુવકોમાં તેમનાંજ જુલમ ગવાઇ રહ્યા છે. પણ ખરી રીતે તો લગભગ દરેક આચાર્ય, પન્યાસ અને સાધુઓ શ્રી રામવિજયજી અને સાગરાનંદસૂરિનાજ વિચારના છે. ફક્ત નિન્દાની અને અપમાનની બીકે બહાર પડતાં નથી. છતાં કોણ બાળદીક્ષા નથી આપતું? અને અયોગ્ય દીક્ષાના વિરૂદ્ધ કોણે જાહેરમાં પોતાનો મત દર્શાવ્યો છે? વિજયનેમિસૂરિ, વિજયમોહનસૂરિ, વિજયનીતિસૂરિ, વિજયસિદ્ધિસૂરિ વિગેરે તમામ બાળદીક્ષા અને અયોગ્ય દીક્ષાના હિમાયતિ છે. આ બધા છાનાં કાર્યો કરી રહ્યા છે. જૈનોની અને સંઘોની બ્હીકે દેખાવમાં શાંત થઇને બેઠા છે તેથી એમ માની લેવાનું નથી કે બીજા આચાર્ય પન્યાસ સાધુઓ અયોગ્ય દીક્ષાના વિરોધિ છે. જો તેઓ અયોગ્ય દીક્ષાના વિરોધી હોત તો રામવિજયજી અને સાગરાનંદસૂરિથી થતી શાસનની નિંદા જોઇ શકત નહિં. તેમજ તેનો વિરોધ કર્યા વિના પણ રહેત નહિં. પણ બધા માસીઆઇ ભાઇ છે!

વિજયનેમિસૂરિના શિષ્ય દર્શનસૂરિએ થોડા વખત પહેલાં ભાવનગરના એક ગૃહસ્થનો છોકરો નસાડ્યો હતો. સાંભળવા પ્રમાણે વિજયનેમિસૂરિએ જુદે જુદે સ્થળે સંતાડવા નસાડવા ખાતર ખાસ એક મોટર રોકી હતી. ત્યારે તેનો કેસ કોર્ટે ચડ્યો, પોલીસ કેસ થયો અને દર્શનસૂરિ ભાવનગરની હદમાં આવે તો પકડવા એમ નક્કી થયું. આથી દર્શનસૂરિને ઘોઘામાં રોકાઇ રહેવું પડ્યું; એટલે અમદાવાદથી વિજયનેમીસૂરિના ભક્તોની દોડાદોડ શરૂ થઇ. સમાધાનની વિધિની વાતો ચર્ચાવા માંડી, અને છેવટ સમજાવી પટાવી છોકરાના બાપને અમદાવાદમાં વિજયનેમિસૂરિએ સમજુતી કરી કે તમો રાજીનામું આપો તો અમુક દિવસમાં તમારો છોકરો સોંપી દેવામાં આવશે. આ શરતે ભાવનગરમાં છોકરાના બાપે રાજીનામું આપ્યું, ત્યારબાદ થોડા દિવસમાં તેનો છોકરો ઘેર આવ્યો.

આ રસ્તો વિજયનેમિસૂરિને નિરૂપાયે લેવો પડ્યો. કેમકે પોતાને ગોહિલવાડમાં આવવું હતું. બોટાદનેસમાં કાર્ય કરવું હતું. વળી ભાવનગરના જૈનોને પોતાના કરવા હતા, તેથી ભાવનગરના છોકરાને પાછો આપ્યા વિના છુટકો ન હતો.

હાલમાં સાંભળવા પ્રમાણે વડોદરા રાજ્યમાં બાળદીક્ષા અને અયોગ્ય દીક્ષાની સામે ધારાસભામાં કાયદા પસાર થયા.

પછી સમાધાનની વાત થતી સંભળાય છે. તેમાં વિજયનેમિસૂરિને વચમાં નાખવાની હીલચાલ થતી પણ સાંભળવામાં આવી છે. વિજયનેમિસૂરિ પોતેજ અયોગ્ય દીક્ષાના હિમાયતી છે. તો તેમને તટસ્થ માનવા જૈનો કેમ કબુલ કરતા હશે? તે સમજાતું નથી. હજુ તો ભાવનગરના સંઘની કસોટી થવાની છે. કેમકે ભાવનગરના સંઘે અયોગ્ય દિક્ષાના સંબંધમાં વિરોધ દર્શાવી જે ઠરાવ કરેલ છે. તે ઠરાવ વિજયનેમિસૂરિ રહેવા દે કે રદ કરાવે છે તે જોવાનું છે.

સમાધાનનો રસ્તો અમોને તો એકજ લાગે છે કે બાલહરણ તથા બાલદિક્ષા અને માતા પિતા પતિ તેમજ તેમનાં બાળબચ્ચાંઓનાં ભરણ પોષણના બંદોબસ્ત કર્યાની તેમજ તેમની રજાની ખાતરી સ્થાનિક સંઘ તરફથી આપવામાં ન આવે ત્યાંસુધી સંઘ રજા આપી શકે નહિં. અને સંઘની રજા વિના કોઇપણ આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ કે સાધુ દિક્ષા આપી શકે નહિં. આવી કબુલાતની સહીઓ દરેક આચાર્ય ઉપાધ્યાય પન્યાસ અને સાધુઓની લેવી જોઇએ. આવી સહીઓ દરેક કરી આપે એટલે સમાધાન આપોઆપ થઇ જાય તેમ છે. તેમાં એક એવી પણ કલમ ઉમેરવી કે આચાર્ય, ઉપાધ્યાય, પન્યાસ, કે મુખ્ય ગુરૂની પરવાનગી વિના કોઇ પણ શિષ્ય અયોગ્ય દિક્ષા આપશે તો તેને સમુદાયમાંથી દૂર કરવામાં આવશે.

ઉપર મુજબ કરવામાં આવે તોજ સાચો સમાધાન થયો ગણાય. તે સિવાય સમાધાનની વાતો કરવી એ માત્ર કાલક્ષેપ કરવા જેવું છે. સાધુસાધુઓ અંદર અંદર ઠરાવ કરી કહે કે અમોએ ઠરાવ કર્યો છે કે અયોગ્ય દિક્ષા કોઇ આપે નહિં, આવી વાતોથી જૈનોએ કે જૈન સંઘોએ છેતરાઇ જવાનું નથી. કેમકે સાધુ સાધુઓમાં જ્યાં એક બીજા વચ્ચે સંપ નથી; ત્યાં તેમના કરેલા ઠરાવ છાર ઉપર લીંપણા જેવો છે.

અમોએ ઉપર જે સહીઓ લેવાની સૂચવી છે, તે પણ જવાબદાર કોન્ફરન્સ જેવી સંસ્થા લે અને દરેક આચાર્ય, ઉપાધ્યાય, પન્યાસ, સાધુઓ પણ તે સંસ્થાને સહીઓ આપે તોજ ઉપયોગી છે; સિવાય લીધેલી સહીઓ પણ પડી રહેવાની છે. માટે યુવકોને અમારી ખાસ ભલામણ છે કે આવી હીલચાલથી છેતરાઇ જવાનું નથી, કેમકે સમાધાન શબ્દનો ઉપયોગ બે પક્ષ વચ્ચે થયેલ વૈમનસ્ય દૂર કરવાનું હોય છે. અયોગ્ય દિક્ષા પ્રવૃત્તિવાળા અને અયોગ્ય દિક્ષાના વિરોધી વચ્ચે વૈમનસ્ય દૂર તોજ થઇ શકે કે જો દરેક આચાર્ય, ઉપાધ્યાય, પન્યાસો અને સાધુઓએ અયોગ્ય દિક્ષા ન આપવી એવી કબુલાત આપે તોજ. નહીં તો અમોને તો આ એક જાતનો વચ્ચે કાઢ્યો હોય એમ લાગે છે; કેમકે આવી વાતો કરી તેનાં બખાંણો વડોદરાની ધારાસભામાં મોકલી થયેલ ઠરાવને રદ કરવા સિવાય બીજું નથી. સમાધાનની ઇચ્છા હતી તો વડોદરા રાજ્યે અયોગ્ય સંન્યાસ દિક્ષા પ્રતિબંધક ઠરાવની હકીકત જાહેરમાં મૂકી ત્યારેજ કરી લેવું ન હતું.

('સમય ધર્મ'માંથી.)

## પાઠશાળાઓને મદદ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી પાઠશાળાઓને મદદ આપવાની છે તે માટે છાપેલાં ફાર્મ મંગાવી તા. ૨૫ જુલાઇ ૧૯૩૩ સુધીમાં ઓનરરી સેક્રેટરીઓને (ઠે૦ ૨૦, પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ ૩) અરજી મોકલી આપવી.

**વીરચંદ પાનાચંદ શાહ,**
**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી**
ઓનરરી સેક્રેટરીઓ.

(અનુસંધાન પૃ. ૨૮૯ ઉપરથી.)

'ખિરજના ફળ મીઠાં છે' આખરે પુત્રીને માટે સારૂં ઘર મળ્યું ' હવે વિમળાથી ન રહેવાયું એ સમજી ચુકી કે પોતાની માથી કંઇજ લીધું થવાનું નથી અને પોતે જો મુંગી રહીતો, જીવતર એળે જવાનું એ ચોકસ. એટલે જુસ્સો એકઠો કરી, લજ્જાને હડસેલી દઇ એ બેઠેકપથી નાગણ સમ તાડુકી ઉઠી–

'પિતાજી એક શબ્દ પણ આગળ ન ઉચ્ચારો. સારૂં ઘર હોય તો તમો ત્યાં જઇને ન્હાલજો. હું તો પગ પણ મુકવાની નથી. તમોને ચોકખા શબ્દમાં જણાવું છું કે મારો વિવાહ મારી સંમતિ વિના કોઇનાથી પણ થઇ શકશેજ નહિ–તમારા સરખા લક્ષ્મીના લાલચુ–લોહીના વેપાર કરનારના હાથે મારા જીવનના ભેળની આશા! જોયું તો તમોએ કર્યું તે સારી સમાજ જાણે છે. તમારા આ ઢોંગથી આપણો ધર્મ પણ લજવાય છે! ચંડાળ સરખા અધમ પણ પોતાની દિકરીઓને આવી રીતે વેચતા નથી. પશુના ગળા પર છરી ફેરવનારા તે પાપી કરતાં મારા જેવીના જીવનને કાયમને સારૂ વેડરી નાંખનાર તમો વધુ પાપી છો. ઉપરથી ધર્મીપણાના આડંબર રાખી તમો આ શું કામ કરી રહ્યા છો? એનો કંઇ ખ્યાલ છે? તમારાં આવા હલકટ કાર્યોની સજા શું અજ્ઞ પ્રકારીથી પ્રભુ આપશે કે? હજુ કંકુમાં પાણી પડે તે પહેલાં ચેતી જાવ-યાદ રાખજો કે તમારો આ જુલ્મ હું નહીંજ સહન કરૂં. બધા ને વીમળા સરખી કહાની નથી એ રખે વીસરી જતાં. તમ સરખા સ્વાર્થીઓ જ્યારે પવિત્રપણાનો આદર્શ વીસરી જઇ ન કરવાના કામો કરવા લાગે ત્યારે મારા સરખી બાળાઓએ વિનય લજ્જાને વેગળી મુકી તમારા બ્હેરા કાનપર આ સાચા બોલ ફેંકવાજ જોઇએ.'

આટલું બોલી વિમળા તરતજ રસોડાની બહાર નીકળી પડી.

એની મા તો સાંભળીજ રહી! એના જમાનામાં દિકરીને ગાય દોરે ત્યાં જાય' એ ઉક્તિ સિવાય ભાગ્યેજ તેણીએ બીજું કંઇ સાંભળેલું!

નાથાભાઇ તો જાણે ગાઢ નિદ્રામાંથી જાણે કોઇ માઠું સ્વપ્ન જોઇ ઝબકી ઉઠે તેમ પોકારી ઉઠ્યા.

"આ શો ગજબ!"

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી

### શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશિપ (પ્રાઇઝ)

### દરેક રૂપીઆ ૪૦ નું.

### છેલ્લી મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં ફતેહમંદ નિવડેલા જૈન વિદ્યાર્થીઓ, માટે.

મહૂંમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી કોન્ફરન્સ ઑફીસ તરફથી એક સ્કૉલરશિપ છેલ્લી મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં–**સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને**, તેમજ બીજી સ્કૉલરશિપ **સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને** આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કૉલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ–માર્કસ વગેરે સર્વ વિગત સાથે –નીચેના સ્થળે તા. ૨૦–૭–૩૩ સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ,
૨૦, પાયધુની, મુંબઇ ૩,
તા. ૧૧–૬–૧૯૩૩.

**શા. રણછોડભાઇ રાયચંદ ઝવેરી**
**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી** સોલિસિટર.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

# પદ્માની પ્રતિજ્ઞા.

(સામાજીક નવલિકા)

લેખક,
શ્રી પદ્મકુમાર.

## પ્રકરણ ૩.

### આ શો ગજબ!

'અરે, અમે તો તમારી રાહ જોઈ જોઈ થાક્યા!'

નાથાભાઈને આવતા જોઈ એક સાથે દુર્ગાદાસ કાપડીઆ અને તુલજાશંકર ગોર બોલી ઉઠ્યા.

નાથાભાઈ—'મને મોડું તો ન થાત, પણ આજે જરા પન્યાસજી મહારાજને વાંદવા ગયો ત્યાં મુનિ સમ્મેલનની વાત નિકળી. રોજ તો પ્રભુજીની અષ્ટ પ્રકારી રચુ એટલે દોઢ કલાક તો મારો દેરાસરમાં જાય. કોઈકવાર સારી સંખ્યામાં પુષ્પો આવી ગયા હોય તો આંગી રચતાં કલાક વધારે પણ થાય. પણ તો એજ છે ને? આતમ કલ્યાણમાં જે સમય ગયો તે લેખે, બાકીતો આ સંસાર અસાર છે. આરંભ સમારંભમાંથી ક્યાં ઉંચા અવાવાનું? સૌ સ્વારથના સગા! કેમ દુર્ગાભાઈ બોલતા નથી?'

'પણ તો એજ છે, સંસાર ખોટો તે સત્તર વખત ખોટો. લોકોને એમાં પડવા હોઈએ પણ સત્યને ઓળખતાં તો શિખવુંજ જોઈએને?'

દુર્ગાદાસભાઈએ પ્રત્યુત્તર આપતાં કોઈ ઉંડુ સત્ય આલેખ્યું.

'ત્યારેતો શેઠ, તમે પણ સાચા ભગત ખરા. તુલજાશંકરે ગાદીપર બેઠક લેતાં વાતની શરૂઆત કરી આગળ ચલાવ્યું 'જુઓને આજના જુવાનોને આપણી આ પૂજાવિધિ ક્યાં ગળે ઉતરે છે? તેઓને ડગલે ને પગલે આડંબર ને ઢંગ દેખાય છે! હરિ, હરિ, આ તે કેવો કળજગ આવ્યો છે! ઉંચ નીચના ભેદ ભુંસાવા માંડ્યા છે. નાત જાતના બંધનપર પાણી ફેરવા લાગ્યાં છે અને પેલો મહાત્મા જેમ નચાવે તેમ બધા આંધળીયા કરી નાચી રહ્યા છે!'

આટલું બોલતાં તો જાણે ભુદેવને કંઠે પ્રાણ આવ્યા હોય એવો ચહેરો કરી વાણી વિસ્તારતાં ગોર મહારાજ મુદ્દાની વાતપર આવ્યા—

'જુઓને નાથાભાઈ, આવા ઘોર નાસ્તિકતાના જમાનામાં પણ કંઈ ધર્મધુરંધરો નથી પડ્યા! આ (દુર્ગાદાસ તરફ આંગળી ચીંધીને) શેઠનો મણિલાલ! જાણે રામનોજ અવતાર. એ કદિ પણ મ્હોંમાંથી અપશબ્દ ન વદે! પિતાની આજ્ઞા કદિ ઉથપે પણ નહિં, રોજ વ્યાખ્યાનને વ્રત પચ્ચખાણ તો ખરાંજ વળી ધંધામાં પણ પલોટાઈ ગયો એવો કે સોનો મહિનો તો થઈ ચુકેજ. તમારી વિમળી માટે આ કરતાં સારો મુરતીયો ક્યાંથી મળવાનો છે? આ તો બીજે ચોકઠું બેસતું હતું પણ તમે મને વાત કરેલી એટલે શેઠને અહીં તેડી લાવ્યો.'

'જો સારું ઘર મળતું હોય તો હું કંઈ મ્હોં ધોવા જઉં તેમ નથી. વિમળી હવે મોટી થઈ છે, એટલે મારે પણ સગપણ તો કરવાનું છે. પણ શરત કેવા પ્રકારની છે તે તો જણાવો.'

'મને ક્યાં ખબર નથી? પણ પદ્માબેનવાળા ઘરની વાત જુદી અને આ ઘરની વાત જુદી. પાનાચંદ શેઠ ઉમ્મરે ઉતરેલા એટલે દશહજાર પોચાયા, આ તો જુવાન વર, ખાનદાન ઘર, માત્ર ગામડે વસેલા એટલોજ વાંધો, છતાં બે હજારની તો ના પાડે છે! હવેતો ખુશીને!

'પાંચ હજારથી એક દમડી પણ ઓછી નહીં. આવી ભણેલ-સ્વરૂપવાન ને ઉમ્મર લાયક કન્યા શોધી તો લાવો.'

ત્રણ હજારનો ફેર ટાળવાની રકઝક ખુબ ચાલી. ગોરે પણ સોદો ગોઠવવામાં કચાશ ન રાખી. તેમનું પુષ્ટ શરીર પરસેવાથી નીતરવા લાગ્યું. પાણીનો લોટો મુકવા આવેલી વિમળી પણ થોડી ઘણી વાત પામી ગઈ. રસોડામાં પાછા ફરતાંજ પ્રશ્ન કર્યો—

'માતુશ્રી બહાર શાની ભાંજગડ ચાલે છે વારૂ?'

અડધી પડધી વાત જાણનાર માએ સરળતાથી જવાબ આપ્યો—

'દીકરી! હવે તું મોટી થઈ એટલે ત્હારો વિવાહ કરવો પડશેને તેની એ વાતચીત હશે. જોને, બિચારી પદ્માને સુખ જોયું છતાં ભાગ્ય નડ્યું. ત્હારે માટે તો ઘરડો વર જોવાની મેં સખત ના પાડી છે. આ દુર્ગાદાસનું કુટુંબ આપણી સમાજમાં મોભાદાર ગણાય છે. પાસે બે પૈસાનો જોગ પણ ખરો. વળી વહેવારમાં પણ સમજે, ધરમ મારગે પણ ખરચે છે.'

વીમળા તો ઘડીભર વિચારમાં પડી. જ્યાં કરીયાણા માફક કન્યાવિક્રયના સોદા ચાલી રહ્યા હતાં ત્યાં માતાની આ બધી લાગણીનો શો અર્થ! મોટી બ્હેન પદ્માનું જીવન કેવી રીતે બેહાલ ગયું તે તેણીની નજર સામેજ હતું. પદ્મા ને વીમળાની વયમાં માત્ર બે વર્ષનોજ ગાળો હતો. ઉભયને કન્યાશાળાની કેળવણી સારા પ્રમાણમાં મળી હતી. પોતાનું શ્રેય શામાં છે એ જોતાં તેમને આવડતું. છતાં નમ્ર સ્વભાવી પદ્મા જે કાર્ય મુંગી રીતે સહન કરી ગઈ તે આ વીમળાથી સહી શકાય તેમ હતુંજ નહીં. ગુસ્સાથી તે બોલી ઉઠી—

'માતા, તું પિતાજીના પુરા કર્ત્તવ્યથી વાકેફ નથી. એ મારૂં સુખ નથી જોતાં પણ સફેદ ધોળીઆ જોઈ રહ્યા છે! મોટા બ્હેનના દશ હજારથી તેમની તૃષ્ણા ન છીપાઈ! કે જેથી આજે મારૂં લીલામ કરવા બેઠાં છે! તમે મારા માતા પિતા છો કે દુશ્મન! ત્હારૂં વાત્સલ્ય ક્યાં છુપાયું?'

બેઠકમાં પણ વીમળાના શબ્દો આછા પાતળા સંભળાયા. નાથાભાઈના તીક્ષ્ણ કાન એ પામી ગયા. આખરે ચાર હજારમાં સોદો નક્કી કર્યો, અર્થાત્ એટલે રૂપીએ પોતાની પુત્રી વીમળાનું વેચાણ કર્યું. સંસારની અસારતા પર ઘડી પહેલાં ઉભરાતા આલાપનાર અને આત્મકલ્યાણના ભણકા ફુંકનાર આજ મહાશય! આ વેળા ધર્મ પ્રાબલ્યો સરખો પણ નહીં વહેવાઈ તથા ગોરને શુભ દિને ચાંલ્લા કરવાની વાત કરી વહેલાં વહેલાં રસોડામાં આવ્યા.

આવતાં બેરજ ધનલક્ષ્મીનો પાઠ ભજવતાં બ્હેન કહી વીમળીને જાણે શુભ સમાચાર ન આપતાં હોય એમ હસીને કહેવા લાગ્યા–વિમળીને સંભળાવવાની ઇચ્છા છતાં પત્નીને ઉદ્દેશીને બોલ્યા—

(અનુસંધાન પૃ. ૨૮૮ ઉપર જુવો.)

# ત્યાગ ધર્મની હાંસી માટે કોણ જવાબદાર છે?

## નવયુગ પીછાનવા સાધુ વર્ગની બેપરવા છે.

લેખક, ?

રશીયાએ જ્યારે સમસ્ત રાષ્ટ્રનું પુનર્વિધાન કર્યું ત્યારે-ધર્મમંદિરો-મઠો અને મઠાધીશો વિગેરેને પહેલી ઘડીએજ પાણીચું આપ્યું હતું, આનું મુખ્ય કારણ તો એ હતું કે પાદરીઓએ ધર્મને નામે અનાચાર કરવામાં કે દંભ સેવવામાં કશીએ મણા ન્હોતી રાખી. રાજાઓ અને મૂડીવાદીઓના જન્મ હક્કોને દૈવી હક્ક તરીકે ઠોકી બેસાડવામાં તેઓ સામેલ હતા—અને પ્રજા ધર્મને નામે એટલી અંધ ભક્ત અને શિથિલ બની ગઇ હતી કે પોતાના વ્યક્તિત્વને પીછાણ્યા વિના કલ્પિત ઇશ્વરનેજ પ્રાર્થના કર્યાં કરતી, જ્યારે અસહ્ય દુઃખો પડ્યાં ત્યારે એજ પ્રજાએ રાજાને પદભ્રષ્ટ કરી તેના બધા સાથીઓને પણ તેજ રસ્તે રવાના કર્યાં. આ બનાવ એક ઐતિહાસિક બનાવ થઇ ગયો છે. જો કે તે અગાઉ પણ આવા બનાવો બનેલા પણ આવા જ્વલંત અને દ્રષ્ટાંત રૂપ નહિં. અત્યારે જ્યાં જ્યાં નજર કરશો ત્યાં ત્યાં ધર્મના નાયકો અને ધનિકોની દોસ્તી દ્રષ્ય થશે, આને હું અકુદરતી નથીજ લેખતો. પરંતુ ખરો વિષય તો એજ તપાસવાનો છે કે આ એક બીજાનું જોડાણ સમાજને કેટલું હિતકર છે? આજે મોટા મોટા ધર્મના નેતાઓ નવયુગથી બીએ છે. તેઓ સત્તાની સહાય લે છે, તેઓ એમ સમજે છે કે આજકાલના અણસમજુ યુવાનો શાસ્ત્ર પ્રણેતાઓની આજ્ઞાનું ઉલ્લંઘન કરી નાસ્તિકતા પ્રચારે છે. તેઓ તેમાં મંદિરોની મઠોની, ઉપાશ્રયોની અને પોતાની સલામતી નથી સમજતા. આને લઇ તેઓએ જુની પ્રથાઓના પુજકોને પડખે રાખ્યા છે અને તેમના ધન વડે તેઓ નવા નવા સમયાનુકુળ થતા ક્રાન્તિકારક સુધારાઓનો સામનો કરી રહ્યા છે. પરંતુ તેમની આવી માન્યતા અસ્થાને છે. આજનું વિચાર પરિવર્તન વિનાશ માટે નથી પરંતુ તે નવસર્જન માટે છે-સમાજની કાંઇક ઉન્નતિ માટે છે. ધર્મ-સમાજ-રાષ્ટ્રને વિભક્ત રાખી પ્રજાની અંદર મોટા ભેદ ભાવોનું વિષ પ્રસર્યું છે તે કાઢવા માટે આજે જ્યાં ત્યાં ઉકળાટ છે. અમે તો સઘળે ક્ષેત્રોને જુદાં જુદાં ન ગણતાં તેમને ગુંથાએલા જોઇએ છીએ અને અમારા જીવન વ્યવહારમાં કાલ્પનિક દિવાલો ન ઉભી કરતાં અમારા જીવનને તે સંગઠિત પ્રવાહમાં ઓતપ્રોત કરવા ઇચ્છીએ છીએ. આજે પ્રજા, વાદવિવાદથી આવડા આવડમાંથી બ્હાર નીકળી કાંઇક નવો પ્રકાશ માગે છે. આજે યુગો થયાં ધર્મયુદ્ધો થતાં તેને તિલાંજલી આપી વિશ્વ બંધુત્વને ચીલે ચાલવાના મનોરથો જાગ્યા છે. કદાચ રાજ્યો માંહોમાંહે લડવા તૈયારી કરી રહ્યાં હોય પરંતુ પ્રત્યેક રાજ્યના પ્રજાજનો શાંતિ માટે પોકાર કરી રહ્યા છે. આજે માનવ સંહાર માટે કોઇ તૈયાર નથી.

આજે આપણાં સાધુ વર્ગને વિજ્ઞપ્તિ કરી દરેક કામ થાય છે. બખત એવો પણ આવે કે એ રાહ છોડી જુદો રાહ લેવો પડે. હમણાં એક પરિષદમાં, મ્હારૂં સાંભળવું જો સાચું હોય તો એક વિદ્વાન બંધુ બોલેલા—" કે સ્પેનના ગોધાઓની લડાઇ જોયેલી પરંતુ એવીજ લડાઇ આજે સાધુઓની નિહાળી. ઉમેરતાં તે બાળકે કહેલું કે ત્યાગી વર્ગ પોતાના કુસંપો દુર નહિં કરે અને સમાજમાં કલહ કરાવશે તો તેના વસ્ત્રો ખેંચી લેવામાં આવશે." આ શબ્દો પાછળ કાંઇક વેદના જરૂર હશે. એ વાત ખરી છે કે આજના ગરીબ લોકો સમુદાયોના મોટા ખર્ચોને કે તેમના આડંબરોને પોષી શકે તેમ નથી. આજે જ્યાં કયાંક એકાદ આચાર્ય કે પદવીધર હશે ત્યાં આવા ખર્ચો આડંબર રૂપે થાય છે. આને ભક્તિરસ કહેવામાં આવે છે. અમે ઇચ્છીએ કે આ ધન તેજ મૂર્તિના પૂજકો ના ભક્તોના અનુયાયીઓને વધારે ઉજ્જવળ બનાવવામાં વપરાય તો ધર્મનો શું જય નથી થતો?

પંચ મહાવ્રતધારીઓ બની પાંચે મહાવ્રતમાં શિથિલ ન હોય એવા કેટલા છે? આજે અહિં હું દોષ આલેખવા માટે નથી બેઠો પરંતુ **જેમના હાથમાં અમુક અંશે પ્રજાનું ઘડતર છે, જેમની ઉપર શ્રદ્ધા રાખી પ્રજા ઘેલી બને છે. અને જેની પાછળ પોતે જાન માલ કુરબાન કરવામાં અનુયાયી અચકાતા નથી તેવા ગુરૂવર્ગમાં કોઇ અજબ શિથિલતા અને બે પરવાઇ જણાતી હોય—તે શિથિલતા સામે આ પોકાર છે. આજે પ્રજા વેશપલટાને નથી પુજતી આજે તો હૃદય પલટાની જરૂર છે.**

પ્રજાને જરૂરી એવાં કેળવણી-વ્યાયામ વિ-સાધનો ઉપર અણઘટતા પ્રહાર કરી ધનિકોને તે ન પોષવાનું કહેતા આજે ઘણાને સાંભળ્યા છે. યુવકોને ઉદ્ધત કહી તેમની વિચાર સ્વાતંત્ર્યતાનું બળ ન સહેવાની શક્તિને લઇ તેમના દરેક રચનાત્મક કાર્ય પદ્ધતિને પ્રથમથીજ અવગણી તેમને સાથ ન આપવા તેઓએ વર્તન કર્યું કે-સુચન કર્યું છે. શ્રાવક વર્ગમાં શિથિલતા હોય તો તે કાઢવી તે તમારી ફરજ છે. સમાજના પોષણ તરીકેનો તે બદલો છે. આજે ધર્મ ઝનુની જૈનો કરતાં ચેતનવંત-પ્રાણવંત જૈનો જેઓ રાષ્ટ્રને રાજકરણ-કે સામાજીક વિગેરે બાબતોમાં ફાળો આપે તેવા જૈનોની જરૂર છે. જે સંગઠ્ઠનનો સૂર સંભળાય છે તે સૂરને સત્કારી તમારા અંદર અંદરના કલહો બંધ કરી અનુયાયી વર્ગને સન્માર્ગે દોરવો તે તમારૂં કામ છે. સમયને વાંચી દુરંદેશીપણાથી પ્રજાને ધર્મ અને રાષ્ટ્રનું અભિન્નત્વ સમજાવવાના તમારે પ્રયત્નો કરવા જોઇએ. યુવકોનો સાથ માગી તેમના સુધારકોને ઉત્તેજી સહધર્મીઓની સુખ વૃદ્ધિ કરવા તેમની દુઃખદ દશા ટાળવા તમારે પ્રેરણા આપવી જોઇએ. પ્રજા તે વખતે તમને ખરા દીલથી પૂજશે. તે વખતે તમારો સમભાવ ખીલશે અને ખરૂં સાધુત્વ શોભાવ્યું કહેવાશે. નહિં તો પછી સમય તો સૌની ખબર લેશેજ.


## ઓઘા માટે બારીક ઉન.

સાધુ, સાધ્વીને ઓઘા માટે બારીક ઉનની જરૂર હોય તો ભાવ માટે લખો:—

ઇન્ડીયન યાર્ન સપ્લાઇઝ ડીપો.

પોષ્ટ બોક્સ નંબર ૭૩૭, મુંબઈ, નં. ૧.

# ?

"આંગણે ઉભાને મ્હને ઉડવું ગમે,
હો મ્હને ઉડવું ગમે.

× × × ×

પાંખના, ન માર્ગ જ્ઞાન,
પથ વિરાટ, નભવિતાન;
આશનાં અનન્ત ગાન
અંતરે રામે,
હો મ્હારે અંતરે રામે.

—આંગણે૦—"

(પ્રસ્થાન પોશ/૮૯)

❋ ❋ ❋ ❋

'દિક્ષા નિયામક નિબંધ' ધારાસભામાં પસાર થયો. હવે કાયદાનું રૂપ પામશે, સૌ જાણતા હતા કે પડદો થશેજ. પણ થયો ત્યારે જૈન જગતનાં રૂંધી ગયેલાં નીર વહેવા માંડયાં. અને સુલેહની વાતોરૂપી નૌકા ધીમે ધીમે કિનારા તરફ દોડવા લાગ્યાં. પ્રબુદ્ધ જૈન'નું તંત્રીખાતું પડદા પાછળ ચાલતી સુલેહની મંત્રણાઓની યુક્તિઓ અને ભેદો પારખવામાં રોકાયું હશે! અને સુલેહની વાતો ચાલતી હોય ત્યારે જુના પોપડા ઉખેડવા એ ગુન્હો ગણાય. એટલે 'ફેડીસ્ટ' સુલેહની મિમાંસા કરવાનું મુલતવી રાખી એટલું કહી દેવાનું સાહસ કરે છે, કે: યુવાનો! ચેતજો!! હજુ "દીલ્હી દુરસ્ત"—દીલ્હી દુર છે. અગર જો સુલેહ થશે તોપણ તે થોડા દહાડા પછી only piece of paper–માત્ર કાગળનો ટુકડોજ–ગણાશે.

* * *

'આર્ય સંસારમાં ઘેર ઘેર માટીના ચુલા' એ કહેવત આપણા સાંસારિક જીવનમાં ડોકીયું કરતાં આજે પણ સાચીજ જણાય છે. ભુતકાળની ભવ્યતાપર વારી જનારા પુરાણવાદીઓને જરા રસ પડશે એમ ધારી થોડાં વર્ષો પહેલાં 'સુન્દરી સુબોધ' માસિકમાં સંસ્કૃતમાંથી બે ત્રણ શ્લોકનાં સમશ્લોકી ગુજરાતી ભાષાંતર છપાએલાં, તેમાંથી એક-સ્મરણમાં છે તેનું-નીચે ઉતારૂં છું:

"ગાજે છે વરસાદ?—ના, ના ગાજો દીએ સાસુજી
ચમકે છે શું વીજ?—ના, ચપળ એ નણંદી તણી જીભડી.
ઘેરાયું આકાશ?—ના, પતિજીએ ગાઢાં ધર્યાં રૂસણાં.
વરસે છે વરસાદ?—ના, ના, ગરીબડી વહુ તણાં—

—આંસુડાં."

'કળીજગ' નામે આજની સાસુ વહુની નિંદા ભલે કરે, પણ એમના, સત્યયુગની સાસુઓ અને નણંદોનાં પરાક્રમો ઉપરના શ્લોકમાં આલેખાયાં છે, તે વાંચ્યા પછી એટલુંજ કહેવું બસ નથી કે: સત્યયુગનો એ વારસો આપણને ન મળ્યો હોતતો આજનો સંસાર વધારે સુખી હોત!

× × ×

ઉપરનો ઉતારો રખે કોઈ માત્ર ટાહ્યલું માને. સ્ત્રિઓનો મહત્વનો પ્રશ્ન આજે વિકટ બની આપણને મુંઝવી રહ્યો છે. તેનાથી કેટલાય વિકટ અને મહત્વના આપણા સાંસારિક પ્રશ્નોનો આપણે ઉકેલ કરવાનો છેજ. જૈન કોમને કેળવણીનો પ્રકાશ જરા મોડો સાંપડયો એટલે દરેક દિશામાં તેની પ્રગતિ જરા પાછળ છે. અલબત આપણા સાંસારિક જીવનને ઉન્નત બનાવવા માટે અગાઉ આંદોલનો નથી થયાં એમ નથી. પરંતુ એ આંદોલનો દ્વારા આપણા અર્ધાંગ (સ્ત્રી સમાજ)નો પ્રશ્ન માત્ર પુરૂષની દ્રષ્ટિએ અને શાસ્ત્રના નામે ચઢી ગયેલાં કેટલાંક લખાણોને અવલંબીને જ ચર્ચાયો-વિચારાયો છે. આજે સમાજમાં એવા યુવાનો મળીજ આવશે કે જેઓ એ રીતનો જબ્બર વિરોધ કરે છે. એમાં નારી જગતનું અપમાન સમજે છે. સ્ત્રી એક વ્યક્તિ છે. અને સ્ત્રી જગતના એવા કેટલાય પ્રશ્નો છે, કે જેની વિચારણા એમના જીવન વિકાસની દ્રષ્ટિએજ થવાની આવશ્યકતા છે. સ્ત્રી શક્તિનો પ્રભાવ ગુજરાતે પણ અનુભવ્યો છે. અબળા ગણાતી એ કેવાં પ્રબળ પરાક્રમો કરી શકે છે, તે જાણ્યા પછી પણ આપણે એ વર્ગને અન્યાયની પરંપરા નીચે દબાવ્યે જવો એ પુરૂષ વર્ગની–તેમાંય યુવાન વર્ગની—નરી પામરતા છે. યુવાનો એટલું ખુબ યાદ રાખે કે જ્યાંસુધી એ તમારૂં અંગ અપંગ છે ત્યાંસુધી તમારી બધી 'આશાઓનાં અનન્તગાન અંતરેજ સમવાનાં છે.'

* * * *

આપણા તીર્થો તરફ આપણને જેટલો મોહ છે, તેનાથી કેટલાય ગણી ભયંકર બેદરકારી આપણા તીર્થો તરફ આપણે બતાવી રહ્યા છીએ. અને તેનાં બુરાં પરિણામો પ્રત્યક્ષપણે આપણે અનુભવી રહ્યા છીએ. વળી અઢળક સંપત્તિ ખરચી બંધાવેલા જીનમંદિરોને સંભાળવાની તાકાદ જ્યારે આપણે ગુમાવી બેઠા છીએ ત્યારે નવાં તીર્થો ઉભાં કરવાં એથી વધારે બીજી કઇ મુર્ખાઇ હશે? અને તેમાંય વળી ગુરૂમંદિરો પણ એક પછી એક બંધાવા માંડયાં છે. ગુરૂમંદિરોની પ્રથાની વર્તમાન શરૂઆત વખતેજ 'જૈન પ્રકાશ'માં શ્રી. મૌક્તિકે એ પ્રથા સામે પોકાર ઉઠાવેલો પણ તે બ્હેરા કાનો ઉપર પડવા સરખું થવા સાથે જૈન જગતમાં સુધારક ગણાતા મુનિશ્રી વિદ્યાવિજયજીએ પોતાના પ્રચાર પત્રમાં તંત્રી લેખો દ્વારા ખુબ ક્રૂર મશ્કરી ઉડાવેલી. આજેય એથી ભિન્ન મનોદશા સર્વત્ર પ્રસરતી હોવાનું માનવું એ ચોક્કસ ભુલજ છે. માટે કોઇનીય સંકોચમાં તણાયા સિવાય ગુરૂમંદિરોની પ્રથા સ્હામે પ્રચંડ પોકાર ઉઠાવવાની આવશ્યકતા છેજ એટલું જૈન જગત સમજી લે!

* * * *

જેમ જેમ યુવક પ્રવૃત્તિ આગળ ધપતી જાય છે તેમ તેમ એક પછી એક પ્રશ્નો ઉકેલ માટે આપણી દ્રષ્ટિ સમક્ષ આવવાનાજ. હજુ તો આપણે 'આવતી કાલનાં' પ્રશ્નો વિચારવાના બાકી છે. ત્યાં 'વર્તમાન કાળના' પ્રશ્નોની વિચારણામાંજ યુવાનો થાકી જશે તો 'સમાજ ઉદ્ધાર'નું મહત્વનું કાર્ય પછી કોણ કરશે? કોઇ જીર્ણ મનોદશા ભલે માનતી હોય કે નવસર્જન તો ફક્તજ કરી શકશે. આ માત્ર માની લીધેલી માન્યતા છે. અગર તો 'યુવાન'ની વ્યાખ્યા સમજવામાં થયેલી ભુલ છે. યુવાનો! નવસર્જન તમારેજ કરવાનું છે—તમારેજ કરવું પડશે. માટે મેદાને પડયા પછી પાછા હઠવું એ 'વીર'નું લક્ષણ નથી. એક વિદ્વાને કહ્યું છે કે–'અપૂર્ણતા એ માનવનું લક્ષણ છે, તો સંપૂર્ણતા એ માનવનું લક્ષ્ય છે.' આ વાક્યનું પ્રત્યેક યુવાન મનન કરે અને કર્તવ્યમાં તત્પર બને!

1-7-33

—FEDIST.

# हिन्दी विभाग.

## जैनियो ! सच्चे जैनी बनो ।

वर्तमान जैन समाज रूढिधर्म और दलबन्दी के कारण क्षीण होता हुआ मृत्यु की तरफ अग्रसर हो रहा है। इसका कारण जैन–धर्म के वास्तविक रूप की अज्ञानता है। इसका एक मात्र उपाय हमारा सच्चा जैन बनना है। सच्चे जैनत्व को प्राप्त करके हम केवल जैन समाजमें ही नहीं किन्तु समस्त संसारमें प्रेममय सुख, शान्ति का राज्य स्थापित कर सकते हैं।

(१) आत्म स्वतन्त्रता जैन धर्मका प्रधान लक्ष्य है। वह ईश्वर की भी गुलामी स्वीकार नहीं करता, क्यों की आत्मासे ही परमात्मा होजाना उसका मुख्य सिद्धान्त है। यह समानाधिकार का निर्मल और उच्चतम रूप है।

(२) विचार या व्यवहार संकीर्णता के लिये जैन धर्ममें कोई स्थान नहीं है। परस्पर विरोधी विचारों को निर्विरोध करना ही स्याद्वाद है। मैं जो मानता हूँ वही ठीक है, इसप्रकार के हठको जैन धर्ममें एकान्तवाद, या मिथ्यात्व (झूठ) के नामसे कहा गया है। नीचातिनीच दुःखमय परिस्थिति से जीव मात्र का उद्धार करना जैन धर्मका मुख्य ध्येय है। इस लिये प्रत्येक जैन को सहनशील और उदार होना आवश्यक है।

(३) जैन–धर्मके ध्येय और सिद्धान्तमें इतना दृढ निश्चय होना आवश्यक है, कि जिससे बदनामी का डर, [लोक भय] स्वर्ग नरक का भय [परलोक भय] तकलीफों का डर, मृत्यु भय, छिपी बातों के खुलने का डर, [गुप्त भय] अकेलेपन का डर, [अनरक्षा भय] और आकस्मिक आदि किसी भी प्रकार के भयसे अपने मार्गसे विचलित न हो।

(४) प्रत्येक जैनको लालच और स्वार्थ छोडकर अनासक्त होकर जीव मात्रका उपकार करना चाहिये।

(५) प्रत्येक जैनकी अन्तर्दृष्टि होनी चाहिये। किसीके बाह्यरूपको देखकर घृणा करना उचित नहीं है।

(६) प्रत्येक जैन को विचारवान–विवेकी और परीक्षा-प्रधानी होना चाहिये। प्रचलित कुरीतियों और रूढियोंका अनुगामी न होना चाहिये ! अहितकर शास्त्रों और भेषियोंके बाह्यरूप को देखकर लुभाना नहीं चाहिये। उनके अन्तरङ्गको देखकर परख करो।

(७) किसीभी अज्ञान या निर्बल व्यक्तिद्वारा किये हुवे अयोग्याचरणको गुप्त रीतिसे सुधार करना उचित है। परन्तु उदंडी ढोंगियों और समाजकी कमजोरीसे लाभ उठाने वालोंके असली रूपको प्रकट करके धर्म मार्ग को रखते हुये वृद्धि करना उचित है।

(८) कोईभी व्यक्ति यदि धर्माचरणसे च्युत हो जावे तो उसे जैसे बने तैसे स्थिर करना उचित है। बहिष्कार करना उचित नहीं।

(९) सहधर्मियोंसे माँ बच्चे जैसा शुद्ध निष्कपट प्रेम रखना चाहिये।

(१०) प्रत्येक जैनका यह पवित्र कर्तव्य है, कि वह जिस प्रकारसे होसके उस प्रकार संसारका अज्ञानान्धकार दूर करके घर–घर और कोने–कोनेमें वीर भगवान्‌के दिव्य सन्देश को पहुँचा कर जैन–धर्मके महत्वको जगत् व्यापी करदे।

समाजके सभी विचारवानों और विशेषतः उत्साही नवयुवकों से हमारी अपील है कि वे इस पवित्र कार्यमें सहयोग दें। जैन समाजके सच्चे कर्मवीर सेवकोंके लिये यह एक बड़ा उपयुक्त क्षेत्र है।

चौधरी बसन्तलाल जैन,
सञ्चालक–जैन युवक संघ इटावा.

## કેશરીયાજી તીર્થ સંબંધમાં પેથાપુર જૈન સંઘનો ઠરાવો.

(૧) કેશરીયાજી તીર્થ સંબંધમાં ત્યાંના પંડ્યાઓએ જે આપખુદી અને અઘટીત વર્તનથી જૈનોની લાગણી દુભાવી છે તે બદલ આજની સભા સખત શબ્દોમાં તિરસ્કાર જાહેર કરે છે, અને વધુમાં દર્દના પૂરક માને છે કે શ્રી જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક કોમના હક્કને ઇરાદા પૂર્વક નુકશાન પોંચાડવાની જે પ્રવૃતિ ગ્રહણ કરવામાં આવી છે. પ્રવૃતિ નષ્ટ કરવા ઉદેપુર નરેશને વિનંતી કરે છે.

(૨) અખીલ ભારતીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કોમને નમ્ર અરજ ગુજારે છે કે કેશરીયાજી તીર્થમાં ખર્ચાતું દ્રવ્ય પંડ્યાઓના હસ્તકમાં જવા ન પામે તેવી દરેક પુરતી કાળજી લેવી, અને વધુમાં આણંદજી કલ્યાણજીની પેઢીને પણ આ પ્રકરણને લગતો યોગ્ય બંદોબસ્ત કરવા તેમજ દુભાયેલી લાગણી શાંન્ત કરવા જે જે યોગ્ય પગલાંઓ લેવા ઘટે તે લેવા સુચના કરે છે.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬–૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

આપણી સંસ્કૃતિ.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૩૭ મો.
સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૧૫-૭-૩૩.

મહારાષ્ટ્રના પાટનગર પૂનાને આંગણે મંત્રણા કરવા મળેલા રાષ્ટ્રનેતાઓના નિર્ણય તરફ સમસ્ત દેશનું ધ્યાન ખેંચાઇ રહ્યું છે; આ યાદગાર ઐતિહાસિક બેઠક તા. ૧૨-૧૩ જુલાઇએ તીલક મંદિરમાં મળી હતી. દેશના જુદા જુદા પ્રાંતોમાંથી લગભગ સેંકડો આગેવાનોએ હાજરી આપી હતી. શ્રી. અણેએ પ્રમુખસ્થાન લીધા બાદ મહાત્માજીએ કેટલાક યોગ્ય મુદ્દાઓ રજુ કર્યાં હતા. બન્ને દિવસોમાં ડેલીગેટોએ સ્પષ્ટ અભિપ્રાયો આપતાં મોટા ભાગનો સૂર સત્યાગ્રહ ખેંચી લઇ દેશ સમક્ષ બીજો રચનાત્મક કાર્યક્રમ મુકી, અમલમાં મુકવા તરફ હતો. પરિષદમાં જાહેર થયેલા હેરફેર વિચારો સંબંધી ગાંધીજી શું અનુમાન પર આવશે તે કહેવું મુશ્કેલ છે. સહુ કોઇ ગાંધીજીના નિવેદનની રાહ જોઇ રહ્યા છે, જેઓ "ભાવી માર્ગ" આજે જાહેર કરવાના છે.

## 'તટસ્થ'

એ ભીરૂ વાણી કોણ ઉચ્ચારે છે? અમે તટસ્થ છીએ, અમે નિષ્પક્ષ છીએ, અમે પ્રેક્ષક છીએ, અમે એકકે છાવણીમાં નથી—એ કાયરનાં વચનો કોણ બોલે છે?

'તટસ્થ' એ ફીક્કો શબ્દ દુર્બળની જીભ્હા ઉપર વસે છે, અને એ સ્થાને એ શોભે છે, પરંતુ જે પુરૂષો તેમની બુદ્ધિના નિરધારો મુજબ નિજના શોણિતનો ધોધ વહાવી શકે છે, જે નરસિંહના વિચારો, અને ઉર્મિઓનો એક પ્રવાહ બંધાય છે, જે માનવવીરોનાં બુદ્ધિ અને હૃદય વચ્ચે એકાત્મ ભાવ વર્તે છે, તેઓ કદિ 'તટસ્થ' હોઇ શકેજ નહિ. કદિ નહિ, કદિ નહિ, મર્દ કદિ 'તટસ્થ' હોઈ શકેજ નહિ!

'તટસ્થ' એ શબ્દ અર્થહીન છે, વાણીની દુનિયામાં એ નપુંસક છે, જ્યારે આ સ્તબ્ધ જગત સન્મુખ મહા કોયડાઓ ઉભા છે. ત્યારે કોઈ વીર્યવાન નર 'નિષ્પક્ષ' રહી શકેજ નહિ. એવા પુરૂષને એના સિદ્ધાન્તો હોય છે; અણનમ એ સિદ્ધાન્તોની રક્ષા કરતો ઉભો હોય છે; એ ગર્જે છે, એ એની વિચારણાનાં આન્દોલનો ઉભાં કરે છે; એ નિર્ભીકપણે જગતની સમસ્યાઓના ઉકેલમાં પોતાનો ફાળો આપે છે; 'રાહ ભૂલો છો' એવી દુન્યવી ડહાપણની વાણી એને ચળાવતી નથી.

વિવેકબુદ્ધિના શાસન અનુસાર તમે નિરૂપયોગી વાણી ભલે ન વદો; વાણીદ્વાર ઉપર મૌનનું તાળું તમે ભલે મારો, પરંતુ આજે 'તટસ્થ' કેમ રહી શકાય? આજે, જ્યારે જખ્મી જગત આશાપ્રેરણા માંગે છે, જ્યારે પીડિત માનવજાત પીડનમુક્તિના માર્ગો શોધે છે, ત્યારે કોણ પોતાના સ્થાપિત જીવનસૂત્રો વિનાનો રહી શકે? 'તટસ્થ' રહેવું, અભિપ્રાય વિહીન ઉભવું, સિદ્ધાન્તવિહોણા જીવવું, એ કાયરનું કામ છે.

( ફુલ છાબ )

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)


# પ્રબુદ્ધ જૈન.

શનિવાર, તા૦ ૧૫-૭-૩૩.


## આપણી સંસ્કૃતિ.

સંસ્કૃતિથી આપણું જીવન ઘડાય છે, જે સમાજની સંસ્કૃતિ સારામાં સારી હોય છે, તે સમાજ હંમેશ ઉન્નત પંથમાં અગ્રેસર હોય છે, સમસ્ત વિશ્વના વિશાળ પટમાં આપણે નજર કરીશું તો જણાશે કે સંસ્કૃતિથીજ માનવતા પ્રગટે છે. આપણા સમાજના ભુતકાળ તરફ આપણે જરા જોઇએ તો ખ્યાલ આવશે કે ભુતકાળના ઉન્નતસંસ્મરણ આપણી સંસ્કૃતિને આભારી હતાં, આજે એ સંસ્કૃતિમાં વિકાર થયો છે, એ વિકારને જ્યાં સુધી દૂર કરવામાં ન આવે ત્યાં સુધી આપણી ઉન્નતિ અશક્ય છે, સંસ્કૃતિ એટલે આપણા મન ઉપર અનેક પ્રકારના સંસ્કારો પડે છે, તેમાં જે સારા સંસ્કારો હોય, સાચા હોય, તેવા સંસ્કારોના સમૂહને સંસ્કૃતિ કહેવામાં આવે છે, આવા સંસ્કારો જે આપણા ઉપર પડે છે, એ સંસ્કારો આપણે બીજાને પણ આપી શકીએ છીએ, એટલે કે આપણા બાળકોને પણ આપણા સંસ્કારોનો વારસો મળે છે.

પંડિત સુખલાલજી કહે છે કે "જે સંસ્કૃતિમાં ગુણો ઘણા હોય અને દોષો થોડા હોય તે સંસ્કૃતિને ચલાવી લેવાય પણ દોષો ઘણા હોય, અને ગુણ બહુજ ઓછા હોય તે સંસ્કૃતિ ક્યાંય ચલાવી ન લેવાય. કારણ કે એથી આપણો નાશ થાય છે" આપણી હાલની સંસ્કૃતિ આપણે તપાસીશું તો તેમાં ગુણો કરતાં દોષો ખુબ નજરે પડશે. પહેલાંની આપણી સંસ્કૃતિમાં નિર્ભયતાને પ્રથમ સ્થાન હતું અને તેથીજ, ઉદાયન, કોણીક, વસ્તુપાળ, તેજપાળ, ભામાશા, જગડુશા વગેરે જેવા રણવીર મહારથીઓ આપણે જગતને આપી શક્યા હતા, એ નિર્ભયતાનું સ્થાન બિકણતાએ લીધું છે, આપણા મહોલ્લામાં કોઇ પઠાણ આવ્યો હોય અને તે તોફાન કરતો હોય તો આપણે કોઇ ઉઠીશું નહિં. અને તે કદાચ આપણા ઉપર હુમલો લાવ્યો હોય તો આપણાં બૈરી છોકરાને તેને હવાલે કરી નાશી જવા સુધી તૈયાર થઇશું. મુંબઇમાં હિંદુ મુસ્લીમ હુલ્લડ વખતે આવા સેંકડો કિસ્સાઓ બન્યા છે, આ વસ્તુ આપણી સંસ્કૃતિને બીલકુલ બંધ બેસતી નથી, તેને પહેલી તકે દૂર કરવાની જરૂર છે. જો આપણને જૈન સિદ્ધાંત ઉપર શ્રદ્ધા હોય તો બિકણતા એક મીનીટ પણ ન ટકી શકે, કારણ કે જે ભાવીભાવ છે તેને કોઇ મિથ્યા કરી શકતું નથી, એ બિકણતાનો નાશ કરવા માટે આપણે શરીરને સુદ્રઢ બનાવવું જોઇએ. અને તેને માટે વ્યાયામ અપૂર્વ સાધન છે, સ્થળે સ્થળે વ્યાયામના અખાડા ખોલવા જોઇએ. અને તેમાં તાલીમ લઇ શરીરને મજબુત બનાવવું જોઇશે. જ્યારે આપણી શક્તિ ઉપર આપણને વિશ્વાસ ઉત્પન્ન થશે ત્યારે બિકણતાનો આપોઆપ નાશ થશે.

બીજું સ્થાન પૂર્વની આપણી સંસ્કૃતિમાં વ્યવસ્થાનું હતું અને દરેક બાબતમાં આપણે વ્યવસ્થિત હતા, આજે એ બાબતનો નાશ થયો છે, તેને સ્થાને અવ્યવસ્થા ઘર કરી બેઠી છે, આપણાં ઘરમાં, સંઘમાં, મંદિરમાં, ઉપાશ્રયોમાં, ફંડોમાં મહોલ્લાઓમાં, કુટુંબમાં અને છેક જીવનમાં પણ અવ્યવસ્થા નજરે પડશે, જ્યારથી આ અવ્યવસ્થા પેઠી ત્યારથીજ આપણા અધઃપતનની શરૂઆત થઇ છે, વ્યવસ્થા એ જીવનના, રાષ્ટ્રના, ધર્મના, સમાજના, અને વિશ્વના વિકાસમાં અગ્રસ્થાન ભોગવે છે, જો વ્યવસ્થા ન હોય તો અંધાધુંધી ફેલાય. આજે આપણા સમાજમાં વ્યવસ્થાની ગેરહાજરીથી અંધાધુંધી ફેલાઇ છે, કોઇ જવાબદાર નથી, કોઇ કોઇને કહી શકે તેમ નથી, એવી પરિસ્થિતિમાં ઉન્નતિ કઇ રીતે શક્ય બની શકે? આપણે જો ઉન્નતિ ઇચ્છતા હોઇએ તો આપણે વ્યવસ્થિત બની જવું જોઇએ.

ત્રીજી બાબતમાં આળસવૃત્તિ છે. એક કુટુંબમાં દસ માણસો હોય તેમાં એક માણસ કમાતો હોય અને નવ માણસ ઘરમાં બેસી રહેતાં હોય, તે આપણા આર્થિક પતનનું મોટામાં મોટું કારણ છે, આ બાબત પણ ચલાવવા જેવી નથી, તે માટે હુન્નર ઉદ્યોગ, વગેરે શીખવા માટે શાળાઓ કાઢવાની જરૂર છે. સ્ત્રીઓ માટે ભરત, ગુંથણ, શીવણ, વગેરે ઘરગથ્થુ હુન્નરો શીખવાના સાધનો ઉભાં કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. આમ કરવાથી આપણે આપણા પગ ઉપર ઉભા રહેવાની યોગ્યતા મેળવી શકીશું. સૌની જવાબદારી સૌ કોઇ સમજી શકશે, અને જે એક બીજાનો આર્થિક બોજ જે આપણા ઉપર પડે છે તે નહિ પડે. તેથી આપણી આર્થિક પરિસ્થિતિ આપણે સદ્ધર બનાવી શકીશું અને આળસનું સ્થાન સ્ફુર્તિ, તનમનાટ, અને પુરૂષાર્થ ખીલવવાની અભિલાષા લઇ લેશે.

ચોથી બાબત ધર્મ અને સદાચાર છે, ભુતકાળમાં આપણે ત્યાં ધર્મ અને સદાચાર કસોટીએ ચડતા, ધર્મ એટલે કર્તવ્ય, જે સમયે જેવા પ્રકારનું આપણું કર્તવ્ય હોય, તે કર્તવ્યને સમજી તેને બરાબર બજાવવું તેનું નામ ધર્મ છે, જ્યારે આજે તો એ વસ્તુ ભુલાઇ ગઇ છે, અને કંદમુળ ન ખવાય, લીલોતરી ન ખવાય, અમુક વસ્તુ ન વપરાય, આમ ન થાય, તેમ ન થાય, એમાંજ ધર્મ મનાવાનું શીખવવામાં આવ્યું છે. આ બાબત જુદી છે. ધર્મ એ આત્માની જોડે સંબંધ ધરાવે છે, જ્યારે ઉપરોક્ત બાબતો બધી કુળાચાર દાખવે છે, તેની જોડે ધર્મને કશોજ સંબંધ નથી. ધર્મ એ અમુક વસ્તુ ન વાપરવાથી, પ્રતિક્રમણ, પૂજા, સામાયિક કે દાનથી થતો નથી, પરંતુ જીવનનો વિકાસ કઇ રીતે થઇ શકે તે માટેના સાધનો વિચારી તે સાધનોને ઉપયોગમાં લેવાથીજ થઇ શકે છે. અલબત જો પ્રતિક્રમણ, પૂજા કે સામાયિકમાં આત્મચિંતન થતું હોય તો જરૂર તે ધર્મ છે પણ આજના આપણા પ્રતિક્રમણ, સામાયિક કે પૂજામાં આત્મચિંતનને સ્થાનજ નથી કેવળ એક યંત્ર હોય અને તે જે રીતે પોતાનું કાર્ય કર્યા કરે છે, તેજ રીતે આપણે પ્રતિક્રમણ, સામાયિક કે પૂજા કર્યાજ કરીયે છીએ, તેથી કશો લાભ નથી. જો એ સમજણ પૂર્વક થતું હોય તો જરૂર ધર્મ છે, સદાચારના સંબંધમાં પણ આપણે બહુજ પછાત છીએ, આપણા આચરણો ગમે

# અ.......વ.......ન.......વા.

**સ્થાનિક**—વિસાઓસવાળ જૈન જ્ઞાતિના રવજી મેઘરાજી લાલન ઉંમર વર્ષ ત્રેવીસનાએ તેજ કોમની બાળવિધવા પાંચી બાઇ સાથે હીરાબાગમાં ગઇ તા૦ ૨-૭-૩૩ ના રોજ પુનર્લગ્ન કર્યાં હતા. જે વખતે હજારો માણસોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. (૨) મુંબઈ જૈન સ્વયં સેવક મંડળ તેમજ જુદી જુદી સંસ્થાઓ તરફથી માંગરોળ દરબારના ગૌ-વધની છૂટ આપનારા ફરમાન સામે વિરોધ દર્શાવવા અનેક સભાઓ થઇ હતી અને કોમ કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાવનાર ફરમાન છે તરત પાછું ખેંચી લેવા ઠરાવો થયાં હતાં.

**ભાવનગર**—જે ભાઇને અગાઉ દીક્ષાના સમાચાર પ્રબુદ્ધમાં પ્રસિદ્ધ થયા હતા. તેમનું નામ બાલચંદજી છે. વ્યાખ્યાન ઉદય સૂરી માનવ સમૂહ વચ્ચે વાંચતા હતા, બીજી તરફ સગા સંબંધીઓની સંમતિના કોન્ફરન્સના ઠરાવનું ઉલ્લંઘન કરી આ. નેમીવિજયજીના શિષ્ય લાવણ્ય વિજયજીએ મુંડન કીધા ડરના એક ભાગમાં શરૂ કરી આટોપી દીધી હતી. સુલે-હના સુત્રધાર કહેવાય છે કે એજ વખતે કોન્ફરન્સના આગે-વાનોને શાન્તી સ્થાપવા નોતરે છે. સમયની બલીહારી !

**તળાજા**—રામવિજયજીના એક શિષ્યે અગાઉ દીક્ષા છોડી દીધેલી એમને ફરીથી વેશ પરિધાન કરાવવામાં આવ્યો છે. (વધુ આવતા અંકે)

**પાલણપુર**—કન્યાશાળામાં વાર્ષિક મેળાવડો થયો. તે વખતે આચાર્યશ્રીએ સમાજની કન્યા કેળવણીની બેદરકારી તરફ આગેવાનોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. (૨) એક ગૃહસ્થ તરફથી જમણો અને જમણવારો પાછળ દસ હજાર ખર્ચવાનું સંભળાય છે. સમયને ઓળખી આ રકમનો વ્યય મહારાજ શ્રી કેળવણી તરફ કરાવે તો ?

**દહેગામ**—મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી અને તેમના શિષ્ય હિમાંશુ વિજયજી પાંચ જાહેર ભાષણો જુદા જુદા વિષયો ઉપર આપવાના છે.

**સોલાપુર**—છોટાલાલ મહેતા જેઓ દિગમ્બર છે તેમના વિવાહ શેઠ જેઠાભાઇ પીતામ્બરદાસ શાહ શ્વેતાંબર જૈનની કુમારીકા સુંદરબાઇ સાથે લગ્ન કરવામાં આવ્યા હતા. આ આંતર જાતિય વિવાહથી સોલાપુરના રૂઢી ચુસ્તોમાં ખુબ ખળભળાટ થઇ રહ્યો છે.

**સોના પાછળ ચાંદી ચાલી**—મુંબઇના બારામાંથી ગયા અઠવાડીએ અમેરીકાના દેવાના બદલામાં હપ્તા પેટે સોનાના નગદ્દબાર પાટ રૂા. ૧૪૬૪૯૯૪૫૭ ની કીંમતના રવાના થયા છે ઉપરાંત ૧૩૭૬૧૬૮ ની કીંમતની ચાંદી લંડન ગઇ તેતો જુદી. હીંદવાસીઓની આંખ ખુલશે કે ?

---

તેવાં હોય, પણ મહારાજનું વ્યાખ્યાન સાંભળતા હોઇએ, આગેવાનો સાથે "જીહાજી" "જીહાજી" કરતા હોઇએ તો સદાચારીમાં ખપીએ, કારણ કે મહારાજ અને આગેવાનો તો આપણને સુશીલજ કહેવાના પણ તેથી આપણો જીવન વિકાસ નહિ થાય. આપણે ખુબ નૈતિક બંધનોને અનુસરી આપણા આચરણો સુધારવાં જોઇએ અને જ્યાં જ્યાં નૈતિક અધઃ પતન જણાતું હોય ત્યાં ત્યાં તેને ન ચલાવી લેતાં તેની સામે બળવાજ પોકારવો જોઇએ. આમ થાય તોજ આપણી સંસ્કૃતિ આપણને ઉન્નત બનાવી શકશે. જગતના બીજા ઉન્નત સમાજોની હરોળમાં આપણે આવી શકીશું. અને સમસ્ત વિશ્વમાં આપણે આપણું અસ્તિત્વ સિદ્ધ કરી શકીશું.

---

(અનુસંધાન ૩૦૦ થી)

કરવાની તો દૂર રહી-વડોદરાના કાયદા માટે અમોને દોષિત ઠરાવે છે! હોય! તેથી તો આ કાળ કળજુગ કહેવાય છે! માટે તો હવેથી વેગળા જઇ સંમેલન માટે હકારો ભણવો પડ્યો છે.

પાટ પરના પગો ઠેબાડી, પન્યાસજી બોલ્યા—એમાં પણ પણ એવુંજ બન્યું છે! હવે તો આભ ફાટ્યું છે! જ્યાં વીરના સંતાન હિંમત હારે? જ્યાં સારાસાર સમજવાની બુદ્ધિજ બ્હેર મારી ગઇ છે ત્યાં કોને કહેવું? પેલાં ઠંડા પાણી પીનારના ઉપવાસોથી ધરતી હાલી ઉઠી જ્યારે અમારા મુનિઓના ઉપવાસનું કંઇ પરિણામજ ન મળે! ઉલ્ટા 'શત્રુંજય વેળા ક્યાં ગયા હતાં? 'કેશરીયાજી માટે શું કર્યું?' એવા સામા પ્રશ્નો ધરે છે! પ્રભુ! પ્રભુ!! છતાં ગભરાવાનું શું? અહા શાન્તી સૌ સારા વાના થશે! તો એકવાત પૂછું? શેઠે નમ્રતાથી નમી જઇ સવાલ કર્યો. ખુશીથી તમારા જેવા પરમ આર્હંત ને મનાઇ હોયજ નહી તો પછી. સુરિસમ્રાટને શા સારૂ આગેવાન કર્યા. આપેજ કહેલું કે તટસ્થ એટલે દુધ દહીં મા-બેવડા દોષિત......એમાં પણ હેતુ છે. અવસરે જણાવીશ. બાકી 'ગરજે ગધેડાને બાપ કહેવો પડે' એ કહેવત તમો નથી જાણતા?

ખરૂં, બાપજી, તમો શાસનના હીરા છો. જે કરતા હશો તે વ્યાજબીજ હશે. સંમેલન કરો કે પરખદા ભરો પણ સંયમના માર્ગ તો ઉંચાકાજ રાખજો. એ વિના ભવજળ તરવાનો આરો બીજો છેજ ક્યાં?

હવે પેલા ક્રોધિસવાળા શું કરે છે? મારીને ઠેકાણું સત્યા-નાશ વાળ્યું. મેં તો બે વર્ષ પુર્વે લાલબાગની વ્યાસપીઠપરથી એ સત્ય ઉચ્ચાર્યું હતું પણ રંગા-રામાના ઉપાસકોને ગળે એ ઉતરે ક્યાંથી?

સાહેબ, હું કંઇ છાપા બાપા વાંચતો નથી પણ મારો ગિમન કહેતો હતો કે પુનામાં એકઠા થવાના છે!

ધંધા ધાપા તદ્દન બંધ થઇ ગયાં છે. આજે તો ખરચા કહાડતાં નાકે દમ આવે છે! એ તો ધરડાની આબરૂએ રળી ખાઇએ છીએ.

હશે ત્યારે રજા લઇશ. કંઇ બીજું કામ છે?

ના, ના, પડિકમણામાં તો આવશોને?

હા, એ તો ચુકુજ નહિં. પૂજા, સમાયકને પડિકમણું તો ખરૂંજ.

હં, એક વાત કહેવાની ભુલ્યો. તમો ઉપદેશમાં પેલા સુધારાવાળાનું જોર નરમ પડે તેવા ચાબખા મારતાજ રહેજો. એ લોકો બહુ જોરમાં આવ્યા છે. કામ ધંધા વિનાના દિં ઉગે કંઇ ને કંઇ હવાઇઓ છોડેજ રાખે છે એમાં પેલી પરણાવી મળી. મને તો લાગે છે કે બાના ડોસા પહોંચ્યા કે જરૂર નાતરે જવાની!

શું જમાનો આવ્યો છે! ક્યાં સતી નાગિલા! ને ક્યાં આ અવલચંડી પદમણી!

એ તો અધર્મ બહુ પ્રસરે ત્યારેજ ધર્મના મુળ અંકાય.

અમો તો એ સારૂ તૈયારજ બેઠા છે.

ત્રિકાળ વંદના!

ધર્મ લાભ.

---

**પુના**—સેવા સદનમાં અભ્યાસ કરતી શ્રી કાશીબાઇ પાંગળેના લગ્ન ગુજરાતી જૈન યુવક લક્ષ્મીચંદ પીતાંબર સાથે ઉજવવામાં આવ્યા છે, લગ્ન વીધી આર્યસમાજની પદ્ધતિ અનુસાર કરવામાં આવી હતી.

# અયોગ્ય દિક્ષાના ખપ્પરમાં ફસાયેલી

## યુવાન વિધવાની આત્મકથા.

સિરોહી જીલ્લામાં આવેલ ઊડ ગામની રહીશ વિધવા બાઇ ચીમનીને ચૌદસના રોજ આ. નીતિ વિજયજીની શિષ્યાઓએ અલોપ કરી દીધી હતી. આપ્તજનોની શોધાશોધ અનુસાર મળેલી ખબર મુજબ ઉપરોક્ત સાધ્વીઓ પર સખ્ત દબાણ કર્યું, અને ધમકી આપી ત્યારે અષાડ શુ. ૫ ના રોજ શુભ કરનાર સાધ્વી જ્ઞાનશ્રી અને સંબંધીઓએ ન છુટકે પાલણપુરમાં તેમના શિષ્ય એજન્ટ xxxx ની વિધવા 'ચંદન' પર ચીઠ્ઠી લખી આપી. આ ચીઠ્ઠી પત્રમાં લખ્યું હતું કે "હમારા પુરા ફરજેના બાપ છે x x x જરૂર બતાવજો ભૂલશો નહિં," આમ બાઇ ચીમનીની શોધમાં થોડાક સગાઓને પીંડવાડા રાખી, તેના કાકી, સસરા તથા મારી પાલણપુર આવ્યા, અહીં આવી દિક્ષાના દલાલને શોધી કાઢી તેઓ અચળગચ્છના ઉપાશ્રયમાં આવ્યા, ત્યાં પાંચ દિવસના સુમતિશ્રી એક બાજુ બેઠા હતાં. આ રીતે બાઇ ચીમનીનો પત્તો લાગવાથી પિંડવાડા તાર કર્યો કે જેથી બીજાઓ આવે નહિ અને નકામો ખર્ચ ન થાય. ઉપરના બનાવની જાણ થતાં સુમતિશ્રીની મુલાકાતે હું પણ ગયો, ઉપાશ્રયના એક ખુણામાં લાજ કાઢી ઓઘાના ઓઢા તળે લપાઇને આ નવા સાધ્વી બેઠાં હતાં.

કેટલાક પ્રશ્નો પૂછતાં તેઓએ પોતાના આત્મનિવેદનમાં જણાવ્યું કે મ્હારી ઉંમર હાલ ઓગણીસ વર્ષની છે. બારમા વર્ષે સિરોહી નજીક ઉડગામમાં શાહ પરતાપચંદજી પુનમચંદજી સાથે મારૂં લગ્ન થયું હતું. અમારા લગ્ન જીવનને ત્રણ વર્ષ થવાં ન થયાં, ત્યાં તો વિધિના કારમા ઘાએ હું વિધવા થઇ (આ વખતે બાઇ ખુબ રડી પડી હતી) હિન્દુ સમાજ અને તેમાં જૈન સમાજમાં વિધવાઓનું સ્થાન છે તેવી મ્હારી હાલત થઇ, ને હું નકામી ગણાઇ. મારા પતિના દાગીના વિ. મ્હારા દિયરજીએ લઇ લીધા અને તેઓ ઘરને તાળું મારી ધારવાડ નજીક ગાણીબીંદુર ધંધો કરવા માટે ગયા, બે વર્ષ મજુરી કરી બાઇ! મ્હેં મ્હારૂં ગુજરાન જેમ તેમ ચલાવ્યું. ત્યારબાદ ગામના બીજા આપ્તજનો વિગેરેએ મ્હારા દીયરજીને સમજાવ્યા ને અમારી વચ્ચે સંપ થયો. મ્હારાં સાસુ, સસરા, મા વિગેરે ક્યારનાંએ પરલોક સિધાવ્યા છે, નજીકના સગામાં ફક્ત દીયરજી છે. મ્હારાં વિધવા મામી અને હું જેસલમેરના સંઘમાં જ્ઞાનશ્રી, તથા સંઘાણી સાથે ગયા હતાં. ચેલી બનાવવાના મોહે રસ્તામાં મ્હને ખુબ સમજાવી, મ્હને પણ લાગ્યું કે મ્હારા જેવી વિધવા માટે આના જેવું બીજું શું ઉત્તમ હોય? આ રીતે ક્ષણિક કહો કે સમજણ પૂર્વકનો કહો, પણ મ્હારામાં વૈરાગ્ય ઉછળ્યો, જ્ઞાનશ્રીને લાગ્યું કે આ ગામમાં મારી મુંડન ક્રિયા કરવી તે સલામતી ભર્યું નથી. એટલે મ્હને સમજાવી ચીઠ્ઠી લખી જેઠ વદી ચૌદસના રોજ આ તરફ રવાના કરતાં કહ્યું કે દીક્ષા લઇ પછી તમે આવી જજો. હું સંઘરીશ, એટલે હું એકલી મોટર, ટ્રેનમાં પાલણપુર આવી અને મળેલ સૂચના અનુસાર ચંદનબાઇને મળી. સાંજે જગાણા જે અહિંથી બે ત્રણ માઇલ દૂર છે, ત્યાં જઇ બીજે દિવસે સંસારી કપડાં કાઢી, મ્હારી સાથે લાવેલાં કપડાં, ત્રણ પાતરાં, સાડા ઓઘો અને એક તરપણી, વિગેરે આપ મેળે લઇ, મ્હારાં ગુરૂણીજીનાં કહેવા અનુસાર ગુરૂ તરિકે જ્ઞાનશ્રી થાપ્યાં અને સુમતિશ્રી નામ રાખ્યું. પછી નક્કી કર્યા મુજબ એક અન્ય જાતિની બાઇને છ આના આપવા કરી સાથે લઇ પાલણપુર આવી, ચેલા મહેતાની ધર્મશાળામાં ગઇ, ત્યાં તો બીજા ઉતરેલાં સાધ્વીઓએ મ્હને અનેક રીતે પૂછવા માંડયું. તેઓને જવાબ આપતાં મ્હેં જુઠું કહેવા માંડયું, કે પાલીતાણામાં દીક્ષા લીધી હતી. દાંડો વગેરે ખોવાઇ ગયાં છે. અને મ્હારા ગુરૂણીએ તજી દીધી છે. હજુ મેં લોચ કર્યો નથી, છ માસ પછી કરવાની છું, પછી મ્હને એક ઓરડી મુકી દઇ ઉતરવા હા પાડી, ત્યાં તો નક્કી કર્યા મુજબ ચંદનબાઇ આવી પહોંચ્યા ને દીક્ષાના ખાસ હિમાયતી એક બાઇ પાસેથી મ્હને દાંડો, ડંડા-સણની દાણી, કાગનું ઘુમટું, ગરણું વિગેરે લાવી આપ્યું. અને બીજા પાતરાં વગેરે પછી મળી રહેશે તેમ કહ્યું. થોડાક કલાક પછી અહીં રહેલા સાધ્વીજીઓને મ્હેં ભણાવવા અંગે કહ્યું, ત્યારે તેમણે મ્હને કહ્યું કે 'અમારી ચેલી હોય તો ભણાવીએ' વિગેરે. બાદ બીજે દિવસે અચળગચ્છના ઉપાશ્રયથી પ્રભાશ્રી મ્હને બોલાવવા આવ્યાં અને અહિં રહેતાં સાધ્વીઓને તેઓએ કહ્યું કે 'આ તો મ્હારા ગુરૂણીજીના ગામની છે હું ઓળખું છું' એમ કહી મ્હને લઇ ગયાં. પાછળથી ચંદનબાઇ મ્હારો સામાન અહીં લાવ્યાં અને હું છેલ્લા પાંચેક દીવસથી આ ઉપાશ્રયમાં આવી રહી છું, અત્યારે મ્હારા કાકાજી અને મામી આવેલાં છે. મ્હારો વિચાર મુંડાવેલા માથે જવાનો નથી. એટલામાં મ્હારી બાજુમાં બેઠેલા તેના સગાઓ તથા સ્થાનિક મદદ કરવા આવેલા ભાઇઓએ આ બ્હેનને સમજાવ્યાં ને કહ્યું કે 'જવામાં વાંધો નથી' એટલે સગા સ્નેહી સાથે નીકળી અને દરવાજા બહાર ધર્મશાળામાં જઇ વેશ પરિવર્તન કરી પાંચ દિવસના સુમતીશ્રી પાછા ચીમનીબાઇ બની લોકલમાં પોતાના ગામ તરફ ઉપડી ગયાં. —ખબરપત્રી.

**નોંધ:**—એક બાજુ જૈન સમાજમાં સુલેહનો વાવટો લઇ શાન્તિ કરાવવા વાતાવરણ ઉભું કરવાની વાતો થાય છે, બીજી તરફ મુંડનક્રિયાનો ધમધોકાર ધંધો ચાલે છે. અમે એ કહેવાતા સુલેહના ફીરસ્તાઓને પૂછીએ છીએ કે શું ધીકતો ધંધો ચાલુ રાખીને સુલેહ કરાવવા માંગો છો? —તંત્રી.


## ધી કલ્યાણચંદ નવલચંદ જવેરી જૈન પ્રાઇઝ.

## (ઇનામ રૂ૦ ૧૨૦)

મુંબાઇ યુનીવરસીટીની છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં જૈન વિદ્યાર્થીઓમાંથી જે જૈન વિદ્યાર્થિએ વધારે માર્કસ મેળવ્યા હોય અને આગળ અભ્યાસ રાખવાનો હોય તેને ઉપજું રૂ૦ ૧૨૦) નું ઇનામ આપવામાં આવશે. ઉમેદવારોએ તા૦ ૩૧-૭-૩૩ સુધીમાં સીટ નંબર માર્કસ અને બીજા પર્ટીક્યુલર્સ સાથે નીચેના સરનામે અરજી કરવી.

૧૩૪ બારાકુવા, મુંબાઇ } ઓ. સે. ક. ન. જવેરી જૈન પ્રાઇઝ.

# ક્રાન્તિ ચક્ર.

જ્યારે જગત ઉપર કોઇ મોટો ફેરફાર થવાનો હોય ત્યારે ક્રાન્તિ ચક્રનો વેગ વધી જાય છે. આરોગ્યરૂપી અજવાળા ઉપર જ્યારે મહારોગોરૂપી અંધકાર પોતાની પછેડી પાથરે છે, ત્યારે એ અંધકારના પૂજારીઓ આનંદે છે, પણ આ યુગમાં તો સૌ કોઇ સમયનો સુસવાટો અનુભવી રહેલ છે, એટલુંજ નહિ પણ સમાજનો મોટો ભાગ કોઈ ધડાકાની આગાહી કરી રહેલ છે. અંધકારથી નાચનારા અને રાચનારા પણ અંદરથી મુંઝાઇ રહ્યા છે, એટલે માનવ-રાજના માથાનું ક્રાન્તિચક્ર માનવીના અહંભાવને નવો પાઠ શિખવશે.

ક્રાન્તિ કહે છે કે, ઓ માનવી! તું ગમે તે જાતની પદ્ધી ભોગવતો હો! ત્હારા ગજવામાં ભેદભાવના ભરી છે, એને ઉકેલ્યા વિના આરો નથી. પુરૂષ રાજને બાળક લાગે છે તેથી રૂઆબથી અર્ધ-રાજ ચલાવવા માંગે છે. સાસુઓ અને શેઠો, વહુઓ અને નોકરો પાસેથી ધાકધાગ ધાર્યું કરાવવા ચાહે છે. ગુરૂઓ શિષ્યને અંધ શ્રદ્ધામાં રાખવા મથી રહ્યા છે, અને રાજવીઓ પ્રજાને સત્તા-સોટી દેખાડે છે, ધર્માન્ધોને, અંત્યજોથી આભડછેટ લાગે છે, અને શ્રીમંતોને ગરીબ ગોલાઓ દેખાય છે. રાજત્વના લોભ અને મદમાં મનુષ્ય ભાન ભૂલી બેઠો છે, ત્હેને ક્રાન્તિના રણકાર સંભળાય છે.

ક્રાન્તિના પ્રકાર અનેક ગણાય. બુદ્ધિવાદીઓ કહે છે, "સૌ બુદ્ધિ સ્વિકારો અને જગત તમારા બળને નમશે." રાષ્ટ્રપ્રેમીઓ કહે છે, "રાજદ્વારી મુક્તિમાંજ સામાજીક, અને આર્થિક શાંતિ છે, એવી રાજદ્વારી ક્રાન્તિ જગાવવા પ્રાણ ન્યોછાવરનાર કરવા જોઇએ સુધારકો સામાજીક ક્રાન્તિને મહત્વ આપી રહ્યા છે."

ક્રાન્તિ એક મુખી નથી પણ અનેક મુખી છે અને તેથી અનેક દિશાએ કાર્ય થવું જોઇએ. હવે કાર્ય જો નિષ્કામ હોય, કાર્યની પાછળ ઐહિક અને અકરામની લાલસા ન હોય તો તે સામાજીક કાર્ય કહી શકાય. સામાજીક ક્રાન્તિની ગતિ ધીમી પણ સરળ છે અને તેમાં પુરી તાકાત જોઇએ.

અત્યારે સામાજીક પ્રવાહની દિશા ઉત્કર્ષની દિશાએ છે પણ તેમાં બહિર્મુખ થવાય તો તે સામાજીક ક્રાન્તિને અવરોધે છે એમ કહી શકાય, સામાજીક ક્રાન્તિની ગતિ ગમે તેટલી ધીમી હોય પણ તેમાં સાત્વિક રસ હોય.

દાખલા તરીકે ખાદી ઉપજ, વપરાશ કે પ્રચાર જો સામાજીક ક્રાન્તિની દ્રષ્ટિએ કરવામાં આવે તો તેની પાછળ સાત્વિકતા અને શુદ્ધી રહેલા છે, સાથેસાથ આર્થીક ઉકેલ આવી જાય છે. અસ્પૃશ્યતા નિવારણને લઇએ તો તેમાં ધાર્મિક ક્રાન્તિ રહેલી છે. ધર્મ કૃતિમાં જે ઉચ્ચ-નિચના ભેદોએ ગોટાળો અને જડવાદ પેદા કર્યા છે તે ફેરવાઇ જશે. ક્રાન્તિ કરશે અને સમાજ શુદ્ધિને માર્ગે લઇ જશે. આ બન્ને વસ્તુઓ રાજકીય દ્રષ્ટિએ અવલોકવામાં આવે તો જે સામાજીક ક્રાન્તિની સંગિનતા આપણે જોવા પ્રચ્છીએ છીએ, તેમાં જરા ગોળપ દેખાય છે, અલબત સામાજીક ક્રાન્તિની વચમાં કોઇ આવરણો આવી પડે, પછી ભલે તે હિમાલય પહાડ જેવડા હોય, તે આવરણોને ફેંકી નાંખવા પ્રાણાર્પણ સુદ્ધાં કરવાની તત્પરતા હોવી જોઇએ.

સામાજીક ક્રાન્તિ એ ગણવા માંડવાનું નહિં, પણ લાખો કરોડોનું ક્ષેત્ર છે, એ ક્રાન્તિ પાછળ દરેક કાટખુણાની ચોક્કસતા નક્કી થવાની છે. સામાજીક, આર્થિક, રાજકિય અને વ્યવહારિક એ બધી ક્રાન્તિ માંહે સામાજીક ક્રાન્તિનું બળ એવું છે કે એક કાટખુણો સરખો કરતાં બાકીના સર્વે કાટખુણા સરખા થઇ રહે.

સામાજીક ક્રાન્તિમાં લગ્ન શુદ્ધિનો પ્રશ્ન અત્યારે મુખ્યપણે ગણવામાં આવે છે અને તે યોગ્ય છે. મનુષ્ય એ સામાજીક પ્રાણી છે અને સમાજના સહકાર અને સહ-શિક્ષણ વડે તે ઉન્નત રહી શકે છે. એટલે લગ્નની અત્યારની પ્રણાલીકામાં જબ્બર ક્રાન્તિ લાવવાનું કાર્ય આધુનિક સુધારકોનું છે. અનેક અથડામણો અને મુશ્કેલીઓ સહન કરીને પણ સમાજ શરીરના સાથી રૂપ-મુખ્ય અંગરૂપ સ્ત્રીઓની સામાજીક ઉન્નતી અર્થે લગ્ન પદ્ધતિમાં એકદમ ફેરફાર થવો જોઇએ, બાકી બન્ને પાત્રોએ પસંદગી કરીને સ્વેચ્છા પૂર્વકના લગ્ન કરવા જોઇએ, અને પ્રજાના માબાપ થતાં પહેલાં તેઓને એ દિશાનું વ્યવહારિક જ્ઞાન મળવું જોઇએ. ક્રાન્તિકારો આ દિશાએ પ્રયત્ન કરશે?

લેખક-લાલચંદ જયચંદ વોરા.

# ?

" જીર્ણ-તકાભાને-સંહારી,
યુવાન નવસર્જન પ્રેરે! "

: યૌવન :

× × ×

જ્યારે જ્યારે આપણી જ્ઞાતિ-સંસ્થા વિષે બોલવામાં આવે છે ત્યારે પુરાણવાદીઓ ત્હેનો બચાવ કરતાં કહે છે કે "જ્ઞાતિ સંસ્થાની ઉત્પત્તિ તેનાથી ફાયદા હશે તોજ થઇ હશેને! અને અનેક હુમલા છતાં આજે તે હૈયાતિ ભોગવે છે તે પણ તેની ઉપયોગિતા હશે તોજને!" જ્ઞાતિ સંસ્થાની ઉત્પત્તિ કયા સંજોગોમાં અને કયા કારણસર થઇ હશે તેના ગુંચવણ તે સંસ્થાના અભ્યાસી 'સાક્ષરો' ભલે કર્યા કરે. મ્હને તો એક નિરક્ષર બાઇએ કરેલી વ્યાખ્યા ગમી ગમે છે. આ રહ્યા તે વિચારો:-

"ભાઇ! ન્યાત-ન્યાત શું કરો છો! ન્યાત તો એક વાડો છે. ન્યાતની બહાર કન્યા અપાય નહિં અને ન્યાતની બહારથી કન્યા લેવાય નહિં. આપો તો તમારો બહિષ્કાર અને લાવો તો 'ભાણે ખપતી'ની ખાત્રી અને થોડા ઘા વધારે દંડ: આવા પ્રકારની મર્યાદાને લીધે બહારથી જરૂર પડે થોડું સહન કરીને આવતી થાય પણ બહાર કન્યા ન જાય. એટલે ફરજીયાત અંદરો અંદર પસંદગી કરવીજ પડે. અભણ અને અપંગ પણ લગ્નના લ્હાવા લઇ શકે. બબ્બેવાર પરણનારની ઉમેદ બર આવે અને કોઇ ઘરડોખખ્ખર પાછળ 'વારસ' મુકી જવાની આશાએ કે ઘડપણ પણાય તેટલા ખાતર થોડે ચકવાનો વીચાર કરે તો તેની આશા નિષ્ફળ નજ જાય. અને વળી બેચાર મોરકબા ઢોર હોય, તેમની ઇચ્છા અને સ્વાર્થ મુજબના કાયદાકાનુનો એટલે પુછવાનુંજ શું! આખાય વાડા ઉપર એક ચક્રે એમનુંજ રાજ્ય ચાલે! અને મારકણા ઢોરથી કોણ ના બ્હીએ! કારણ કે મારકણા ઢોર જે વાતો કરે છે

તે વાડાના લાભની છે, એમ માનવાની ફરજ બીજાં ઢોરોનાં મનમાં તેમણે પોતાની શેહથી કે શીંગડાને જોરે ઠસાવી દીધી હોય છે. કોઇ પાંચ પંદર ઢોર સંપે અને વાડાના ભુક્કા કાઢી નાંખે તો જુઓ બીજાં ઢોર પડેલા માર્ગે જાય છે કે નહિં ?"

ઉપલા અભિપ્રાય સાથે આપણી હાલની જ્ઞાતી સંસ્થાઓની કાર્ય પ્રણાલી મેળવતાં આપણે એ અભિપ્રાય સાચો હોવાનું કબુલવુંજ પડશે. × × ×

અને પ્રત્યેક દિવસે માનવ સમાજ જ્યારે વિશાળતામાં જવા ઉતાવળો થઇ રહ્યો છે, સમાજમાંથી અસમાનતા–અન્યાય, અત્યાચાર અને વ્યભિચારને હાંકી કાઢવાના સ્વપ્ન સાચાં પાડવા મથી રહ્યો છે, ત્યારે સંકુચિત મનોદશા સેવવી એ પાપજ ગણાય. અને તેમાં કેવળ પોતાની કેવળ વ્યક્તિગત સગવડો સચવાતી હોય તેટલાજ ખાતર કેળવાયેલા ગણાતા અને ઉંચી આકાંક્ષાઓ ધરાવવાનું દાવો કરનારાઓ જો જ્ઞાતિ સંસ્થાની જોહુકમી આગળ માથું નમાવી ઉભા રહે તો તો 'પામરતાની' અવધીજ થાય ! × × ×

જ્ઞાતી સંસ્થાદ્વારા વધારેમાં વધારે તો સ્ત્રી વર્ગનેજ સહન કરવું પડે છે. કેળવણીના અભાવે પતીની પસંદગીમાં પોતાનો અવાજ હોઇ શકે એવું ભાન બાલિકાઓના હૃદયમાં ઉગ્યુંજ નથી હોતું ! અને કદાચ કેળવણી કે સારી સમજથી પ્રેરાય કોઇના હૃદયમાં એ વિચાર ઉદ્ભવે તોપણ વડિલોની મર્યાદા તેમને ડારતી સદાય ઉભીજ હોય છે! બીજી તરફ છોકરાઓ કેળવણી સંસ્કાર અને પ્રસરતા જતાં સ્વાતંત્ર્યના વાતાવરણની અસરને લીધે કંઇક સીધી વા આડકતરી પોતાનો અવાજ રજુ કરે છે. કેટલાક પ્રસંગોમાં વડિલો જરા નમતું મુકે છે; પણ મોટે ભાગે વડિલો પસંદ કરવાનો પોતાનો હક્ક ગમે તે ભોગે સાચવીજ રાખે છે. મનના મેલ વગરના, અસમાન વિચારના અને વડિલોએ 'લ્હાવા લેવા ખાતર જોડી આપેલાં 'જોડલાં' જીવનનો ભાર ખેંચે જાય છે.

પિતાના વારસામાં છોકરીઓનો કૈં હક્કજ ન પહોંચે એટલે તેણે તો પરણીને સાસરામાંજ નિભાવ કરવાનો–સુખ હોય કે દુઃખ અને વિધવાની સ્થીતિ માટે તો લખવાનુંજ શું હોય ! પિયેરીયાં "હૈયા સગડી" માને. સાસરામાં 'કાળમુખી' ગણાઇ ધિક્કારને પાત્ર બને. ઘણાય દાખલાઓમાં વિધવાઓને તેનો પતી જવાના કારણસરજ સાસરાની મીલ્કતમાંથી ભાગ તો શું પણ 'પોષણ' જેટલું મળવાના પણ ફાંફાં પડે છે. તેણે તો સાસરામાં કે પિયેરમાં ગુલામી કરવાની વાતો કોઇ સાધ્વીનું શરણ શોધી પેટ ભરવાનો માર્ગ શોધવો રહ્યો. જ્ઞાતિ સંસ્થા તેમને ન્યાય નથી આપતી અને તેમની ઉપર અત્યાચારો ગુજારવામાં પોતાનો પૂરેપુરો હીસ્સો આપે છે એટલે

## આ. નેમિસૂરિને ચરણે.

૧

મુનિ શ્રી રામવિજયજી મહારાજે ખંભાતમાં પ્રવેશ કર્યો અને બીજી બાજુ સમાધાન માટે પ્રયાસોની વાતો ચાલી રહી છે; પરંતુ ખંભાતમાં આજે એક પ્રશ્ન વધુ ચર્ચાસ્પદ બન્યો. કહે છે કે–વતરા મુકામે સાડા ૭ વર્ષના એક બાળકને દીક્ષા આપવામાં આવી. આમાં વાત એમ પણ ચાલી છે કે આ નવદીક્ષિત માટે વાણંદને બોલાવવામાં આવેલા ત્યારે તે વાણંદે પણ બાળકની પરિસ્થિતિનો વિચાર કરી બાળકના કેશ ઉતારવાની ના પાડી હતી, અને લાલચ પછી પણ વાણંદે કેશમુંડન ન કર્યું ત્યારે કોઇ બીજાએ હાથો હાથ પતાવ્યું. આમાં પ્રશ્ન માત્ર એ છે કે જો આ દીક્ષા વ્યાજબી લાગતી હતી તો ખંભાત નજીક હોવા છતાં વતરામાં એ કામ એકાએક કેમ પતાવવું પડયું ? નવદીક્ષિતને સાચવવામાં કહે છે કે નાણાંનો ઉપયોગ કરવામાં આવેલ એ વાત સત્ય હો વા અસત્ય પરંતુ આજના કલહના ઓસરતા પાણીમાં, આવી ચર્ચાસ્પદ દીક્ષાના નહીં ઇચ્છવા યોગ્ય વરઘોડા કઢાવી, જનતાને ચર્ચાનો વિષય આપવામાં લાભ શું છે? હજુ પણ જો આવી આ ઘેલછાનાપૂર ચાલુજ રહે તો સમાધાનને દુર કરવાની કે દરેક રાજ્યોને દીક્ષાની નિયમાવલી યોજવાની શું આ તરકીબ નથી લાગતી ?

૨

અયોગ્ય દીક્ષાની દુનિયામાં સાધ્વીજીઓના ભજવાતા ભાગનો ઇતિહાસ જેટલા પ્રમાણમાં રચાય છે તેટલો જો કે બહાર આવ્યો નથી, એમ છતાં આજના વહોળાતા વાતાવરણમાં તેમનો હિસ્સો કંઇ કમ નથી; અને કવચિત્ કવચિત્ તો એ પરાક્રમના પ્રકારનો બહાર આવતા હતા. કહે છે કે કલોલ તાલુકાના એક વિભાગમાં આવો એક પ્રસંગ વૈશાક શુદ ૭ ના બની ગયો હતો, આજે પણ ચર્ચાઇ રહ્યો છે. કહે છે કે કલોલ તાલુકાની વેડુ ગામની ચંપા નામની એક બાઇને સાધ્વીશ્રી મંગળાશ્રીએ કલોલ અને સેરિસા વચ્ચે કપડા પહેરાવી અને ભોયણી તરફ વિહાર કર્યો. કેટલીક વખત ગમે તેટલી છાની રીતે અપાતી દીક્ષાઓ બહાર આવી જાય છે તેમ આ કિસ્સામાં પણ બન્યું. ચંપાના વાલીઓને વેડ ગામમાં આ સમાચાર મળ્યા. તેઓ અજાયબ થયા, કારણ કે આ પ્રસંગ પડદા પાછળજ ખેલાયો હતો. એટલે એકાએક વાત આવતા તેઓ મોટર લઇને ચંપાની શોધમાં નીકળ્યા. ભોયણી ગામે ચંપા, સાધ્વી શ્રી મંગળાશ્રીજી વગેરે મળી આવ્યા. વાલીઓએ ચંપાની માગણી કરી. હા–ના થઇ, આખર તોફાન ચાલતા બાઇના કપડા ખેંચી લેવામાં આવ્યા અને બાઇને મોટરદ્વારા પોતાના વતનમાં લઇ જવામાં આવી.

સંઘના સહકાર વિના છુપી રીતે અપાતી દીક્ષાઓની પાછળ હમેશા સંઘને શરમાવનારા આવા પરિણામો રહેલાં છે, અને ધીમે ધીમે આ ઘેલછા સાધુ–સંસ્થામાંથી સાધ્વી–સંસ્થામાં પણ એટલાજ કાવા–દાવાથી પ્રચલીત થતી આવી છે. આ પ્રથાપર જેટલો અંકુશ મુકવામાં આવે તેટલો સમાજને લાભ છે. "જૈન"

# પદ્માની પ્રતિજ્ઞા.

(સામાજીક નવલિકા)

લેખક,
શ્રી પદ્મકુમાર.

## પ્રકરણ ૪ થું.
### ભૂતકાળમાં ડોકીયું.

'મહારાજ સાહેબ, લ્યો આપની ટપાલ, આજે કંઈ ઢગલા બંધ કાગળો જોઈ, વિચાર આવ્યો કે આપને જાતેજ આપી આવું.'

ઉપાશ્રયનો દાદર ચઢી, પન્યાસજી મહારાજવાળા ખંડમાં પ્રવેશ કરતાં શેઠ ધનચંદે જણાવ્યું.

આમ છતાં પન્યાસજી મહારાજ તરફથી કંઇ ઉત્તર ન મળ્યો.

'સાહેબ, આજે કંઇ ખાસ ઉંડા વિચારમાં છો?'

'અરે, ના, ના, એ તો સહજ. ઠીક થયું કે તમો આવ્યા.'

પન્યાસે વિચાર માળા અટકાવી જવાબ દીધો. તરતજ આવેલી ટપાલ હાથમાં લઇ એક પછી એક જોવા માંડી. મુદ્દાની સમીપસ્થ પાટ પર રાખી બાકીની મુખ્ય શિષ્યને બોલાવી સુપરત કરી. શેઠ સહ વાતમાં જોડાયા—

'જુઓને શેઠ, આ વેળાના વિહારમાં મેં અનુભવ્યું એ પરથી કહું છું કે આ તરફના જૈન સમાજમાં ધર્મ ભાવનાના પૂર સાવ ઓસરવા લાગ્યાં છે! તમારી સત્તાના તેજ મને તો ઝાંખા પડી ગયા દીસે છે. આમ કેમ બન્યું એનાજ હું વિચાર કરતો હતો! આજે તારકપુરમાં ભારોભાર નાસ્તિકો ભરાયા છે! ધર્મી છે પણ નાથાશા જેવા અપવાદ રૂપ. ગુણાવતીમાં પગ મૂક્યા ને દિવસ તો પૂરા પાંચ થયા છે ત્યાં તો કંઇને કંઇ ચર્ચાઓના જન્મ થયા જાણું છું. અહીંના જુવાનો પણ તમોને ગણકારતા નથી. મોટા શેઠના સમયમાં તો કોઇનામાં હુંકાર કરવાની તાકાત નહોતી! તેઓ ધારે તે કરી શકતા. તેથીજ 'ગુણાવતી'ની ધર્મ ભાવના મોખરે આવવા પામી છે. પણ આજે એ બધું ભુંસાતું લાગે છે! નગર ને કસ્બાર એ તો નાના ગામ છતાં ત્યાંપણ સુધારાનો ઝેરી વાયુ પહોંચ્યો છે! આ બધું કેમ બની ગયું?'

'સાહેબ, એ ઇતિહાસ લાંબો છે, છતાં તમો પૂછો છો ત્યારે કહેવાનો મારો ધર્મ છે, મેં તો ધર્મને જીવંત રાખવા, તમારો સાચો ઉપદેશ પ્રચારવા બહુએ પ્રયાસો સેવ્યા, પણ કંઇ ફળજ ન બેઠા. હું તમોનેજ સાચા ગુરૂ માની, જ્યારથી તમારી વાણી સાંભળી ત્યારથી એ પાછળ લાગ્યો છું. નથી જોયો વેપાર ને નથી રાખી સંસારની દરકાર. કેટલાયે વીતકો વીત્યા. ધન ઘટયાં ને શોક વધ્યા. છતાં મારું પરિણામ ન આવ્યું. હવે તો હાથ હેઠા પડયા છે. તમો કંઇ રસ્તો કહાડો.

આ ગુણાવતીમાં અમારી એક લાકડીએ તંત્ર ચાલતું. જ્યાં અમે ત્યાં સમાજનો પંદર આની ભાગ. એક આની માથું ઉંચકતો પણ એને શીરે કમરાગાળુજ. કેટલાયને દંડી નાંખ્યા ને કેટલાયના ગુલામી ખત લખાવી લીધા એતો હજુ ગઇ કાલની વાત છે!

પણ પેલા જુવાનીઆનું મંડળ બંધાયું ત્યારથી રાહુની દશા બેઠી! મેં જાણ્યું એ ટીમકુડા તે શું કરવાના? પણ આજે તો તેનીજ હાક વાગે છે. એમાં ખાના ડોસાએ ઘી હોમ્યું. આમ તો રોજ સામાયક કરે ને પડિકમણું ન ચુકે પણ છોકરા સારૂં ઘડપણમાં બીજી કરી. આજે તો એ મરવા પડયા છે પણ પેલી રંડાને આ ચુવકડાઓને જબરો ટેકો મળ્યો છે. એક તો વાંદરા ને તેમાં દારૂ પીવા જેવું થયું. એટલી મઢી છતાં રાતો સનકો ધર્મશાળામાં નથી કહ્યો. મારો હીરાચંદ ગયો તે પાછો આવ્યો! બાઈ બાપ તેટલું પાણી પીવે છે! પેલા એક સમયના શ્રીચંદ, જેણે આપે 'શાસન સ્થંભ' કહેલા તે તો પીઠ ફેરવી બેઠા છે. એમાં તમારૂં 'રમણ-ભ્રમણ' પ્રકરણ ઉપન્યું. સૂરિજીના કહ્યા મુજબ જોરથી બંધ બાંધવા માંડયા ત્યાં તો ભાત તૂટી પડયું. વખાણમાં મારી સાથે બેસનારા પેલા બધા સામા પડયા. ત્યારથીજ અમારી હાર શરૂ થઇ! આજે તો અમારી દશા ન્યાત બહાર જેવી છે! ધરમ સારૂ આ જહેમત ઉઠાવી છતાં વાત વીપરીત થઇ પડી છે. અમારા ધર્માંમાંથીજ પેલા જસાએ અને વેલચંદે મહારાજ સામે કાગળ ઉરાડયો! આમ અમારો તરાપો પોતાના પાપે ડુબવા બેઠો છે!

તારકપુરમાં તમે નાથાશા ને ધર્મી કહો છો પણ એણે ખાના શેઠના દશ હજાર ખાઇ લીધા હતા. વળી આજે બીજી છોકરીના ભાર લેવા બેઠો છે! ગઇ કાલે જે સુતની ઉઘરાણી

---

એકંદરે જ્ઞાતિ એ સ્ત્રી વર્ગને માટે 'સીતમ ચક્કી' સિવાય બીજું શું ગણાય?

× × ×

આજે પ્રત્યેક વિચારશીલ યુવાનને જ્ઞાતિના મનસ્વી બંધારણ: પટેલીઆઓની જોહુકમી વલણ: લગ્ન માટેની પસંદગીનું સાંકડું ક્ષેત્ર: ખીસ્સામાંથી બહાર કાઢવામાં આવતાં કાયદા કાનુનોના આધારે ગુજરવામાં આવતો અન્યાય અને અત્યાચાર: આ બધું જરૂર ખૂંચે છે. એટલે છૂટા છવાયા હુમલાઓ તો થયાજ કરે છે. પરંતુ જરૂર છે, તે વ્યવસ્થિત હુમલાની.

× × ×

જ્ઞાતિ સંસ્થા ભલેને એક કિલ્લો હોય! પણ એક યા બીજી રીતે તેમાં ગાબડાં પડવાં શરૂ થઇ ચૂક્યાં છે. "મારકણાં" ઢોરની બ્હીકને ઉંચો મૂકી એમની સામેજ થનારાજ નહિં પણ એ 'વાડ'ને તોડનારા આજે હિન્દુ સમાજમાં પાકયા છે. અને શાન્ત જણાતી સપાટી નીચે જ્ઞાતિ સંસ્થા સામે ઉગ્ર રોશ ધરાવનાર વર્ગનું સબળ એકીકરણ કરી રહ્યો છે અને આ એકીકરણ સામાજિક ક્રાન્તિનું એક પ્રબળ મોજું જરૂર લાવશેજ! એમ કહેવું વધારે પડતું નથી. ક્યારે લાવશે તે નક્કી ન કહી શકાય! પણ જો જ્ઞાતિ સંસ્થાને નિભાવી રાખનારા ચેતે તો તેમને 'કાળ' સહસ્ત્ર જીહ્વાએ પોકારીને કહી રહ્યો છે, કે "જ્ઞાતિસંસ્થા પ્રાણવાન બને અને તેમાં સમાનાર વ્યક્તિનાં જીવન વિકાસમાં પ્રેરણા અને સહાય આપનાર નિવડે તેવી બનાવવા શીઘ્ર પ્રયત્ન આદરો યા તો જ્ઞાતિ સંસ્થાનો નાશ નજરે નીહાળવા તત્પર રહો!"

8-7-33 —Fedist.

# हिन्दी विभाग.

## दिगम्बर जैन जातियाँ ।

(लेखकः—माणिकलाल अमोलकचन्द भटेवरा)

संसार के किसी भी धर्म को लीजिये; उसमें आंतरिक मेदभाव, शाखाएँ प्रशाखाएँ तो होंगीं ही,—जैसे कि बौद्धों में हीनयान, महायान, ईसाइयों में रोमन कैथोलिक, प्रोटेस्टेंट, मुसलमानों में शिया, सुन्नी, जैनों में श्वेताम्बर, दिगम्बर, स्थानकवासी तेरापन्थी आदि । किसी भी धर्म का संस्थापक तो संसार के—समाज के भले के लिये ही धर्म का स्थापन करता है; वह स्वयं तो ये भेदभाव के बीज बो ही नहीं सकता । फिर प्रश्न उठता है कि ये आंतरिक भेदभाव आये कहां से? मंथन करने से ज्ञान होता है कि प्रत्येक धर्म पर पडौसी धर्मों का और देशकालानुसार अन्यपरिस्थितियों का प्रभाव पडता है; और इन प्रभावों और परिस्थितियों के अनुसार धर्म की आंतरव्यवस्था में परिवर्तन करने या न करने पर आपस में मतभेद हो जाता है; और प्रत्येक पक्ष अपना कक्का खरा करने के लिये अपने को एक जुदा पन्थ मानने लगता है । इस भेदभाव का फल यह होता है कि धर्म का असल ध्येय (Goal) लुप्त हो जाता है और उसका स्थान रूढियां ले लेती हैं । बौद्ध, ईसाई आदि धर्मों के समान जैन धर्म भी अपने समयका एक मिशनरी धर्म है । ब्राह्मण (सनातन) धर्म में चलती हुई घोर हिंसा और जाति भेद—ऊँच नीच भाव को नाश करना ही जैन धर्म का उद्देश्य है । फिर भला जैन धर्म में ही जिस की दृष्टि में न कोई ऊँच न कोई नीच ही हो सकता है, जातिभेद और ऊँच नीच भाव हो यह क्या कम आश्चर्य और दुख की बात नहीं है ?

आज जैन धर्म के अनुयायियों की क्या दशा है ? शनैः शनैः ब्राह्मण धर्म की तरह उनमें भी सौ से अधिक शाखा प्रशाखाएँ हैं । दिगम्बर जैनों में नीम्न लिखित जातियाँ हैं:—

१ खंडेलवाल २ अग्रवाल ३ जैसवाल ४ जैसवाल (दसा) ५ परवार ६ पद्मावती परवार ७ परवार दसों ८ परवार (चोसके) ९ पल्लीवाल १० गोलालारे ११ विनैक्या १२ नूतनजैन १३ ओसवाल १४ ओसवाल (बीसा) १५ गंगेरवाल १६ बडेले १७ बरैय्या १८ फतेह पुरिया १९ दि. जैन २० पोरवाल २१ बुडेले २२ लोहिया २३ गोलसिंघारे २४ लैरीचा २५ लमेचु २६ गोलापूर्व २७ गोलापूर्व (पचबिसे) २८ चरनागरे २९ धाकड ३० कटनेरा ३१ पोरवाड ३२ पोरवाड (जांगडा) ३३ पोरवाड (जांगडाबीसा) ३४ धवल जैन ३५ कासार ३६ बघेरवाल ३७ आयोध्यावासी (तारन पन्थ) ३८ आयोध्यावासी ३९ लाड जैन ४० कृष्णपक्षी ४१ काम्बोज ४२ समैय्या ४३ असाटी ४४ दशाहूमड ४५ बीसाहूमड ४६ पंचम ४७ चतुर्थ ४८ बदनेरे ४९ पापडीवाल ५० भवसागर ५१ नेमा ५२ नरसिंहपुरा बीसा ५३ नरसिंहपुरा दसा ५४ गुर्जर ५५ सैतवाल ५६ मेवाडा ५७ मेवाडा (दसा) ५८ नागदा (बीसा) ५९ नागदा (दसा) ६० चितोडा (दसा) ६१ चितोडा (बीसा) ६२ श्रीमाल ६३ श्रीमाल दसा ६४ सेलवार ६५ श्रावक ६६ सादर (जैन) ६७ बोगार ६८ वैस्य (जैन) ६९ इन्द्र (जैन) ७० पुरोहित ७१ क्षत्रिय (जैन) ७२ जैन दिगम्बर ७३ तगर ७४ चौधले ७५ मिश्र जैन ७६ संकवाल ७७ खुरसाले ७८ हर दर ७९ उपाध्याय ८० ठगर बोगार ८१ ब्राह्मण जैन ८२ गांधी ८३ नाई जैन ८४ बढई जैन ८५ पोमरा जैन ८६ सुकर जैन ८७ महेश्री ८८ अन्य धर्मी. अस्तु.

कोई कोई शाखा में तो तीन तीन या चार चार तक ही घर हैं । और इतनी अल्पसंख्यक होने से बेटी व्यवहार का क्षेत्र संकुचित होने के कारण वे बडी तेजी से नाश के मुँह में जा रही हैं, फिर भी धर्म डुबने के भयसे दूसरी जातियों से सम्बन्ध करके अपनी रक्षा नहीं कर सकती हैं । प्रति वर्ष जैन धर्म के अनुयायी कम होते जाते हैं । अगर अब भी न संभलें तो शायद बहुत ही थोडे वर्षों में जैन धर्म का अस्तित्व केवल इतिहास के पृष्ठों पर ही रह जायगा ।

महावीर पुत्रों, जागों, अब तो इन अन्तर्भेदों को दुर करो और जैन धर्म की रक्षा करो । तथास्तु ।

---

બોલ્યા ઓ દુર્ગાભાઇ સાથે એ કોડું થયું છે? કેટલાકનું માનવું છે કે એ ભાઇએ કમારના દહેરાના પૈસા ડુબાવ્યા છે. તે દિન આપને શ્રીસંઘને ભોળાવવા સારૂ જે ભાઇ ઠપકો આપતા હતા તે છતી આંખે રાંડ રાખી રહ્યા છે!

અમારી મોટી સંસ્થાના પૈસા તણાયા ઝાટક સાફ થઇ ગયા છે. એવા ડુબ્યા છે કે પાછા પણ વસુલ ન થાય! ધરમના પર્વો પણ મારે પદરના પૈસે ઉકલવા પડે છે. મારે આ નિવૃત્તિની વેળા ઉપાધિઓનો પાર નથી. હું તે શું કરૂં?'

શેઠ, ન મુંઝાશો, ધર્મીને ત્યાંજ સંકટ આવે છે? જુઓને શ્રીપાળ મહારાજને કેવા કષ્ટો વેઠવા પડ્યા હતા? અમારી પાછળ પણ ઓછા ધમસાણ નથી મંડાયા. આગમના આધુકાર આચાર્યો,—અમારી શાસન માટેની આટલી દાઝની પ્રશંસા

( અનુસંધાન પૃ. ૨૯૫ ઉપર. )

---

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

જ્ઞાન મંદિરની આવશ્યકતા.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રી: રતિલાલ ચીમનલાલ કોઠારી.
સહતંત્રી: કેશવલાલ મંગળચંદ શાહ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર.
વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦

વર્ષ ૨ જું, અંક ૨૮ મો.
શનીવાર, તા૦ ૨૨-૭-૩૩.

## જૈન સાધુ સંમેલનનો—નિષ્કંટક માર્ગ.

"જૈન સાધુસંમેલન" ની પ્રવૃત્તિને અંગે અત્યારે જે તનતોડ પ્રયત્ન થઇ રહ્યા છે, એ જોઇ કોઈ પણ વ્યક્તિ આનંદિત થયા વિના નજ રહી શકે. પરંતુ તે પ્રવૃત્તિના આસપાસનું વાતાવરણ જોતાં સૌના હૃદયમાં કેટલાક પ્રશ્નો અનાયાસેજ આવી ઉભા થાય છે. એટલે સૌની જાણ ખાતર અને ખાસ કરી તેને લગતી મુખ્ય હીલચાલ કરનારના ધ્યાન ઉપર લાવવા માટે તે પ્રશ્નો ચર્ચાવા આવશ્યક છે. એમ માની આ અલ્પ પ્રયાસ કરવામાં આવે છે.

મુનિ સંમેલન માટે અત્યારે જે પ્રવૃત્તિ થઈ રહી છે. તેમાં મુખ્ય હીલચાલ કરનારાઓ, એકું પાક્ષિક છે એ વસ્તુ આપણે જતી કરીએ તો પણ તેમની અહીં-તહીંની વિચિત્ર દોડાદોડ અને ગુપ્ત મંત્રણાઓ એ ખરેખર 'સંમેલનના અંદર કોઇ છુપો ભેદ સમાયો છે, એવી શંકા ઉત્પન્ન કરે છે. માત્ર અમુક વ્યક્તિને બોલાવી લીધી અને તેને અમુક વાતો પૂછી લીધી એટલા માત્રથી આ સંમેલન ક્યારેય પણ નિષ્પક્ષ કે સફળ થાશે અથવા તેની કોઈ વિશિષ્ટ અસર સ્વસમાજ કે પરસમાજ ઉપર પડે એમ જરાય માની લેવાનું નથી.

સાધુ સંમેલનને અંગે આટલા બધા સમયથી અને આટલી બધી હીલચાલ થવા છતાં હજુ સુધી એને લગતી હીલચાલોમાં એકજ પક્ષ મુખ્ય ભાગ ભજવે છે અને ગુપ્ત મંત્રણાઓ કરે જાય છે, એનો અર્થ બીજો શો કરી શકાય?

આજે એ વસ્તુ સૌનું ધ્યાન ખેંચી રહી છે કે-સાધુ સંમેલન માટે પાટણ, જામનગર, અમદાવાદ આદિની અમુક એક પાક્ષિક વ્યક્તિઓ એકલે હાથે આટલી ગડમથલ અને દોડાદોડી કેમ કરી રહી છે?

આ સિવાય અત્યારે સંમેલનને અંગે જે કેટલીક બીનજોખમી જાહેરાતો બહાર પાડવામાં આવે છે, જેમાં એ વાત પણ ફેલાવવામાં આવે છે કે "આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરિજી જે રીતે સમાધાન કરી આપે તે સૌએ મંજુર રાખવું." આને અંગે કહેવું જોઈએ કે-આ જાતનું બંધન કોઇ પણ વ્યક્તિ માન્ય રાખી શકેજ નહિં, જો સંમેલનના આરંભમાં આવી ગોલમાલ, બીનપાયાદાર અને બીનજોખમી જાહેરાતો બહાર પાડવામાં આવશે તો સંમેલનનું ગૌરવ પહેલેથીજ ઉડી જશે. અત્યારની પરિસ્થિતિમાં કોઈ પણ એક વ્યક્તિના નિર્ણયને માન્ય કરી શકાય તેમ છેજ ક્યાં? આજે જૈન સમાજમાં એવી તટસ્થ કોઇજ વ્યક્તિ નથી કે જે એકના આપેલા નિર્ણયને કબૂલ રાખી શકાય.

સમ્મેલન ભરવા પહેલાં એ સ્પષ્ટ થવું આવશ્યક છે કે સંમેલન શા માટે ભરવામાં આવે છે? અને તેમાં કયા કયા પ્રશ્નો ચર્ચવા આવશ્યક છે અથવા ચર્ચાશે? બધાય પ્રશ્નો કરતાં આજે જનતા એજ વિચારી રહી છે કે જૈન સાધુઓ એકત્ર થઇ પોતાના જીવનના આન્તર અને બાહ્ય આચાર તેમજ વ્યવહારને અંગે શું કરવા માગે છે?

જો સાધુ સંમેલનના મૂળમાં આવો કોઈ પવિત્ર ઉદ્દેશ નહિં હોય અને માત્ર "ક્લેશ શાંતિ" ના ઓઠા તળે કેવળ પોત-પોતાની માન્યતાઓને (બીજા શબ્દોમાં કહીએ તો આગ્રહોને) જીવિત રાખવાની મનોવૃત્તિજ કામ કરતી હશે તો એકત્રિત થયેલા આવા સંમેલનથી કશુંજ કાર્ય સરવાનું નથી કે નથી ધર્મની ઉન્નતિ થવાની.

આ લખવાનો અર્થ કોઇ એવો ન કરે-કે-સંમ્મેલનમાં ગમે તે પ્રકારે અડચણ ઉભી કરવાનો આ એક માર્ગ શોધવામાં આવ્યો છે. પરંતુ 'સંમ્મેલન સફળ કેમ થઇ શકે?' એ સૂચવાનો માત્ર એક ઉદ્દેશ છે.

પાટણ
તા૦ ૧૬-૭-૩૩

—મુનિ પુણ્યવિજયજી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)


# પ્રબુદ્ધ જૈન.

શનિવાર, તા૦ ૨૨-૭-૩૩.


## જ્ઞાન મંદિરની આવશ્યકતા.

'જ્ઞાન વગર મુક્તિ નથી' એમ આપણા શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે, આપણે પણ એ જ્ઞાનને મેળવવા હેનું બહુમાન કરીયે છીએ, પણ તે ઉપલકીયું. કારણ જો સાચેજ આપણે જ્ઞાનને પ્રધાનપદ આપ્યું હોત, અરે ! આપણું લક્ષ્ય તે તરફ કેંદ્રિત કર્યું હોત તો આજે જે આપણા પૂર્વજોનો અમૂલ્ય વારસો નષ્ટ પ્રાય: થઇ ગયો છે તે ન થાત. જ્ઞાનનો મહિમા સમજવા માટે, હેનું પર્વ ઉજવવા માટે ત્રણસો સાઠ દિવસમાંથી એક દિવસ પસંદ કરવામાં આવ્યો છે, અને તે કાર્તિક શુદિ પંચમીનો દિવસ છે. તે દિવસે આપણે બનાવટી જ્ઞાન મંદિર ઉભાં કરીએ છીએ, હેમાં મતિ, શ્રુત, અવધિ, મન: પર્યવ અને કેવળની કલ્પના કરી પાંચ પોથીઓ મૂકીએ છીએ, હેને અહોથી, 'પૂજો પંચમી તપ તુમે કરીને પ્રાણી' ની ધૂન પણ લગાડીએ છીએ; પણ હેનું ફળ કશુંજ નથી. ઉજમણામાં પણ જ્ઞાનનો ઉદ્યોત કરવા અમુક પુસ્તકો છપાવવામાં આવે છે અને તે પાછળ અનેક રૂપીઆ નિરર્થક વેડફી નાંખવામાં આવે છે, આ નિરર્થક વ્યયનો સરવાળો કરવામાં આવે તો લાખોનો થાય. આટલા રૂપીઆથી આપણે સમાજમાં એક સારામાં સારૂં જ્ઞાન મંદિર ઉભું કરી શકત કે જેની જોડી જગતમાં બીજે ક્યાંયે ન હોત પણ "ગો દિન કહાંસે કે મીયાં કે પાઉમે જુતિયાં" જૈન સમાજ જો પોતાની ઉન્નતિ, કયે રસ્તે છે તે સમજી શક્યો હોત તો તેની આ સ્થિતિ ન હોત

જૈન સાહિત્ય એટલું બધું વિશાળ છે કે હેને સંસ્કૃત સાહિત્યમાંથી બાદ કરી નાંખવામાં આવે તો હેની શી દશા થાય તે સમજવું મુશ્કેલ નથી. આ આપણા અમૂલ્ય ખજાનાને આપણે ઉધેઇ અને કંસારીઓનો ખોરાક બનવા દીધો છે. આ આપણે માટે ઓછી શરમાવનારી બીના નથી. જેસલમીર પાટણ, ખંભાત, અને બીજે સ્થળે જ્યાં જ્યાં આપણા ભંડારો છે ત્યાં ત્યાં આવીજ સ્થિતિ પ્રવર્તી રહી છે. કેટલેક સ્થળેતો એ સાહિત્ય કોઇ જુવી હવા પણ પામતું નથી. આ સ્થિતિએ સાહિત્યના મોટા ભાગનો નાશ કરી નાંખ્યો છે.

પાટણના ભંડારોના સંશોધક પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજ, તેમના વિદ્વાન શિષ્યો મુની શ્રી ચતુરવિજયજી અને પુણ્યવિજયજી કે જેઓ આજ આઠ આઠ વર્ષથી પાટણમાં સ્થિરતા કરી ત્યાંના જ્ઞાન ભંડારોને વ્યવસ્થિત કરી સમાજ ઉપર મહાન ઉપકાર કરી રહ્યા છે, તેમની મુલાકાત લેતાં હેમણે સાહિત્યની કફોડી હાલતનું હૃદય દ્રાવક વિવેચન કર્યું હતું; એટલુંજ નહિ પણ તાડપત્રીની બેનમુન પ્રતોનો ભૂકો બની ગયેલો અને તેનો ભરેલો ડાબડો પણ બતાવ્યો હતો. આ સ્થિતિને ટાળવા માટે તેમણે એક વિશાળ જ્ઞાન મંદિર ઉભું કરવાની આવશ્યકતા જણાવી હતી, કે જેમાં તાડપત્રીની બેનમુન પ્રતો કે જેની અજાણેની કિમ્મત ખરચતાં પણ ન મળી શકે તેનું રક્ષણ થાય અને કોઇપણ માનવીને હેનો લાભ ઉઠાવવો હોય તો સરલતાથી ઉઠાવી શકે. ઉપરોક્ત મુનિઓનો આ અભિપ્રાય જ્ઞાન માટે અમને વજનદાર જણાય છે, આપણે હસ્ત લિખિત ગ્રંથોનું રક્ષણ કરવા માંગતા હોઇએ, મહાવીરના જગદુદ્ધારક-સાહિત્યને જગત સમક્ષ મૂકવા માંગતા હોઇએ તો એક સમાજવ્યાપી જ્ઞાન મંદિરની જરૂરત છે કે જેમાં દરેક ભંડારોની પ્રતો અને પુસ્તકોનું રક્ષણ થઇ શકે, અને હેનો વહિવટ સમસ્ત સમાજ કરે તે માટે નીચેની યોજના અમે સુચવીએ છીએ.

(૧) એ જ્ઞાન મંદિર એવા મધ્ય સ્થળે બનાવવું જોઇએ. કે જ્યાં જવા માટે દરેકને સગવડતા પડે.

(૨) સમસ્ત સમાજની માલીકીનું એ જ્ઞાન મંદિર બનવું જોઇએ અને તેમાં જ્યાં જ્યાંથી હસ્ત લિખિત પ્રતો ઉપલબ્ધ થાય ત્યાં ત્યાંથી હેને એકત્ર કરી મૂકવી.

(૩) જેના જેના હાથમાં ભંડારો હોય અથવા જે આવા જુના ભંડારોનો વહીવટ કર્તા હોય તેમને તે જ્ઞાન મંદિરની મેનેજીંગ, કમીટીમાં કાયમનું સ્થાન આપવું અને બાકીનાઓ માટે ચુંટણીનું ધોરણ સ્વીકારવું.

આવું વિશાળ જ્ઞાન મંદિર બાંધવા માટે લાખો રૂપીઆની જરૂરીઆત પડવાની અને હેને માટે સાધનો ઉભાં કરવાંજ જોઇએ. તે માટે અમે જ્ઞાન ખાતા તરફ સમાજનું લક્ષ ખેંચીએ છીએ. આપણા મંદિરોમાં, કેટલાક શ્રીમંત ગ્રહસ્થો ને ત્યાં, અને પર્યુષણની ઉપજમાં, જ્ઞાન ખાતા જરૂર હોય છે. તે બધી આવક એકત્રિત કરવામાં આવે તો જ્ઞાનમંદિર માટે લાખો રૂપીઆ અશક્ય નથી.

સમાજની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ જો આ દિશા તરફ પ્રયત્ન કરે તો અમને જરૂર આશા છે કે આ દિશામાં સારામાં સારી પ્રગતિ કરી શકશે. આજે આપણે આપસઆપસની લડાઇમાં અને નિમાલસ સાહિત્યમાં કેટલા પૈસાનો નિરર્થક ધૂમાડો કરી સાધુઓની વૃત્તિઓ પોષી રહ્યા છીએ ? એ સંબંધી જો ગણત્રી કરવામાં આવે તો આજની આપણી અધોગતિ તરફ જરૂર દુઃખ થવાનું. આ સ્થિતિ એક મીનીટ પણ ચલાવી લેવી નહિ જોઇએ. ખૂબીની વાત તો એ છે કે એ સાધુઓની વૃત્તિઓ પોષવા માટે આપણે આપણા જ્ઞાનખાતાઓનો ઉપયોગ કરીએ છીએ. સાધુઓ જ્ઞાન નિમિત્તે ઉપદેશ આપી ભોળી જનતા પાસેથી રકમ મેળવી હેનો આભાસ આપસના ક્લેશમાં ઉપયોગ કરે છે. આ ઘટના તરફ જનતાને સાવધાન થવાની જરૂરત છે, અઢાર પાપસ્થાનક સેવીને આપણે પરસેવાને ટીપે જે પૈસા પેદા કરીએ છીએ, હેનો આ રીતે વ્યય થાય તે કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી હવે તો સાધુઓને સ્પષ્ટ સુણાવી દેવું જોઇએ કે મહારાજ અમારા પૈસાનો આ રીતે ઉપયોગ કરવાનો નથી. આવા બધા પૈસા એકત્રિત કરવામાં આવે તો પણ એક સારામાં સારૂં જ્ઞાન મંદિર ઉભું કરી શકાય. અમે ઇચ્છીએ છીએ કે સમાજનું આ તરફ લક્ષ ખેંચાઇ સારામાં સારૂં જ્ઞાન મંદિર ઉભું કરવામાં આવે.

# પ્રાસંગિક નોંધ.

## સમાધાનની મંત્રણા (?)

સમાજમાં જુદી જુદી રીતે સમાધાનની હવા તેના પ્રયોજકોએ પ્રસરાવવાનું ઘટ મંત્ર ભર્યા હેવાલોદ્વારા આરંભ્યું છે. એક તરફથી મંત્રણાઓ અને નિવેદનો આમ ચાલ્યા કરે તો અમે નથી માનતા કે કોઇપણ દીવસ આ વિખવાદ ભર્યા વાતાવરણમાંથી સમાજ છુટકારાનો દમ મેળવી શકે અને સાચી શાંતિ ફેલાય.

આ સંબંધમાં આ. વિજયવલ્લભસૂરિજીના સંઘાડામાં વયોવૃદ્ધ પૂ. કાન્તિવિજયના શિષ્ય ચતુર વિજયજીના એક વિદ્વાન શિષ્ય પુણ્ય વિજયજી સ્પષ્ટ રીતે પોતાનું નિવેદન બહાર પાડે છે, જે અન્યત્ર જોઇ શકાશે. આ નિવેદન પરથી જરૂર જણાઇ રહેશે કે આ. નેમીસૂરિને સરપંચ તરીકે નીમવાજ નથી એ સ્પષ્ટ છે. તે ઉપરાંત અમને વિશ્વાસનીય સ્થળેથી ખબર મળે છે કે પાટણ ગયેલ ભાવનગરની જવાબદાર વ્યક્તિઓને આ. વિજયવલ્લભસૂરિજીએ એમજ કહ્યું હતું કે "હું સંઘને માનું છું અને વાંધો હોયજ નહિ, એટલે ભાવનગરનો સંઘ કરે તે મને મંજુર છે." આશા છે કે આ વસ્તુપર પાટણ ગયેલ ભાઇઓ જરૂર વધુ પ્રકાશ નાખશેજ, જેથી બીન જરૂરી ગુંચવાડાઓ પેદા ન થાય. અને મુનિશ્રી પુણ્યવિજયજીની માફક હીંમતપૂર્વક બીજા મુનિરાજોને પણ આ સંબંધમાં પોતાના મંતવ્યો બહાર પાડવા વિનંતી કરીએ છીએ.

જે બાબતોથી સમાજને વાકેફ રાખવો જોઇએ તેના પર ઢાંકપિછોડો કરવાથી કશું પણ વળવાનું નથી. આ બાબત જેટલી જલ્દી સમજાશે તેટલું જલ્દી સંમેલન સફળ બનશે અમે ઇચ્છીએ છીએ કે સંમેલનની મંત્રણા કઇ રીતે ચાલે છે, કેટલી આગળ વધી છે, અને કઇ રીતે સફળ બનાવવા ધારી છે તે સંબંધી એક સત્તાવાર નિવેદન લાગતા વળગતાઓ કરી સમાજને વિશ્વાસમાં લેશે કે જેથી સંમેલન સફળતાથી પાર ઉતરે.

## ભોજનશાળા—

કેટલાક ઉત્સાહી ભાઇઓએ સંપ્રદાય કે વાડાના ભેદને તજી દઇ, વિશાળ ભાવનાથી જૈન સમાજમાં કેટલા એ માસથી એક ભોજનશાળા ખોલી છે. જેની અંદર તંદુરસ્તી અને ધર્મ પણ સચવાય તેવી સુંદર વ્યવસ્થા છે. આ આર્થીક મુશ્કેલીના યુગમાં સામાન્ય વર્ગને મદદ કરતા થઇ પડે તેવા હેતુથી માસીક ચાર્જ દસ રૂપીયાજ રાખવામાં આવ્યા છે. અમારી તપાસમાં અમને જણાયું છે કે, ભોજનશાળામાં રસોઇની સુંદર વ્યવસ્થા છે; અને તે મારવાડી ભાઇ ફુલાજીની નિસ્વાર્થ સેવા ભરી દેખરેખને આભારી છે. આ ભોજનશાળા ખોલવામાં શેઠ માણેકચંદ જેચંદનો ઉત્સાહ ભર્યો સહકાર અને ઘણા [illegible]. ભોજનશાળામાં તપાસ કરતા અમને જણાયું કે અનાજ વિગેરે સ્વચ્છ અને સુંદર વપરાય છે.

અમને એમ લાગે છે કે હાલ બસો માણસોથી વધુ જમાડી શકાય નહીં તેવી સાંકડી જગ્યા છે; લગભગ સાડા ચારસો પાસ લેનારા ભાઇઓ, અને સીત્તેરથી એંસી માણસો દરરોજના છુટક જમે છે. આ રીતે આટલી ન્હાની જગ્યામાં સાડા પાંચસો માણસને જમાડવા તે જમનારાઓની સુખાકારીને ખુબ નુકશાન કરતા છે. તેમજ જગ્યાની સંકુચીતતાના કારણે અસગવડતા અને ઘોંઘાટ વિશેષ રહે છે; માટે હાલની જગ્યા વીસ્તૃત કર્યા વગર તાત્કાલીક બદલવાની જરૂર છે. બીજી તરફ અમને એમ જણાયું છે કે વિશેષ સામાન્ય માણસો આનો લાભ લેવા આવે છે, પણ જગ્યાના અભાવે તેઓને મળતો નથી. જે પાંચસો માણસો જમે છે, તેમાંના બસો માણસો લગભગ પચાસ રૂપીયા ઉપરાંતની આવકવાળા છે. તેવા ભાઇઓએ બુદ્ધિનો ઉપયોગ કરી આ ભોજનશાળા, તેમનાથી ઓછી આવકવાળાઓના લાભની ખાતર છોડી દેવા જોઇએ. કાર્યવાહકોએ પણ આ વાત ધ્યાનમાં લઇ ઉપરના ભાઇઓ જો ન સમજે તો તેઓના નવા પાસ બંધ કરી ન્હાનાઓને (કે જેઓની આવક પચાસની અંદર હોય) આપવા જોઇએ.

મોટી સંખ્યામાં જમાડવા માટે જુદા જુદા લતામાં બે ત્રણ શાખાઓ ખોલવી જોઇએ. જેથી દરેક જૈન ભાઇ આનો પૂરતો લાભ લઇ શકશે. આશા છે કે તેના કાર્યવાહકો આ તરફ પૂરતું ધ્યાન આપશે. અંતમાં જે ભાઇઓ આ સંસ્થા નિસ્વાર્થ રીતે મદદ કરે છે તેઓ ઉત્સાહી રહીને વધુ કાર્ય કરી શકે તે બદલ સમાજના ધનિકોએ પોતાની ફરજ સમજી આર્થિક ફાળો આપવો જોઇએ. મુંબઇ જેવા ખર્ચાળ શહેરમાં આવી અનેક સંસ્થાઓની આવશ્યકતા ગણાય એ શંકા રહીત છે.

# સમાધાનની વાતોથી ચેતો.

અયોગ્ય દીક્ષા અને સમાજ પ્રગતિને રૂંધતા અનેક પ્રશ્નો અંગે સમાધાનના ગુબ્બારા ઉડાવી ભોળી જનતાને ઉંધે રસ્તે વાળવા જે પેરવીઓ થાય છે, તે પેરવીઓ કરનારા શું તો સમાજને છેતરે છે અગર સાગરાનંદ કે રામવિજય જેવાની બનાવટી વાતોથી છેતરાય છે. તેઓ અને સમાજ ન છેતરાય તે ખાતર રામવિજયના વ્યાખ્યાનોના ઉતારા કરનાર "જૈન પ્રવચન" નામના અઠવાડીક ૯-૭-૩૩ ના અંકમાં પાને ૮૯ માં **શાંતિનો સુંદર ઉપાય** એ મથાળા નીચે રામવિજય કહે છે કે—

"આવા પ્રશ્નો આમ પૂછવા કરતાં આવા સઘળાય પ્રશ્નોના ઉત્તર સઘળાય સુવિહિત સૂરિવરો આદિ તરફથી મેળવી તેને યોગ્ય સ્વરૂપમાં જાહેર કરવા જેવા છે. જો એમ થાય તો આ ઘોંઘાટ એકદમ સમી જાય તેમ છે. કારણ કે—જનતાનો મોટો ભાગ શાસ્ત્રમાં શ્રદ્ધા સંપન્ન છે. 'ભગવાને ફરમાવેલાં અનુષ્ઠાનો જે આરાધે તે પુણ્યશાળી છે; **એજ કારણે એને આરાધવામાં જે ધનનો વ્યય થાય છે તેને જે ધુમાડો કહે તે પ્રભુ શાસનની બહાર છે;** વળી પ્રભુ શાસનનો પાયો દીક્ષા છે, દીક્ષા વિના પ્રભુ શાસન ટકી શકતું નથી **અને આઠ વર્ષની દીક્ષા, તીર્થ ચાલે ત્યાં સુધી કાયમ છે.** એથી એ વયે પોતાની રાજીથી અને માતા પીતાની આજ્ઞાથી દીક્ષા લેતાને રોકવાનો પ્રયત્ન કરનારા પ્રભુની આજ્ઞા સામે વિરોધ કરનારા છે; અને સોળ વર્ષ પછીની વયે આજ્ઞા ન મળવાથી આજ્ઞા વિનાપણ દીક્ષા લેનારા યોગ્યજ છે, અને શાસ્ત્રાજ્ઞા મુજબજ વર્તનારા છે.' આ બધી માન્યતામાં હું નથી માનતો કે એક પણ શાસ્ત્રાનુસારિ મુનિવરોનો વિરોધ હોય. આવે સમયે આવી વસ્તુઓની જાહેરાત જોરશોરથી અને

# અ.......વ.......ન.......વા.

**દિગંબર જૈન કોલેજ:**—જૈન સમાજ એક એવો સમાજ છે, કે જેની અત્યાર સુધી કોઇ પણ કોલેજ જેવી વિશાળ કેળવણી સંસ્થા નથી, ઇસાઇઓની ક્રિશ્ચિયન કોલેજ, મુસલમાનોની અલીગઢ કોલેજ, આર્યસમાજની દયાનંદ કોલેજ, સનાતન ધર્મીઓની સનાતન કોલેજ, રાધા સ્વામીવાળાની દયાલસિંહ કોલેજ, શીખોની ખાલસા કોલેજ, અને હિન્દુઓની હિન્દુ યુનીવર્સીટી મૌજુદ છે. આ બધી કોલેજો પોત પોતાના ધર્મસિદ્ધાંતોની છાપ વિદ્યાર્થી ઉપર પાડે છે, આપણા સમાજના વિદ્યાર્થીઓ પણ એ કોલેજોમાં અભ્યાસ કરે છે, તેના ઉપર તે તે ધર્મના સંસ્કારો પડે છે, આ બાબત ચલાવવા જેવી નથી, તે માટે દિગંબર જૈન સમાજનું ધ્યાન ખેંચાયું છે. ન્યાયાચાર્ય મહેન્દ્રપ્રસાદજી વર્ણી તે માટે પ્રયત્ન કરી રહ્યા છે, તેમાં તેઓશ્રી ઘણે અંશે સફળતા મળી છે. સંભવ છે, કે પાંચ છ લાખ રૂપીઆ એકત્ર થતાં કોલેજ ખુલી જશે દિગંબર સમાજની જેમ આપણું લક્ષ્ય તે તરફ શા માટે ન ખેંચાવું જોઇએ? આશા છે કે આ પ્રશ્ન ઉપર સમાજના સૂત્રધારો લક્ષ્ય આપશે. અને ઘટતું કરશે.

**સ્થાનિક:**—ઉઠેલા અઠવાડીયામાં રૂ. ૫૧,૬૭,૪૨૪ નું સોનું પરદેશ ગયું છે. અત્યાર સુધીમાં ૧,૪૪,૮૯,૯૮,૩૨૭ નું સીધાવ્યું હજુ કેટલું યે જશે. (૨) રાજસ્થાન પ્રજા પરિષદ મહાવીર વિદ્યાલયના હોલમાં શ્રી કેલકરના પ્રમુખ પણા નીચે તા૦ ૨૨-૨૩ મીએ ભરાશે. (૩) કચ્છી વીસાઓશવાળ જ્ઞાતિમાં શ્રી રવજી-ભાઇને કરેલા પુનર્લગ્નને લીધે ખુબ ખળભળાટ થયાં છે. કહેવાય છે કે થોડા વખતમાં તેમને ન્યાત બ્હાર કરવા જ્ઞાતીની સભા મળનાર છે.

**માંગરોળ:**—રાજ્ય તરફથી બહાર પડેલ નોટીસના ફરમાનથી હિન્દુ જનતાની લાગણી ખુબ દુખાઇ છે અને એની વિરોધ દર્શક સભાઓ ઠેર ઠેર મળ્યાના ખબરો મળે છે. (૨) રાજ્ય તરફથી જેનો જન્મ માંગરોળ સ્ટેટમાં ન થયો હોય તેવા સહુને પરદેશી ગણી રાજ્યમાં આવવાની મનાઇ ઓર્ડીનન્સ દ્વારા કરવામાં આવી છે.

**અમદાવાદ:**—ઉડતી અફવા સંભળાય છે કે સાધુ સંમેલન આવતા શિયાળામાં ભરાશે. (૨) તા૦ ૧૯ મીના સુપ્રભાતે પૂ. મહાત્માજી આશ્રમવાસીઓને મળવા આવી પુગ્યા છે. તેમનો ભવ્ય સત્કાર કરવામાં આવ્યો હતો.

**મહાત્માજીનો સરકારને તાર:**—મહાત્માજી અમદાવાદ આવ્યા પછી મીરાંબેન કે જેઓ સાબરમતિ જેલમાં સજા ભોગવી રહ્યાં છે, તેમને મળવા માટે તેઓશ્રીએ મુંબઇ સરકારને તારથી વિનંતિ કરી છે, એમ જણાય કે મીરાંબેને અત્યાર સુધી કોઇની મુલાકાત નહિ લીધેલ હોવાથી મહાત્માજીની માંગણી મંજુર થશે.

**વાઇસરૉયનો ઇન્કાર:**—ના. વાઇસરૉયને રાજદ્વારી મેટર માટે વાટાઘાટ ચલાવવા માટે મળવાની પરવાનગી માંગતો એક તાર મહાત્માજીએ ના. વાઇસરોય ઉપર કર્યો હતો. ત્હેના જવાબમાં ના. વાઇસરૉયે રજાદ ઇન્કાર કર્યો હતો, અને જ્યાંસુધી સવિનય કાનુન ભંગની ચળવળ બીન શરતે ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી મળવાની અશક્તિ જાહેર કરી હતી.

**હિન્દુ મહા સભા:**—નું આગામી અધિવેશન અજમેરમાં મળશે અને તેના પ્રમુખ સ્થાન માટે નેપાલના મહારાજા અને ડોકટર આંબેડકરના નામો સુચવામાં છે.

**પાટણ:**—હેમચંદ્રાચાર્ય જૈન સભાના પ્રમુખ શાહ-જગજીવન-ઉત્તમચંદના અવસાન બદલ તેની કાર્યવાહક સમિતિએ શોક જનક ઠરાવ-કરી તેમની સેવાની નોંધ લીધી હતી.

**બેંગલોર:**—બેંગલોરના જૈન સંઘ તરફથી ઉદેપુરના મહારાણા તરફ કેસરીયાજી તીર્થ સંબંધમાં રાજ્ય તરફથી જે ડખલ ગીરીઓ થઇ રહી છે તે સંબંધમાં વિક્ષેપ ન પડે અને જૈન સમાજને સંપૂર્ણ ન્યાય મળે તેવી વિનંતી કરતો તાર કરવામાં આવ્યો હતો. (૨) કોન્ફરન્સ ઓફીસ પર બીજો તાર કરતાં ઉપર લખ્યું હતું કે કેસરીયાજીનો અવાજ આપને ન પહોંચ્યો હોય એમ લાગે છે. મહેરબાની કરી જાગો. નહીં તો સ્થાપીત હકો નકામા ગુમાવી બેસશું.

---

સ્પષ્ટતાપૂર્વક કરી આ વસ્તુઓની સર્વ પ્રકારે સુંદરતા સમજાવવી એ શાસનના શિરતાજસમા સૂરિવરોની અને શાસનના શણગાર સમા મુનિવરોની અનિવાર્ય ફરજ છે. શ્રી તીર્થંકરદેવની સમાનતા ધરાવનાર સૂરિવરો પોતામાં હોતી જોઇતી નિર્ભીકતાનો પરિચય આવે સમયે પણ કેમ ન આપે? અવશ્ય આપેજ.

પ્રભુ આજ્ઞાને ઉંચી મુકી સ્વચ્છંદપણે ચાલનાર, પ્રભુના નામે જેમ આવે તેમ હાંકે રાખનાર રામવિજય, જેને માટે સમાજમાં કુસંપ છે તેનું સમાધાન કરવાની હવે પલટાથી વાત કરે છે કે સમાજને છેતરવા જેવી વાત કરે છે તે તેમના ઉપરના શબ્દો ઉપરથી 'સમાજ' ચેતી જાય અને સમજી લે કે સમાધાનની વાતો સાચી વાતો નથી પણ બાજીગરોની રમત છે; એટલે એ રમતના મ્હોરા થવા પહેલાં સમાજમાં આગને પેટાવનારાઓ પાસેથી લેખીત લખાણી લ્યો, પછી આગળ પગલાં માંડે નહિ તો કર્યું કરાવ્યું મટીમાં મીલાવી વધુ આગ પેટાવશે.

લે૦—મયૂર.

## લખનારાઓને જવાબ.

શાહ દુર્લભદાસ નાનચંદ જ્ઞાતિની સામે તમે ઉપવાસ કરવા માંગો છો અને વિસાશ્રીમાળી ન્યાત સામેની તમારી ફરીયાદો છે. આ સંબંધનો તમારો લેખ જનતાને નકામો હોવાથી છાપી શકતા નથી.

**એક ભાઇ**—તમારો લેખ મળ્યો, ખુબ લંબાણુથી લખાયેલ હોઇ છાપી શકાય તેમ નથી, ટુંકમાં તમે પાલનપુરના શ્રી, સમાજમાં પ્રગતી, સંઘ વ્યવસ્થા, ધાર્મિક હિસાબો, જ્ઞાતિ પટેલોના માનસની વિકૃતી, પેલા તેર જણ ધારી ભાઇની ડખલગીરી, અનુભવ વીહીન ચાલતી આપણી સંસ્થાઓ વિ. કેટલાક બળતા પ્રશ્નો માટે ઉભરા કાઢી નિરાકરણ માંગો છો. તો આ સંબંધમાં અમે જણાવીએ છીએ કે દરેક વિષય પર તમે અભ્યાસ પૂર્વક મુદ્દાસરનું લખાણ શિષ્ટ ભાષામાં લખશો. તો જરૂર પ્રબુદ્ધમાં સ્થાન આપીશુ.

**એક ભાઇ**—ભાવનગરથી તમારો પત્ર મળ્યો. સાધુઓના ગુપ્ત રોગો સંબંધમાં તમે લખવા માંગો છો. અમે છાપી શકતા નથી.

# ?

"સ્વપ્ન સિદ્ધિ તણા ધ્રુવ તારકે,
નવ યુવાન અખંડ ધપ્યે જતો,
અહૃત એક અદમ્ય ઉત્સાહથી,
અચળ પાન્થ પંથેજ ધપ્યે જતો."

(મ. મ. ઝવેરીઃ પ્રસ્થાનઃ)

× × × ×

"ભારતીય નવરાષ્ટ્રનું જ્યારે આજે ઘડતર થઇ રહ્યું છે, ત્યારે એ રાષ્ટ્ર ઘડતરના કાર્યમાં પોતાનો જે કંઈ અલ્પ ફાળો આપવાનો હોય તે આપવાનું વિસરી જઇ સમાજ કે વ્યક્તિ, આપસઆપસમાં કલેશની હોળી સળગાવે એ ભયંકર સૂચક નથી ?" એક પ્રસંગે એક સજ્જન બંધુએ આપણા સમાજીક ઝગડા સંબંધમાં ટકોર કરતાં ખાનગીમાં ઉપરોક્ત પ્રશ્ન રજુ કરેલો. એ પ્રશ્નના ઉત્તરને અંગે જે ચર્ચા થયેલી તે અહીં ઉતારવી તે વર્તમાન વાતાવરણને અનુસરી વ્યાજબી નથી પણ તેથી એ પ્રશ્ન આપણે વિચારવા જેવો નથી એમ ન કહી શકાય. × × ×

ગુરૂડમવાદ અને મુડીવાદ એ બન્નો સજોડે જન્મેલાં બાળકો જેવાંજ છે; અને એ બન્નેમાંથી એકને ટકાવી રાખવા બીજાનો ઉપયોગ હંમેશાં થયો છે, થાય છે, અને જ્યાંસુધી જનતા તેની ગુલામી ફેંકી દેવાનો નિશ્ચય ન કરે ત્યાંસુધી થવાજ કરશે.

× × × ×

ધર્મના ઓઠા નીચે પોષાઇ રહેલા ધર્માચાર્યો સ્વર્ગ અને નર્કના દ્વારની કુંચીઓના ઝુમખાં ખખડાવતાં-સ્વર્ગની લાલચ અને નર્કની બીક બતાવતા-પોતાના અનુયાયીઓને સર્વદા ડારતાજ રહે છે. પોતાના આત્મકલ્યાણનો સુવિહિત માર્ગ કયો છે તેનો વિચાર કરવાની તકલીફ તેઓજ ઉઠાવવાની છે, એવી શ્રદ્ધા ગુમાવી બેઠેલો વર્ગ ધર્માચાર્યોનેજ પોતાના "તારણ હાર" માની બેસે છે. એટલે 'શાસ્ત્ર'ની 'આજ્ઞા'ના ઓઠા નીચે પોતાનીજ "આજ્ઞાઓ" અનઉલ્લંઘનીય અને શિરસાવંદ્ય છે એમ એ અંધ શ્રદ્ધાળુ અનુયાયીઓના દીલમાં ઠસાવી દેવાનું ધર્માચાર્યોને સહેલું થઇ પડે છે. ધર્મના નહીં પણ વ્યક્તિના ગુલામ બનેલા વર્ગને રાજી કેમ રાખવો તેમાં પાવરધો બનેલો આચાર્યવાદ યથાસ્થાને અને પ્રસંગે મુડીવાદનો ઉપયોગ કરવાનું ભાગ્યેજ ચુકે છે; અને બીજી બાજુએ મુડીવાદ શોષણ કિંવા દાન પોતાના ભંડારો ભર્યા રાખવા સદાય પ્રયત્નશીલ હોય છેજ. 'એરણ'ની ચોરી કરી 'સોય'નું દાન કરવાથી જો 'દાનેશ્વરી' થવાતું હોય તો તેમ કરવામાં 'મુડીવાદીઓ' ને ભાગ્યેજ વાંધો હોય છે. ધર્માચાર્યો શાસ્ત્રના આધારો બતાવી જે માર્ગ સુચન કરે તે દિશામાં પોતાની અઢળક સંપત્તિમાંથી અલ્પ ભાગ ખરચી નાંખી દાનેશ્વરી, ધનકુબેર, તિર્થોદ્ધાર કે સંઘપતિઓનાં બિરૂદ મુડીવાદીઓ મેળવી લે છે. અંધશ્રદ્ધાળુ આમ વર્ગ પોતાના 'તારણહારો' તરફની અંધશ્રદ્ધાથી પ્રેરાઇ આ કાર્યમાં પોતાનો સહકાર આપે છે. અને 'મુડીવાદીઓ' તરફ માનની નજરે નિહાળતો બની રહે છે. અને આ પ્રકારે મુડીવાદ 'આચાર્યવાદ' નો ઉપયોગ કરી સમાજના આગેવાન તરીકેનું પોતાનું સ્થાન કબજે કરી લે છે; અને એ સ્થાનેથી પોતાની લાગવગ ચલાવી ધર્માચાર્યોને બહુ પ્રીય એવાં સુરિ સમ્રાટ, ચક્રચુડામણી, સર્વ શાસ્ત્ર પારંગત, કવિકુલ કિરીટ, કલીકાલકલ્પતરૂ, મરૂધર ઉદ્ધારક, વિ. બિરૂદોથી નવાજે છે, અને એ પ્રકારે એમની પ્રસન્નતા મેળવતો રહે છે. × × ×—

આમ આચાર્યવાદ અને મુડીવાદ સજોડે પગલાં માંડતો જનતાના હૃદયમાં પોતાનાં સિંહાસન જમાવે છે, અને એ સિંહાસન સદાય અડોલ અને અચલ રહે તે માટે જરૂરી હોય તેટલાં સર્વ પ્રયત્નો કર્યા કરે છે.

❋ ❋ ❋ ❋

સંસાર પરિવર્તન શીલ છે. સર્જન અને વિનાશ એ કુદરતી ક્રમ છે. એ ક્રમને વિફલ બનાવવાના-રોકવાના-માનવીય પ્રયત્નો અન્તે નિષ્ફળ નીવડે છે, અને એ અચલ સિંહાસનો ડોલાયમાન થવાની નહીં પણ ઉખડી જવાની ઘડી આવી ચુકે છે. × × ×—

સ્વાતંત્ર્ય પ્રિયતા એ યૌવનનો એક મહદ્ ગુણ છે. એટલે 'ગુલામી' યૌવનને ડંખે છે. 'ત્યાગ' ને માથું નમાવવા, 'વિતરાગતા' ને પૂજવા, અને ભુત માત્ર તરફના બંધુભાવથી-પ્રેરાઇ તેમનાં દુઃખો તરફ સમભાવી બની દયાળીના દીલે થતાં દાન કરનારાઓ તરફ બહુમાનથી નિહાળવા એ સર્વદા તૈયાર હોવા છતાં, 'આચાર્યવાદ' કે 'મુડીવાદ'ના પાખંડને નિભાવી રાખવા એ સત્તા પાસે માથું નમાવવા-નીચે હરગીઝ ના પાડે છે.

એટલે "યૌવન" બળવાખોર બને છે. સત્તાના ભુતને આ પ્રકારની "અવગણના" એ પોતાનું ભયંકર અપમાન લાગે છે. અને યૌવનને નમાવવાના પ્રયત્નો શરૂ કરે છે. "યૌવન' એ પ્રયત્નોને નિષ્ફળ બનાવવા સામનો કરે છે. આમ યુદ્ધના મંડાણ થાય છે.

× × × ×

એક તરફ અંધ શ્રદ્ધાળુ જનતાની શ્રદ્ધા, અને સહકાર શ્રીમંતોની લાગવગ અને ધનનો પ્રવાહ તેમજ પૈસાના જોરે ખરીદી શકાય તેવાં અન્ય સાધનો અને એ સર્વનો ઉપયોગ કેમ કરવો તે વિચારવાની 'પીળાં વસ્ત્ર'ના પ્રતાપે મળતી સગવડ અને ફુરસદ આમ સત્તાના ઠેકેદારો યુદ્ધમાં ઉતરે છે. બીજી તરફ પોતાનીજ તાકાત ઉપર નિર્ભર એવો યુવાન વર્ગ એ સત્તાની ગુલામીને ફેંકી દેવા, નવાં ક્ષેત્રો ખેડવા, નવા માર્ગો-ચીલા-પાડવા મથતો સ્હામે ઝઝુમી રહે છે. યુવાનોને પોતાની એકલતા સાલે છે; પણ 'સમય'નું બળ તેમની તરફેણમાં હોવાથી યૌવન હતાશ બનવાની તૈયારીમાં હોય, એટલામાંજ વાતાવરણમાંથી તેને પ્રેરણા મળે છે. યૌવન શ્રદ્ધાન્વિત બની ઝઝુમ્યા કરે છે. સમયે જેનો વિનાશ નિર્મ્યો છે, તે સત્તા-આચાર્યવાદની કે મુડીવાદની-નાં સિંહાસન ડોલવા માંડે છે. યૌવન પોતાના કાર્યમાં મક્કમ બને છે. પ્રેરણાદ્વારા મળેલી શ્રદ્ધા અચળ શ્રદ્ધા બનાવે છે; અને આખરે એ સમય આવે છે, કે જ્યારે જનતાના હૃદયમાંથી 'સમાજ ઉદ્ધાર'ના મહાન્ કાર્યની આડે આવનાર આચાર્યવાદ અને મુડીવાદ પદભ્રષ્ટ થાય છે. ❋ ❋ ❋

આમ ઘડાતા રાષ્ટ્રના એક અંગને પ્રાણવાન બનાવવાનું કાર્ય કરી 'યૌવન' રાષ્ટ્ર ઘડતરમાં પોતાનો ફાળો આપેજ છે. કારણકે વ્યક્તિ સમાજનું અને સમાજ રાષ્ટ્રનું અંગ છે, અને જેટલે અંશે તેની શુદ્ધિ થાય છે, તેટલે અંશે રાષ્ટ્ર ઘડતરનું કાર્ય સુલભ બને છે, માટે 'સમાજ ઉદ્ધાર'ના મહત્વના કાર્યને 'લક્ષ્ય' સ્થાને રાખી અચળ શ્રદ્ધા અને અદમ્ય ઉત્સાહથી કાર્યરત રહેવું એજ આપણું યુવાનોનું આજે સાચું કર્તવ્ય છે. !

14-7-33

—FEDIST.

# બળતા પ્રશ્નો.

સમાજ સમક્ષ આજે અનેક પ્રશ્નો પડેલા છે. આ બધાય પ્રશ્નો આજે સમાજના મરી પક્ષોના બન્યા છે. કેટલાક પ્રશ્નો સમાજની ઉન્નતિના હોવા છતાં ધર્મના નામે તેનો વિરોધ કરવામાં આવે છે. વિરોધ કરતાં કહેવાય છે કે ગૃહસ્થના કલ્યાણમાં-સામાજિક ઉત્થાનમાં સાધુઓને કાંઈ લેવા દેવા નથી; તેમાં અર્થ અને કામના ઉપદેશનું બ્હાનું દેખાડાય છે. આ વાત પ્રમાણિકપણે અને સત્ય રીતે રજુ થાય છે, કે કેમ તે એક પ્રશ્ન છે. સાધુઓ માત્ર દીક્ષાનો ઉપદેશજ આપી શકે; તે માત્ર ગૃહસ્થના આત્મ કલ્યાણ માટેજ અંગુલિ નિર્દેશ કરી શકે; આ વાત સત્ય હોય તો પણ આ વસ્તુ દંભથી ઉચ્ચારવામાં આવે છે. જે સમાજના નામે, જે સમાજના ધર્મના નામે અને જે રીતે આ વસ્તુ રજુ કરવામાં આવે છે, તે ખાસ ગંભિર વિચારણા માગે છે.

જે સમાજ સાધુ સંસ્થાને નિભાવી રહ્યો છે, તેના ઐહિક અને પારલૌકિક કલ્યાણમાં તેમજ તેના આર્થિક વિકાસમાંજ તે સંસ્થા નભવાનું બળ છે, તેની તો કોઈજ ના ન પાડી શકે. સમાજને કોકરે મારી સાધુ સંસ્થા દીર્ઘકાળ જીવંત નજ રહી શકે; સમાજ સાથે જે સંસ્થા સમાજપર નભે છે તે સંસ્થાને કાંઈ પણ લેવા દેવા ન હોય તેવું બનેજ નહીં. પારલૌકિક કલ્યાણની અભિલાષાવાળા સમક્ષ દીક્ષાનો પ્રશ્ન મૂકવામાં આવે તે સામા કોઈને કાંઈ વાંધો નજ હોય; પરંતુ ગૃહસ્થ ધર્મનો તેમાં છેદ ઉડાવવામાં આવે, ધર્મના નીતિ નિયમો પ્રતિ બેદરકારી બતાવવામાં આવે, ગૃહસ્થ જીવનની કક્ષાને ઉચ્ચ બનાવવા પ્રતિ ઉપેક્ષા ધરાવાય અને સમાજની આર્થિક સ્થિતિ પ્રતિ આંખ આડા કાન કરવામાં આવે તો આજે સાધુ સંસ્થા 'આપ કુહાડા પગપર' એ વસ્તુસ્થિતિ નોતરી રહ્યા છે. આજે આપણામાં નીતિમય જીવન જેવું કાંઈ નથી. તેવું જીવન માગનાર ધર્મી કે આસ્તિક ગણાય એ પોષણ છે; આજે અનીતિવાન પણ ક્રિયા કાંડી હોય તો તે ધર્મી અને આસ્તિક ગણાય છે. દીક્ષાના મોહમાં તણાઈ સમાજના નીતિમય જીવનને છોડી ઉડાવી દેવો; તેમાં આપઘાત નહીં તો બીજું શું છે? જે સમાજમાં નીતિવાન અને પ્રમાણિક ગૃહસ્થોજ ન હોય તે સમાજ પ્રમાણિક અને પ્રતાપવાન સાધુઓની ભેટ ક્યાંથીજ આપે? અને તેવા સાધુઓ ન હોય તો સમાજપર પ્રતિભા કે પ્રભાવ પણ ક્યાંથીજ પડી શકે!

આજે તો 'મારે તેની તલવાર' નો યુગ છે. આજે તો 'જીવન મરણ' ના પ્રશ્નો આંખ સામા પડયા છે. આજે તો આપણું 'અસ્તિત્વ' ટકાવવું એજ મુખ્ય પ્રશ્ન છે. આ મુળ પ્રશ્ન છોડી દેવામાં આવે તો સમાજ છિન્ન ભિન્ન થઈ જાય, અને તેમ થાય તો પછી સાધુનું સ્થાન કોના પર રહેવાનું છે? આપણા માટે ધર્મ અને સામાજિક શરમને અંગે અનેક ધંધાઓ બંધ થયેલાં છે; પરંતુ કમાણીના ધંધા કરતા ધનિકોનાં માન અને તે ધંધા પર નભી તાગડધિન્ના કરતા સાધુઓ પણ કરે છે જ્યારે નીતિમય જીવન ગાળતા અને સામાન્ય ધંધા કરતા આમ વર્ગની તેજ સાધુઓ ઉપેક્ષા કરે છે. આ વસ્તુના મૂળમાં શું હોઈ શકે તે પણ તેટલુંજ વિચારણીય છે. સામાન્ય માણસો તેવી કોટીના કંઈ ધંધો કરવા જાય તો તેના પર ઘા કરવા સમાજ અને સાધુઓ તૈયાર છે; પરંતુ ધનિકો કમાણીના ધંધા કરે તેના પેટા ધંધા કરી કમાતા અન્ય ધનિકો માટે સમાજ કે સાધુઓ કાંઈ કરી શકતા નથી. કારણ શું છે? સમાજની નીતિ, બળ, હિંમત, નૈતિક હિંમત, નિડરતા, અને કલ્યાણનું માપ આ પ્રશ્ન આપે છે.

લોર્ડ કર્ઝનના સમયમાં હિન્દનો અર્ધો વેપાર જૈનોના હાથમાંથી પસાર થતો હતો, આજે ત્રીસ વર્ષ પછી હિંદનો ત્રીજા ભાગનો વેપાર પણ જૈનોના હાથમાંથી પસાર થાય છે કે કેમ તે એક પ્રશ્ન છે. આપણા હાથમાંથી જે વેપાર સરી પડયા અને જે થોડા ધંધા વિનાના થઈ પડયા તેમની આર્થિક દશા સુધારવા સમાજે કંઈ કર્યું છે ખરૂં? સમાજની તે માટે ફરજ છે ખરી? સમાજમાં દીપ પર નભતા લોકોની સંખ્યા વધી છે ખરી? આવી સંખ્યા વધી યા વધતી હોય તો તે અટકાવવા શું કરવું તે સમાજનો પ્રશ્ન છે ખરો? સમાજની દયાપર નભવાનો હક્ક અપંગ, અશક્ત અને નિરાધારનો છે, છતાંય અનેક સશક્ત માણસો આવી રીતે નભે છે તે પ્રશ્ન ગંભીર વિચારણા નથી માગતો? આ સ્થિતિ પ્રત્યક્ષ હોવા છતાં પ્રમાણિક કામ કરી પોતાનું ગુજરાન ચલાવવા માગતા, માણસની સ્થિતિ સુધારવા કેળવણીની સંસ્થાઓ દ્વારા માણસ કાયમની કમાવાની તાકાત મેળવે તેમ કરવામાં કયો અધર્મ હોઈ શકે તેજ સમજાતું નથી. સમાજમાં અનેક માણસોને ભીખ માગવી પડે તે સમાજને માટે શરમ ભરેલું છે; પરંતુ તેવા માણસો સમાજમાં ન વધી પડે તે અર્થે કેળવણી દ્વારા, અન્ય ગૃહઉદ્યોગો દ્વારા કે અન્ય ઉપાયો દ્વારા સમાજ પોતાના માણસોની કમાવાની શક્તિ વધારે તે ઇષ્ટ છે, કેમકે તેથી સમાજમાં સ્વાશ્રયી, સ્વતંત્ર અને પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ નીપજશે. આમાં અર્થ કામનો ઉપદેશ નથી; પરંતુ સમાજની ઉન્નતિનો-તેના ભાવિનો શુદ્ધ પ્રશ્ન છે; સામાજિક વિકાસનો, તેની શુદ્ધિનો પ્રશ્ન છે. સમાજમાં સ્વાશ્રયી, સ્વતંત્ર અને પ્રભાવશાળી વ્યક્તિઓ હશે તો તેમાંની કોઈક વ્યક્તિ સાધુ તરીકે થશે તો તે જરૂર સમાજ પર પોતાની છાપ પાડી શકશે.

આત્મકલ્યાણ કે પરકલ્યાણ કોણ કરી શકે તે માટે શાસ્ત્રમાં એક વચન છે. 'કમ્મે શૂરા સો ધમ્મે શૂરા' અર્થાત જે કાર્યમાં શૂરવીર છે તે ધર્મમાં પણ શૂરવીર છે, તેનો અર્થ એ નથી કે જે પાપ કર્મમાં શૂરવીર છે તે ધર્મ કર્મમાં શૂરવીર છે, જો કે ઘણા આંકડા એવા દ્રષ્ટાંતો છે કે જે ગુઢ પાપી હતા તે ઘડીના છઠ્ઠા ભાગમાં ધર્મમાં આવી આત્મ કલ્યાણ કરી ગયા. પરંતુ તેનો મૂળ ભાવ તો એ છે કે જે વીર્યવાન છે, સત્વશાળી છે, સ્વાશ્રયી છે, જે નિર્વાહ મેળવવા અને તેનો ઉપભોગ કરવા સ્વતંત્ર અને શક્તિસંપન્ન છે તેજ ધર્મના આચરણ માટે અને તેના પ્રચાર માટે પુર્ણ લાયક છે.

ભ૦ મહાવીરને આપણે 'લોકોત્તર' પુરૂષ માની તેમના જીવનમાંથી કાંઈપણ લેવાની ના પાડીએ છીએ. ભ૦ મહાવીર પણ આપણા જેવાજ હતા, પરંતુ તેમનો આત્મા વીર્યવાન અને સત્વશીલ હતો, અને પરિણામે તેઓ પરમાત્મા બન્યા. તેમણે ધર્મનો ઉપદેશ આપ્યો તે વાત પણ સાચી; તેમણે સાધુ અને ગૃહસ્થ સંઘ બનાવ્યા તે વાત પણ સાચી, પરંતુ તેમના અને આજના સાધુઓના ઉપદેશ વચ્ચે કેટલું અંતર છે! ભ૦ મહાવીર તો ટુંકમાં સાધુ અને ગૃહસ્થ ધર્મનો ઉપદેશ આપી તેમાં રહેલ ભાવ અને તીવ્ર તાપ સમજાવતા, ત્યારબાદ જેને જેવો ભાવ થાય તેવાં વ્રત આપતા. આ વ્રતો નસાડી

## નવો ફાલ.

**શત્રુંજયોદ્ધારક સમરસિંહ :** લેખક શ્રીયુત નાગકુમાર મકાતી બી. એ. એલ. એલ. બી. સદ્ગતશ્રી જૈન જ્યોતિ પ્રકાશક: શ્રીયુત ધીરજલાલ ટોકરશી શાહ, જ્યોતિ કાર્યાલય, હવેલીની પોળ, રાયપુર અમદાવાદ. કિંમત ૦-૧૩-૦

શ્રીયુત મકાતીએ ' જૈન જ્યોતિ ' માસિકમાં હપ્તે હપ્તે લખેલી આ વાર્તા પુસ્તક રૂપે જ્યોતિ કાર્યાલય તરફથી બહાર પડી છે. પરમ પવિત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના સોળ મહાન ઉદ્ધારકો થઇ ગયા તેમાં સમરશા પંદરમા ઉદ્ધારક હતા. રા. મકાતીએ ભારે જહેમત ઉઠાવી, તેમના જીવન ઉપર સર્ચલાઇટ ફેંકી જૈન સાહિત્યમાં અનોખી ભાત પાડી છે.

કુબેરના ધન ભંડારો હોય, સર્વ પ્રકારની સત્તા હોય, સમૃદ્ધિ હોય છતાં તીર્થનો ઉદ્ધાર નથી થઇ શકતો પણ અડગ ધૈર્ય, નિશ્ચય, યુવાનીનો અદમ્ય ઉત્સાહ, આપભોગની તમન્ના, વ્યવહાર દક્ષતા, અને શુરવીરતાજ આવા કાર્યો તરફ પ્રેરે છે. સમરસિંહની દૃઢ પ્રતિજ્ઞા, અલપખાન જેવા યવનનો મિત્રપ્રેમ, અને પ્રતિજ્ઞાપાલન મૃણાલનો બ્હાલસોયો પતિપ્રેમ, પવિત્ર તીર્થનો ઉદ્ધાર ન થાય ત્યાં સુધી બ્રહ્મચારિણી રહેવાની આર્ય લલનાની અડગપ્રતિજ્ઞા વગેરે વસ્તુ ગુંથણીનું આમાં સરળ રીતે આલેખન કરવામાં આવ્યું છે. છતાં રા. મકાતીને અમે એક સૂચના તો જરૂર કરીએ છીએ કે તેઓથી ભાવાનો સમન્વય સાધી શકયા નથી. સંયમ પ્રયોગના પરિચ્છેદમાં "મૃણાલે એકદમ સફેદ સાદાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થયેલી મૃણાલનું સૌંદર્ય તેને અલૌકિક લાગ્યું." સફેદ અને રંગબેરંગી વસ્ત્રોનો સમન્વય કઇ રીતે થઇ શકે. અમે ઇચ્છીએ છીએ કે રા. મકાતી આ બાબત તરફ જરૂર ધ્યાન આપશે.

જ્યોતિ કાર્યાલય તરફથી રા. ધીરજલાલે આવાં પુસ્તકો બહાર લાવી જૈન સમાજ અને સાહિત્યની ન ભૂલી શકાય તેવી સેવા કરી છે તે બદલ અમે ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી.

---

ભગાડીને નહીં, ઉપાશ્રયના ખૂણે નહીં. પોતાના ખાંધિયા એવા સંઘ સમક્ષ નહીં, પરંતુ પર્ષદાની સમક્ષ આપતા. ભ૦ મહાવીર દીક્ષા લેનારને રજા લેવા મોકલતા ન હતા તે વાત બરાબર છે; પરંતુ ભ૦ મહાવીર કેવળજ્ઞાની હતા, સર્વજ્ઞ હતા અને જેમને તેમણે વ્રતો આપ્યાં તે નાના કે યુવાનો ન્હોતાં; તેઓ બધાંય પોતાનો ભાર પોતાના વારસોને સોંપેલો એવા હતા. ભ૦ મહાવીર પછી ગણધર ગૌતમ અને સુધર્માએ દીક્ષાઓ કેમ આપી તેનાં દૃષ્ટાંતો શાસ્ત્રોના પાને છેજ. મેતાર્ય અતિમુક્ત, જંબુસ્વામી, શાલીભદ્ર અને ધન્નો આદિને તેમણે રજા લેવા મોકલ્યાજ હતા, વડીલ કે તેના લાગતા વળગતાની રજા ન લેવાય તો બીજો વ્રતનો ચોક્ખો ભંગ ગણાય અને તે ઉપરાંત તે કારણે અન્ય જનોનાં રક્ષાબુને ગાય આવે તે તે સમજતા અને તદનુસાર આચરણ કરતા. આજના આપણા સાધુઓ તો ગણધર, ગૌતમ અને સુધર્મા કરતા પણ વધુ જ્ઞાન સંપન્ન છે, કેમકે તેમને તેમના આચાર પાળવા નથી અને ધર્મી મનાવું છે અને ધર્મના ઇજારદાર બનવું છે! તેમને તો ભ૦ મહાવીરનો આચાર સ્વીકાર્ય છે. કારણ કે તેઓ ભ૦ મહાવીરની જેટલા જ્ઞાનવાન, પ્રતિભાવાન, ઓજસ્વી, તપસ્વી, ધ્યાની અને વિતરાગ છે !!

ચી.

## એક પત્રનો જવાબ.

ભાઇશ્રી !

તમારા પત્ર પછી સિદ્ધાંત અને તેની મર્યાદા વિષે વિચારો આગ્રહજ કરે છે. વ્યક્તિ અને સમુદાય માટે ધર્મની વ્યાખ્યા ભલે એક હોય, પણ અમલ વ્યવહારની મર્યાદા સૌની નોખી નોખી હોય છે; તમારા પત્રમાંજ તમે ઉલ્લેખ કર્યું છે કે અમુક વર્ગ કે વ્યક્તિ પ્રતિ-ઘૃણા નજ હોવી જોઇએ, અને મેં પણ એજ આશય લેખમાં બતાવેલ છે એ તમે જોશો: બાકી મુડીવાદ કે શ્રીમંતાઇ પ્રતિ-ઘૃણા ઉપજે તે તો સ્વાભાવિકજ છે.

અત્યારે યુવાનોનું માનસ કંઇક કરવા ચાહે છે. રૂશીયાના યુવાનોએ ભૂલ કરી કે કેમ તે અત્યારે આપણે કેમ કહી શકીએ! એવા અનેકવિધ ભૂલોમાંથી યુવાનોનું બળ અને પુરૂષાર્થ કેળવવાના છે. એવી અનેક ભૂલો ક્ષંતવ્ય ગણાશે. મ્હારો કહેવાનો આશય એ પણ છે કે સામ્રાજ્યવાદી અને મુડીવાદના પાપે યુવાન જગતને કેટલુંય અનિચ્છાએ કાર્ય કરવાનું હોય છે, કેટલુંક ત્વરીત ગતિયે અને કેટલુંક પ્રોપગન્ડા ખાતર કરવું પડે છે. કારણ એ ક્ષંતવ્ય ગણાશે.

સેવા અને દાનની વ્યાખ્યા વિષે તમે ઠીક લખ્યું છે, અને ખરેજ સેવાની ઉત્પત્તિ તમે કહો છો તેમ જીવનની અવ્યવસ્થામાંથીજ જન્મી છે; પણ મ્હને લાગે છે કે દાન અને સેવા એ સમાજ ધર્મના અંગો કે-અવશેષો છે, અને હંમેશા રહેવાના. દાન અને સેવા પાછળ કંઇ દરેક વેળા અહં સ્વાર્થ કે કુટિલતા નથી હોતા. રૂઢીની પરાધિનતાને લઇ એ બધું કોઇક વેળા જન્મે છે; પણ મોટે ભાગે તો દાન અને સેવા ભાવનામાં શ્રદ્ધા, પ્રેમ અને નિઃસ્વાર્થ વૃત્તિના પ્રવાહજ હોય છે. સામાજીક સ્થિતિમાં અને મર્યાદામાં રહેનાર જન સમૂહનો મોટો ભાગ ઉપરોક્ત બન્નેજ પુરૂષાર્થ અને મોક્ષ સાધી રહેલ છે. આ મોક્ષ, તે પરલોકનો કે મોત પછીનો નહિં, પણ આ દેહ અને તેનો સંસાર અમૃતમય બનાવવા માટે મુખ્યતઃ છે. એટલે માણસે પોતાની શક્તિ-મર્યાદા પ્રમાણે બંધનો તોડવા જોઇએ. આમ કરનારને કોઇ દાન કહે, કોઇ સેવા કહે, વસ્તુતઃ આ બધા નામો મનુષ્યની આત્મ ભાવનાના પૂરક છે. એને જો શ્રમ, ઉપાસના અને અપરિગ્રહ સ્વીકારાય તો જીવનની અત્યારની અવ્યવસ્થા અને અજ્ઞાનતાને દૂર કરવામાં યથાશક્તિ હિસ્સો પૂર્ણ લેખાશે; કે જેથી જગતને કેટલો લાભ થયો એ પ્રત્યક્ષ દેખાય, પણ એવા દાની, સેવાભાવી, ત્યાગી કે યોગીને તો જરૂર આત્મશાંતિ મળેજ. તેના પોતામાં તો જરૂર વ્યવસ્થા અને શાંતિ આવેજ. ' અહિંસા ધર્મને કેટલાક ધર્મ ગુરુઓએ વધારે પામર કરી મુકેલ છે, અને જૈનોએ સવિશેષે.' આ હું સ્વિકારું છું, છતાં એજ જૈન જનતામાંથી અત્યારના અહિંસક આન્દોલનો, અનેક હંગામ રહેલી વ્યક્તિઓ અને શક્તિઓને બહાર લાવશેજ, અને અહિંસા ધર્મને દીપાવશે. દેહ માત્ર પાપ છે, વાસના મુક્ત છે, છતાં એ દેહ વડેજ, દેહ મુક્તિ સાધી શકાય છે, તેમ દાન-દયા, સેવા કે ત્યાગ, અર્પણ, ભોગ અને સ્વાર્પણ, એ બધા અત્યારના સમાજ ધર્મના આવશ્યક અંગો હોઇને, તેનું શુદ્ધ અંગીકરણ કરવું જોઇએ. એને એવા શુદ્ધ સેવક બના પ્રયત્ન કરતો રહેજો. ...

લી૦ × × ના વંદન.

# हिन्दी विभाग.

## हाथीदांत का चूड़ा.

(लेखक:—माणिकलाल अमोलकचन्द्र भटेवरा.)

हमारे बापदादा जो कुछ करते आये हैं, भले ही अब वह अच्छा हो या बुरा, उन्हों ने समझ कर किया हो या भूल से, अब उसकी आवश्यकता हो या न; ऐसी प्रथाओं से हमारा धर्म रहता हो या जाता; और यह क्यों है इसका हमें ज्ञान हो या न; परन्तु उस लकीर को बराबर पकड़े रहना हमने धर्म समझ रक्खा है। पुराने विचार के लोगों का कहना है—कि हमारे बुजुर्ग जो कुछ करते आये हैं वह ठीक ही है। वह मूर्ख थोड़े ही थे, आजकल तुम्हें क्या मालूम? हम बुद्धि उस से विपरीत करें, तो बापदादाओं को मूर्ख बनायें न? युवक भी तो अपने बापदादाओं को मूर्ख नहीं ठहराते। वे मानते हैं कि वे बड़े बुद्धिशाली एवं समयानुसार कार्य चलाने वाले बुजुर्ग थे, और प्रत्येक पद्धति को वे किसी उद्देश से चलाते थे, परन्तु वह जो कुछ भी कर गये हों वह सब ठीक ही है, और वह भूल कर ही नहीं सकते थे, ऐसा नहीं।

लिखने का तात्पर्य केवल इतना है कि हम अपनी बुद्धि को थोड़ा सा कष्ट दें। और अच्छी प्रकार सोच समझ कर कार्य करें। भले ही वह पुरानी पद्धति के अनुसार हो या उसमें कुछ नवीनता हो। यह कोई नहीं कहता कि बापदादों की सारी ही बातें छोड़ दो, लेकिन जो समाज व धर्म के लिए जहर बन चुकी हों कम से कम उन्हे तो छूने से भी डरना हमारा कर्तव्य है।

ऐसी ही एक प्रथा हमारे मारवाड़ देश की पूज्य देवियों में बापदादाओं से चली आ रही है। मारवाड़ की देवियां हाथीदांत की चूड़िया एक सौभाग्य सूचक चिन्ह समझती है। और बड़े ही चाव से हाथों में प्राय: कन्धे से लगाकर कलई तक पन्द्रह-पन्द्रह, बीस-बीस पहनती है। न जाने इस से कोई बुद्धि विशेष या सुन्दरता का भास होता हो? सच्ची सुन्दरता सच्ची शोभा तो ज्ञान में और शील धर्म में है, न कि इन गहनों में। फिर भला हाथों को इन से कस-कर हमेशा के लिये क्यों कमजोर बना लिया जाय। और भी हाथों में हाथीदांत के चूड़ो न होना एक अशुभ चिन्ह माना जाता है। यदि इस मान्यता में कुछ भी सत्यता का अंश प्रतीत होता हो तो गुजरात, दक्षन, बंगाल, पञ्जाब और राजपुताना में भी कई प्रान्तों में तथा अन्य देशों में जहाँ कि इस प्रथा का विस्तार नहीं है वहां कि स्त्री-समाज तो सौभाग्य और सुन्दरता हीन ही होगी? या विना इस के प्रयोग किये वहाँ की स्त्रीयों का विवाह मंगलोत्सव होता ही नहीं होगा? इस का उपयोग न करने वाली जातियाँ तो अशुभ ही समझी जाती होगी? नहीं, नहीं, स्वप्न में भी नहीं, हम प्रत्यक्ष देखते है और यह सत्य भी है कि वहाँ के पुरुष हमारी अपेक्षा अधिक बलशाली व दीर्घायु है। फिर ऐसा वहम रखने से क्या लाभ?

प्राचीन ऐतिहासिक व शास्त्रोक्त बातों को श्रवण करने से पता लगता है कि इष्टदेव व शंखेश्वरीदेवी हम पर अति ही तुष्टमान थी और इसके परिणाम स्वरुप हम भी सब प्रकार से प्रतिष्ठित थे पर अब दुनिया के तले दबे हुए हैं कारण कि स्त्री–समाज हाथों में चूड़े बंगड़ियाँ डालकर मन्दिर जैसे पवित्र स्थानों में जाकर आशातना का कारण बनती है जिस के फल-स्वरूप देवी देवता भी हम पर से शुभ-दृष्टि खिंच कर देते हैं इसी से तो हम अज्ञान के गहरे गह्वर में गर्त हैं। हमारे आंख होते हुए हम अन्धे है। कान होते हुए भी वीर-वचनों का श्रवण करते हुवे भी बहरे बने हुवे हैं।

हृदय होते हुए भी शुभा शुभ का भेद मालूम नहीं कर सकते। पुरुष नाम धराते हुए भी पुरुषार्थ खो दिया। धर्म, समाज व देश के प्रतिपालक व स्तम्भ स्वरूप पुरुषों की जन्म-दात्री स्त्री-समाज के होते हुए भी देश समाज व धर्म की शोचनीय अवस्था हो रही है। कारण एक मात्र हमारी आत्मा का अनुत्थान क्यों कि आत्मोन्नति के मार्ग में पड़े हुए है हिंसारूपी कांटे। इस में कोई संशय नहीं कि तुम इस चूड़े से होनेवाली हिंसा को बन्द कर, इतने मूक प्राणियों की रक्षाकर उनकी शुभाशीष ले अपनी उन्नति न कर सको?

(अपूर्ण)

---

### જૈન શિક્ષણ સંસ્થાઓને.

આખી જૈન સમાજના તમામ ફીરકાની શાળાઓ, પાઠશાળાઓ, આશ્રમો, વિદ્યાલયો, ગુરૂકુળો અને શિક્ષણ સંસ્થાઓને જણાવવાનું કે જૈન જ્યોતિ માસિકનો આસો માસનો અંક **ખાસ શિક્ષણાંક** તરીકે પ્રગટ થવાનો છે. તેમાં દરેક સંસ્થાનો પરિચય આપવાનો છે તે માટે ખાસ ફોર્મ કાઢવામાં આવ્યા છે, તો બે પૈસાની ટીકીટ બીડી દરેક સંસ્થાએ નીચેના સરનામેથી તરત મંગાવી લઇ ભરી મોકલી આપવાં.

**જ્યોતિ કાર્યાલય.**
હવેલીની પોળ, રાયપુર અમદાવાદ.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.